Anoopam Mission

# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે

જૂન ૨૦૧૯ * વર્ષ ૩૪ * અંક ૩



તીર્થધામ જૂનાગઢમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા
નિર્મિત ભવ્ય શિખર સંપન્ન મંદિરમાં બિરાજમાન
શ્રી રણછોડજી ત્રિકમજી - શ્રી રાધારમણ દેવને અનંત સાષ્ટાંગ પ્રણામ !

# ગુણાતીત કુલસકલના ભવ્ય ઘડવૈયા
# બ્રહ્મસ્વરૂપ કાકાશ્રીને અનંત કોટિ
# ભક્તિભીનાં હૃદયવંદન !





**શ્રી** અક્ષરપુરુષોત્તમ ઉપાસના જેનો જીવનમંત્ર છે, જ્યાં દૃષ્ટિમાં નિર્દોષભાવનાં અમૃત છે અને હૃદયમાં સુહૃદભાવની ગંગા છે, જ્યાં ગુરુરૂપ પ્રગટ હરિની પ્રસન્નતા જીવનધ્યેય છે ને સદા સર્વ માટે કલ્યાણમંગલની પ્રાર્થના અવિરત વહે છે તેવા દિવ્ય ગુણાતીત સમાજના ભવ્ય ઘડવૈયા બ્રહ્મવિદ્ બ્રહ્મસ્વરૂપ કાકાશ્રીને પ્રાકટ્યમંગલે ભક્તિભીના હૃદયનાં અનંત કોટિ વંદન છે, સાષ્ટાંગ પ્રણામ છે !

શ્રી દાદુભાઈ નાથાભાઈ પટેલ – આપણા સૌના ગુરુહરિ કાકાશ્રી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના રૂપ મૂળ અધ્યાત્મધારાની એક મહાન વિરલ વિભૂતિ !

શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના મહાપ્રવર્તનના ઈતિહાસમાં શિરોમણિ બ્રહ્મવિભૂતિ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ અને ગુરુહરિ યોગીજી મહારાજની અંતરંગ આધ્યાત્મિક રુચિ, રહસ્ય અને અભિપ્રાયને જાણનારા અને તદ્ છતાં કલ્પનાતીત દાસત્વભક્તિએ યુક્ત નિર્દોષભાવે શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના દિવ્ય કાર્યના વાહક કાકાશ્રીના યુગકાર્યનું મહાદર્શન આવનારા કાળખંડમાં હજુ વધુ અને વિશેષ થશે.

આ પૃથ્વી પર મનુષ્યના અસ્તિત્વનાં મુખ્ય બે પરિમાણો છે: એક સ્થૂળ શારીરિક અસ્તિત્વ, અને બીજું, સૂક્ષ્મ અસ્તિત્વ; જે મનુષ્યની માન્યતા, અભિગમ, સન્માન અને અસ્મિતાથી ઘડાતું–પોષાતું હોય છે. ઉપરછલ્લી દૃષ્ટિએ મનુષ્ય શરીરમાં પ્રાણ હોવાને અસ્તિત્વનું હોવું કહેવાતું છતાંય, આપણા અનુભવ અનુસાર મનુષ્યના સૂક્ષ્મ અસ્તિત્વનાં પ્રભાવ, મહત્તા અને પોષણ અનિવાર્યપણે વિશેષ મહત્ત્વ ધરાવે છે, અને બહુધા મનુષ્યના સ્થૂળ અસ્તિત્વને ઘેરી અને ગંભીર અસર પણ કરે છે.

ગુરુહરિ કાકાશ્રીએ પોતાના સ્થૂળ દેહરૂપી અસ્તિત્વને તો ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ અને ગુરુહરિ યોગીજી મહારાજના અનન્ય દાસ રૂપે સમર્પિત કર્યું જ; પરંતુ, યોગીજી મહારાજના સંકલ્પમાં, તેઓની અંતરંગ રુચિ અને અભિપ્રાય અર્થે પોતાના સૂક્ષ્મ અસ્તિત્વનું પણ સહજ વિસર્જન કરી દીધું ! અને એ વિસર્જનમાંથી જે અનુપમ સર્જન થયાં તે ભાગવતી દીક્ષાધારી સંતો, બહેનો, એકાંતિક ગૃહસ્થો અને આધ્યાત્મિક ઈતિહાસમાં અજોડ એવા વ્રતધારી ભગવાહૃદયી યુવા સંતો–સાધકો! આ દિવ્ય ચાર પાંખાળા ગુણાતીત સમાજના મૂળમાં યોગીજી મહારાજના દર્શનમાં વિસર્જિત કાકાશ્રી છે.

બારમી જૂન – બ્રહ્મસ્વરૂપ કાકાશ્રીનો પ્રાગટ્યમંગલ દિન ! એક શતાબ્દી પૂર્વે આ દિવસે કાકાશ્રીના દેહસ્વરૂપે પ્રભુની પરમ શક્તિ, એક દિવ્ય તત્ત્વ આ પૃથ્વી પર એક આધ્યાત્મિક ઉત્ક્રાંતિના વાહક અને પોષક રૂપે પ્રાદુર્ભાવ પામ્યું! અનેક અર્થમાં, તેથી, બારમી જૂન એ આધ્યાત્મિક ઉત્ક્રાંતિ દિવસ છે, મહામંગલમય અને કલ્યાણકારી છે. આમ પણ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય માટે વૈશાખ મહિનો, શ્રી ગુણાતીત સમાજના ઈતિહાસમાં જૂન/વૈશાખ મહિનો અનેક યુગકાર્યનાં બીજ–રોપણનો મહિનો છે, મહિમાવંત મહિનો છે. અને પછી તો, પ્રાર્થના રૂપે અષાઢ–શ્રાવણ–ભાદરવો વરસે છે ને એ યુગકાર્યનાં બીજ અંકુરિત થઈ આજે ફળદાયી ભવ્ય વૃક્ષરૂપે પાંગર્યાં છે. એના રૂડા ને અક્ષુણ્ણ ઈતિહાસ લખાશે. અને એ લખાશે ત્યારે ગુરુહરિ કાકાશ્રીને એ ઈતિહાસ પણ અશ્રુભીની આંખે ભક્તિસભર અંજલિ–વંદના ધરશે ! ◆

~ ડૉ. મનોજ સોની



# શ્રીજી મહારાજ દ્વારા નિર્મિત પ્રાસાદિક જૂનાગઢના મંદિરની અનુપમ ગાથા

**નામ** પ્રમાણે અતિ પ્રાચીન જૂનાગઢ, એ શાસ્ત્રોમાં જીર્ણદુર્ગ તરીકે પણ પ્રચલિત છે. જૂનાગઢના કણેકણમાં આધ્યાત્મિકતા મહેકે છે. આ ઐતિહાસિક શહેરમાં શ્રીજી મહારાજે સત્સંગ કરાવ્યો અને ભક્તોના ભાવથી મંદિર નિર્માણ કરવાનો પણ સંકલ્પ કર્યો. પોતાની અનેક વિશિષ્ટતા અને નૈસર્ગિક સૌંદર્યથી સભર જૂનાગઢ અનાદિ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના સંબંધે વધુ પુણ્યશાળી, પવિત્ર અને પ્રાસાદિક બન્યું. શ્રીજી મહારાજે સોરઠના ભક્તોને સત્સંગ કરવા જૂનાગઢના માધ્યમથી મંદિર અને ગુણાતીત સાધુની અલૌકિક ભેટ આપી. અને એ આખો ઈતિહાસ અદ્‌ભુત છે.

વિક્રમ સંવત ૧૮૮૨ના વર્ષનો આરંભ થયો. અમદાવાદ, ભુજ અને વડતાલનાં મંદિર નિર્માણ થઈ ચૂક્યાં હતાં. શ્રીજી મહારાજ ગઢડા બિરાજમાન હતા. સ્વાભાવિક સૌ ભક્તો દૂરદૂરથી તેમના દર્શને આવતા. અને એ જ રીતે એક દિવસ પંચાળાના ઠાકોર ઝીણાભાઈ દરબાર પ્રભુનાં દર્શનાર્થે પધાર્યા. સોરઠમાં પણ સત્સંગનો વિકાસ થાય તે હેતુથી જૂનાગઢમાં મંદિર થાય તેવા ભાવ અને સંકલ્પ સાથે પધારેલ ઝીણાભાઈએ પોતાની ભાવના શ્રીજી મહારાજ પાસે વ્યક્ત કરી. જૂનાગઢની પોતાના ઉતારાની જમીન અને જરૂર પડે તો પોતાની વાડી પણ મંદિર માટે અર્પણ કરી દેવાની તૈયારી ઝીણાભાઈએ દર્શાવી. સ્થાન વગર પ્રભુભક્તિ થવી અને તે અખંડ રહેવી એ મુશ્કેલ છે તેથી સ્થાન કરવા ઝીણાભાઈએ મહારાજને આજીજી કરી. ભક્તના ભાવ અને સમસ્તીના કલ્યાણ માટેના સંકલ્પથી પ્રભુ ખૂબ રાજી થયા અને તેઓએ ઝીણાભાઈને જૂનાગઢમાં મંદિર કરવાનું વચન આપ્યું.

ત્યારબાદ મહારાજે સભા બોલાવી અને ઝીણાભાઈના સમર્પણની વાતો કરી. પછી, જૂનાગઢમાં મંદિર કરવા મહારાજે સંતોને તૈયાર થવા કહ્યું પણ, જૂનાગઢની વિષમ પરિસ્થિતિને પરિણામે કોઈ સ્વેચ્છાએ જવા તૈયાર ન થયું. તે સભામાં આજ્ઞાકારી ગુણાતીતાનંદ સ્વામી પણ બિરાજમાન હતા. તેથી, મહારાજે અતિ કરુણાકારી પ્રેમ વરસાવતાં કહ્યું કે, આ મંદિર નિર્માણ તો અમારા નિર્ગુણાનંદ સ્વામી જેવા બળિયાનું જ કામ ! આ સાંભળી ગુણાતીતાનંદ સ્વામીએ તરત જ જૂનાગઢની વાટ પકડવા તૈયારી બતાવી, તેથી મહારાજ પણ અતિ પ્રસન્ન થયા. પરંતુ, દાસવૃત્તિ તેમજ અનાસક્તભાવના ધારક ગુણાતીતાનંદ સ્વામીને રાજ્યની સાથે વ્યવહાર કરવા, મદદ મેળવવા કોઈ સદ્‌ગુરુ સંતનો સંગ મળે તેવી સ્વાભાવિક ઈચ્છા હતી. તેથી મહારાજે તેઓ સાથે બ્રહ્માનંદ સ્વામીને મોકલ્યા. લૌકિક રીતે ગુણાતીતાનંદ સ્વામીનું સોરઠમાં પધારવું એ સામાન્ય મંદિર નિર્માણના કાર્ય પૂરતું સીમિત ન હતું પરંતુ, ગુણાતીત ભાવ પ્રગટાવવા, સંબંધ આપી સૌનું કલ્યાણ કરવા, શ્રીજી મહારાજની સર્વોપરિતા પ્રસરાવવા અને સોરઠમાં ગુણાતીત જ્ઞાનનો સૂરજ પ્રકાશિત કરવા શ્રીજી મહારાજે તેઓને ત્યાં મોકલ્યા. તેમની કાર્યશક્તિ અને તેમની અનાદિ ગુણાતીત અવસ્થાથી જગત વાકેફ થાય એ પણ મહારાજનો માર્મિક ઉદ્દેશ હતો.

ગુણાતીતાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી સાથે મહારાજે ગોંડલના રત્ના મિસ્ત્રીને સેવામાં મોકલ્યા. મિસ્ત્રીએ શિખરનું કામ પૂર્વે ક્યારેય કર્યું ન હતું, તેથી તેને મનમાં દુવિધા હતી કે, આવું મોટું કામ તેમનાથી શક્ય થશે

ખરું ? મહારાજે તેમને આશીર્વાદ દીધા એટલે બળ આવ્યું અને વળી, રાત્રે તેમને સ્વપ્નમાં મહારાજે મંદિર બતાવ્યું અને બરાબર એવું જ મંદિર કરવા આજ્ઞા કરી. સવારે જાગ્યા ત્યારે તેઓ મહારાજને મળ્યા અને સ્વપ્નની વાત કરી એટલે મહારાજ હસ્યા ને સંતો તેમજ મિસ્ત્રીને મળ્યા અને ત્રણ શિખરના ભવ્ય મંદિરના નિર્માણની આજ્ઞા કરી.

વળી, આ અરસામાં ધોલેરા મંદિરનું નિર્માણ થઈ ગયું હતું અને મૂર્તિપ્રતિષ્ઠાનો સમૈયો નક્કી થઈ ગયો હતો ત્યારે મહારાજે આ સંતોને જૂનાગઢ મોકલ્યા. થોડા દિવસો પછી ગોપાળાનંદ સ્વામી પણ જૂનાગઢ પહોંચ્યા અને મહારાજની આજ્ઞા હતી કે, જૂનાગઢ મંદિરનું ખાતમુહૂર્ત સવેળા કરી દેવું. તેથી સૌના આગ્રહને વશ સ્વયં ગુણાતીતાનંદ સ્વામીના પાવન કરકમલોથી ગોપાળાનંદ સ્વામીની દિવ્ય ઉપસ્થિતિમાં સંવત ૧૮૮૨ના વૈશાખ સુદ ત્રીજના પાવન દિવસે મંદિરની ખાતવિધિ સંપન્ન થઈ. સ્વયં અક્ષરબ્રહ્મ દ્વારા ઉપાસનાના કાર્યને પૃથ્વીના ફલક પર લાવવા બ્રહ્મવિદ્યાના કેન્દ્ર એવા મંદિર નિર્માણના શુભારંભ થયા. પાયાનું કામ આરંભ કરાવી ગુણાતીતાનંદ સ્વામી, આનંદ સ્વામી અને તેમના મંડળના સંતો કે જેઓને સ્વામીની મદદમાં મહારાજે મોકલ્યા હતા તે સૌ મહારાજનાં દર્શને ગઢડા પધાર્યા.

જૂનાગઢમાં નવાબી રાજ હતું અને વળી, શિવપંથી નાગર બ્રાહ્મણોનું વર્ચસ્વ હતું. નાગરો તરફથી અસહકાર સાંપડતો અને તેમને દ્વેષભાવ એટલો બધો હતો કે, મંદિર નિર્માણનું કાર્ય અટકાવવા તેઓ હંમેશાં કટિબદ્ધ રહેતા. કોઈ ને કોઈ નિમિત્તે મંદિર નિર્માણકાર્યમાં વિઘ્નો ઊભાં કરતા. આ ઉપરાંત, જૂનાગઢના પર્વતમાંથી વહેતું પાણી પચવામાં ભારે હતું તેથી બ્રહ્માનંદ સ્વામીનું તો પેટ જ ફૂલી ગયું. આ પથ્થરિયા પાણીને લીધે સંતોને સ્વાસ્થ્યલક્ષી તકલીફો પણ વધવા લાગી. જૂનાગઢમાં હિંસક પ્રાણીઓનો ભય રહેતો અને જૂનાગઢ આવવા માટેની વાટ પણ વિકટ હતી એટલે કોઈ સાથે સેવામાં પધારતું નહિ.

હવે જ્યારે જેઠ સુદ પૂનમના દિવસે મહારાજની આજ્ઞા ઝીલી ગુણાતીતાનંદ સ્વામી કાયમ માટે જૂનાગઢ જવા નીકળ્યા ત્યારે મહારાજે આશીર્વાદ દીધા કે, 'જૂનાગઢ તમારી સાથે કે મદદમાં કે તમારાં દર્શન-સમાગમ માટે જે આવશે તેમની કરોડ જન્મોની કસર હું એક જન્મે ટાળી દઈશ !' મંદિરનિર્માણની સેવામાં આવા ગુણાતીત સાધુ સાથે જોડાનાર સેવકો માટે તો આ શાશ્વત વરદાન છે ! વળી, મહારાજે પોતે જ તત્ત્વાનંદ સ્વામીને ગુણાતીતાનંદ સ્વામીની જોડ બનાવી જૂનાગઢ મોકલ્યા.

સંતોનાં માર્ગદર્શન અને રૂપશંકરભાઈ, દાદાભાઈ, ગગોભાઈ, ઉમેદસંગભાઈ આદિના સહકારથી જૂનાગઢ મંદિરનો પરથાર સરસ રીતે પૂરો થવા આવ્યો હતો. પણ તે અરસામાં વરસાદ ખેંચાયો હતો તેથી રાજ્યની પ્રજા દુ:ખી હતી. નાગરોએ આનો લાભ ઉઠાવવાની યુક્તિ શોધી કાઢી. તેઓએ નવાબ પાસે જઈને તેમને ઉશ્કેરવાનો પ્રયાસ કર્યો. દ્વેષીઓએ કહ્યું કે, 'સ્વામિનારાયણવાળાને મંદિર કરવા મજૂર જોઈએ અને જો વરસાદ પડે તો તે મળે નહિ. એટલે તેમણે મંદિરના પાયામાં મંત્રેલો હાડકાંનો રેંટિયો પૂર્યો છે એટલે વરસાદ થતો નથી. માટે પાયા ખોદાવો અને તપાસ કરાવો.' વાજબી કારણ દર્શાવતી આ વાત નવાબના ગળે ઊતરી ગઈ. આમ તો નવાબ બહાદુરખાનજી બ્રહ્માનંદ સ્વામીના મિત્ર હતા, તેથી તેમને વિશ્વાસ હતો કે, સ્વપ્નમાંય કોઈનું બૂરું ન ઇચ્છનારા સ્વામિનારાયણ ભગવાનના સાધુ આવું કામ કરે નહિ ! પરંતુ, ફરિયાદ સાંભળી પાકું કરવા તેઓએ બ્રહ્મમુનિને બોલાવ્યા ત્યારે સાથે ગુણાતીતાનંદ સ્વામી પણ આવ્યા. વાત સાંભળી બ્રહ્માનંદ સ્વામીએ સ્પષ્ટ કહ્યું કે, 'જો આ વાત ખોટી ઠરે અને મંદિરના પાયામાંથી હાડકાં ન નીકળે તો પાયાના ખોદાણ, પુરાણ અને ચણતરનો તમામ ખર્ચ ફરિયાદીઓએ આપવો. જો આ મંજૂર હોય તો આવો ! મંદિરના દરવાજા ખુલ્લા છે.' બ્રહ્માનંદ સ્વામીની બુદ્ધિમત્તા અજોડ હતી, જેનાં દર્શન આ પ્રસંગે થયાં. બ્રહ્માનંદ સ્વામીની શરત મંજૂરી માટે નવાબે ફરિયાદીઓને પૂછ્યું પણ કોઈ સામું જોઈ શક્યું જ નહિ, તેઓના હાથ હેઠા પડ્યા ! આ જોઈ નવાબને પણ ખાતરી થઈ કે, નાગરોએ ખૂબ દ્વેષ સંઘરી રાખ્યો છે અને તેમનો આશય મલિન છે.

ત્યારબાદ તો મહારાજે લીલા કરી ! પોતાના સંતો પર જૂનાગઢમાં આવી પડેલી આ ઉપાધિને અંતર્યામીપણે જાણી મહારાજે બ્રહ્માનંદ સ્વામી પર કાગળ લખ્યો કે, 'નવાબને કહેજો કે, આજથી ત્રીજે દિવસે વરસાદ પડશે અને સર્વે સારાં વાનાં થશે.' શ્રીજીના આશીર્વાદથી બન્યું પણ એવું જ કે, ત્રીજે દિવસે વરસાદ પડ્યો. તે જોઈ સ્વામી, સંતો તેમજ નવાબ પણ ખૂબ રાજી થયા. પરંતુ, દ્વેષીઓનો દ્વેષ અગનજ્વાળા સમાન ભભૂકતો હતો. કોઈ ને કોઈ બહાનું શોધી દ્વેષી અમલદારો વિઘ્નો ઊભાં કરતા હતા. સંતો મંદિરનિર્માણનું કામ પડ્યું મૂકી નાસી જાય તેવા પ્રયાસો અને કાવતરાંઓ કરતા. પરંતુ, ગુણાતીતાનંદ સ્વામીની બ્રાહ્મીસ્થિતિ અને બ્રહ્માનંદ સ્વામીની ચપળતાના અનુભવ કરી સૌ કોઈ દંગ રહી જતા. શ્રી સ્વામિનારાયણ ભગવાન અને તેમના સંતો પ્રતિ માન વધતું જતું. કોઈના કોઈ મલિન સંકલ્પો સાકાર થયા નહિ અને મંદિરનું કાર્ય વાયુવેગે સાકાર થવા લાગ્યું.

ત્યારબાદ ગુણાતીતાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને સંતો મહારાજનાં દર્શને ગઢડા પધાર્યા. બ્રહ્માનંદ સ્વામી પ્રબોધિની ઉત્સવ કરી ફરી જૂનાગઢ ગયા. થોડા દિવસો પછી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને જૂનાગઢ જવા રજા આપી, પરંતુ ત્યારે પણ કોઈ તેમની સાથે જવા તૈયાર ન હતું. પછી મહારાજે કાગળ લીધો અને નામ લખવાં શરૂ કર્યાં. પ્રથમ ગુણાતીતાનંદ સ્વામી, પછી આનંદ બ્રહ્મચારી, પછી પુરુષોત્તમદાસ, જોરાભગતનું નામ લખ્યું અને તે સૌ જૂનાગઢ જવા તૈયાર થયા. તે જોઈ નારણદાસ સાધુએ સ્વામી સાથે સેવામાં જવાનો ભાવ પ્રભુચરણે ધર્યો. આ સાંભળી મહારાજે તેઓ પર અંતરનો અનન્ય રાજીપો વરસાવ્યો.

ત્યારબાદ એક પ્રસંગે સૌ કોઈ મહારાજના સાંનિધ્યે ભેગા થયા હતા ત્યારે મહારાજે વિવિધ મંદિરોના મહંત નીમ્યા. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને


શ્રી રાધારમણ દેવ

જણાવ્યું કે, 'મહારાજ આ બધું તો ઠીક, પણ જૂનાગઢના મહંત જરા વિચારીને નીમજો ! કારણ કે, ત્યાં દ્વેષી નાગર અમલદારોનો અસહકાર છે, પ્રદેશ પણ નિર્ધન અને જાડો છે. વિષમ પરિસ્થિતિઓ વચ્ચે મહંતની ફેરવણી કરીએ તે યોગ્ય નહિ માટે સ્થાયી મહંત હોય તો સારું !' બ્રહ્માનંદ સ્વામીની આ વાત પર મહારાજે વિચાર કરી રાખ્યો હતો, એટલે મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને બોલાવ્યા અને પોતે કોટમાં પહેરેલા બધા હાર કાઢી સ્વામીને પહેરાવ્યા અને બોલ્યા કે, 'આ જૂનાગઢના મહંત !' દાસ પ્રકૃતિના ધારક સ્વામીએ વિનમ્રતાથી પ્રભુને કહ્યું કે, 'હું તો સેવક ! મને આ ફાવશે નહિ !' ત્યારે મહારાજ પરભાવમાં આવીને બોલ્યા કે, 'જૂનાગઢની મહંતાઈ ચલાવી શકે તેવો બીજો અહીં કોઈ છે નહિ !' પછી ગોપાળાનંદ સ્વામી, અખંડાનંદ બ્રહ્મચારી અને પરમાનંદ સ્વામીને બતાવીને કહ્યું કે, 'આ ત્રણ તમારું કામ ચલાવશે !' એટલું કહી કુરજી દવેને પોતે વર્ણી સ્વરૂપે જે વર આપ્યો હતો તેની સ્મૃતિ કરાવી અને તે સાકાર કરતાં બોલ્યા કે, 'આ ગુણાતીતાનંદ સ્વામી જે અમારું અક્ષરધામ છે તે અમે સોરઠને કૃષ્ણાર્પણ કરીએ છીએ. સોરઠના મુક્તોને અમે અમારું યથાર્થ સુખ આપી શક્યા નથી તેથી અમારું સર્વસ્વ એવા આ ગુણાતીતાનંદ સ્વામી અમે બક્ષિસ આપીએ છીએ.' આમ, સંવત ૧૮૮૩ની ચૈત્રી પૂનમે શ્રીજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને જૂનાગઢ મંદિરના મહંત નીમ્યા.

ત્યારબાદ ગુણાતીતાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી પાછા જૂનાગઢ આવ્યા. સંતો-ભક્તો તેઓનાં માર્ગદર્શને ઝડપભેર મંદિર નિર્માણના કાર્યમાં લાગી ગયા. મંદિર નિર્માણનું કાર્ય લગભગ સંપન્ન થવા આવ્યું હતું. તે અરસામાં રંગીલદાસ નામે મજમુદાર હતો જે કોઈ કામથી વડોદરા કચેરીમાં આવ્યો હતો. નાગર અમલદારોએ જોયું કે, સ્વામિનારાયણનું મંદિર થવા આવ્યું છે અને મૂર્તિપ્રતિષ્ઠા થઈ જશે તો મંદિર ઉખેડી પાડવું અઘરું બની જશે. એટલે તેમણે ભેગા મળીને રંગીલદાસને પત્ર લખ્યો અને ઊંધું-છતું સમજાવી મંદિર પાડી નાખવા ઉશ્કેર્યો. પત્ર વાંચી ક્રોધે ભરાયેલ રંગીલદાસ મંદિર તોડી પાડવાના સંકલ્પ સાથે મારતે ઘોડે જૂનાગઢ આવવા નીકળ્યો. આ વાત સત્સંગીઓને કાને પડી એટલે તેમણે સંતોને કહી. તે વખતે ગોપાળાનંદ સ્વામી પણ જૂનાગઢમાં બિરાજમાન હતા. બ્રહ્માનંદ સ્વામીએ જ્યારે રંગીલદાસની વાત કહી ત્યારે તે સાંભળી સૌ સંતો અને ભક્તો ચિંતાતુર બન્યા. મંદિર તૂટી પડશે તે વિચારી પ્રભુસહાય મેળવવા પ્રાર્થનામાં જોડાયા. સૌ કોઈ આકુળવ્યાકુળ હતા પરંતુ, ગુણાતીતાનંદ સ્વામી સ્થિતપ્રજ્ઞ હતા અને નિશ્ચિંત હતા. જેમ જેમ રંગીલદાસ જૂનાગઢ પ્રતિ આગળ વધતો હતો તેમ તેમ સંતો સમયે સમયે પોતાની ચિંતા વ્યક્ત કરતા હતા. તેથી બ્રહ્માનંદ સ્વામીએ આ ચિંતા ગોપાળાનંદ સ્વામી આગળ વ્યક્ત કરી. તે વખતે જ ગોપાળાનંદ સ્વામીએ કહ્યું કે, 'સર્વોપરી શ્રીજી સામે તુચ્છ જીવની શી વિસાત ! ધાર્યું ધણીનું થાય છે ! એટલું બોલી પોતાની કાખમાંથી એક મુવાળો તોડ્યો અને બોલ્યા કે, આ તારો રંગીલદાસ !' પછી પરભાવમાં આવી કહ્યું કે, 'મંદિર સુધી તો શું પણ એ જૂનાગઢની સીમમાં પ્રવેશી નહિ શકે !' આ સાંભળી સૌને શાતા થઈ. મંદિરની કાંકરે કાંકરી ઉખાડી દઈ સંતોને ભગાડી દેવાના આશયથી વડોદરાથી નીકળેલો રંગીલદાસ વડાલ પહોંચ્યો ત્યાં રસ્તામાં એક તેતર જોરથી રસ્તા વચ્ચેથી નીકળ્યું, તે જોઈ રંગીલદાસનો ઘોડો ભડક્યો. તેથી રંગીલદાસ નીચે પડ્યો અને પોતાના હાથમાં જે ખુલ્લી બરછી હતી તે પેટ સોંસરી ઊતરી ગઈ. તત્કાલ રંગીલદાસ નિધન પામ્યો. આ સમાચાર નવાબ સાહેબને મળ્યા એટલે નવાબે ફરમાન કર્યું કે, 'મૈયતને શહેરમાં લવાય નહિ, નહિ તો રાજ્યનું અમંગલ થાય.' માટે ગામ બહાર જ તેની અંતિમવિધિ થઈ અને રંગીલદાસના મનસૂબા અધૂરા રહ્યા. ગોપાળાનંદ સ્વામીના વચન મુજબ રંગીલદાસ જૂનાગઢમાં પ્રવેશી શક્યો નહિ.

ત્યારબાદ મંદિરનું કામ પૂરું થવા આવ્યું અને હવે સૌ મૂર્તિપ્રતિષ્ઠાનો વિચાર કરવા લાગ્યા. પરંતુ તે દરમિયાન મંદિરની જમીન જેમણે આપી હતી તે દાનવીર આદર્શ ભક્ત ઝીણાભાઈ ધામમાં સિધાવ્યા. આ મહામુક્તરાજની ભક્તિથી અત્યંત પ્રસન્ન એવા શ્રીજી મહારાજે ઝીણાભાઈની નનામી સ્વયં ઉપાડી અને પ્રાસાદિક સ્મૃતિઓ આપી તેમજ સેવા-સમર્પણભરી ભક્તિ પર પોતાનો હૃદયગત માર્મિક રાજીપો વ્યક્ત કર્યો. બન્યું એવું હતું કે, ભગવાન શ્રી સ્વામિનારાયણના કમળશી વાંઝા નામના ભક્તને પોતાના ગામમાં રહી ભક્તિ કરવી અઘરી હતી. વળી, પોતાના પુત્ર તથા પુત્રવધૂનો પણ તેમાં ખૂબ વિરોધ. કમળશીભાઈ બીમાર પડ્યા ત્યારે કોઈ તેમની સેવા કરે નહિ કે દવા આપે નહીં. આ સમાચાર મળતાં જ ઝીણાભાઈ કમળશીભાઈના ઘરે ગયા. ગામના અન્ય ત્રણ સેવકોની મદદથી પોતે દરબાર હતા છતાં ગામ વચ્ચે કમળશીભાઈનો ખાટલો ઉપાડી ચાલ્યા અને પોતાને ઘરે લાવી ખૂબ સેવા-ચાકરી કરી. બીમાર કમળશીભાઈનો ખાટલો લઈ ઝીણાભાઈ જેટલાં ડગલાં ચાલ્યા તેનાથી બમણાં ડગલાં શ્રીજી મહારાજ ઝીણાભાઈની નનામી ઉપાડી ચાલ્યા. આમ, શ્રીજી મહારાજે માર્મિક લીલા દ્વારા અંતરનો રાજીપો પ્રગટ કર્યો અને સમજ આપી કે, 'દાસના દાસ જે બની રહે તેને મહારાજ વશ થાય છે.'

બીજી બાજુ મંદિરના કોઠલા પૂરા થઈ ગયા અને શ્રી ઠાકોરજીની પ્રતિષ્ઠા થઈ શકે તેટલું કામ થઈ ગયું હતું. તેથી બ્રહ્માનંદ સ્વામીએ પ્રતિષ્ઠાનું મુહૂર્ત નક્કી કરવા શ્રીજી મહારાજને પત્ર પાઠવ્યો. શ્રીજી મહારાજે સંતો અને રામચંદ્ર જોશી સાથે બેસીને સંવત ૧૮૮૪ના વૈશાખ વદ બીજનું પ્રતિષ્ઠાનું મુહૂર્ત નક્કી કર્યું.

ગામેગામ કંકોતરીઓ લખાવા માંડી. પ્રતિષ્ઠા સમય નજીક આવ્યો એટલે જૂનાગઢના ભક્તોએ શ્રીજી મહારાજને તેડાવ્યા. મહારાજે દાદા ખાચર, જીવા ખાચર, તેમજ સારંગપુર, કુંડળ, કારિયાણી, ઝાંઝાવદર, બોટાદ, લોયા આદિ ગામોથી ભક્તોને સમૈયામાં પધારવા આજ્ઞા કરી. શ્રીજી મહારાજ જૂનાગઢ પધારવાના છે તે સમાચાર સાંભળી સૌ ભક્તો આનંદઘેલા બન્યા. સૌએ પ્રભુના ભવ્ય સ્વાગતની તૈયારીઓ શરૂ કરી. વાજિંત્રો વગાડે તેવા મીરોને પણ તેઓએ બોલાવ્યા. તેઓને પણ દ્વેષ હતો એટલે સૌએ ના કહી તેમ છતાં એક લંગડા મીરે આ પુણ્યકાર્યમાં જોડાવાની ભાવના ધરી. અન્ય મીરોએ તેનો ખૂબ વિરોધ કર્યો, કટાક્ષ કરી ટોણા માર્યા, પરંતુ સર્વોપરી ભગવાનની તેને અનુભૂતિ હતી તેથી તે સેવામાં જોડાયો.


શ્રી રણછોડજી – ત્રિકમજી દેવ

શ્રીજી મહારાજ માટે હાથી ઉપર સોનાની અંબાડી તૈયાર કરી. નવાબને પણ મહારાજ પ્રત્યે ભાવ હતો તેથી તેમણે પણ બ્રહ્માનંદ સ્વામીની માંગ મુજબ હાથી, ઘોડા, પાયદળ આદિની સગવડ કરી આપી. પરંતુ, નવાબનો દીવાન દ્વેષી હતો. તેથી તેણે ઘોડાઓ સાથે એક ચંચળ ઘોડો મોકલ્યો કે જેથી તે વાજિંત્રોના અવાજ સાંભળી, માદા ઘોડીની સુગંધથી ઉત્તેજાઈ અને ભીડ જોઈ તોફાન કરે ને તેથી મહારાજનું ભૂંડું દેખાય. પણ, અશ્વવિદ્યાના પારંગત બ્રહ્માનંદ સ્વામી તે તોફાની ઘોડાને પારખી ગયા અને તેના કાનમાં પ્રભુનું નામ બોલ્યા, ને તે સાથે જે તે ઘોડો નિષ્કામી થઈ ગયો. શાંત બની પ્રભુ આગમનની સેવામાં જોડાયો. આ જોઈ સૌ દંગ રહી ગયા. શ્રીજી મહારાજ કાઠી ભક્તો સાથે જૂનાગઢ પધાર્યા અને સ્થાનિક મુઠ્ઠીભર ભક્તોએ પ્રચંડ દ્વેષ, વિરોધ અને અસહકાર વચ્ચે ભવ્ય સામૈયું કાઢ્યું, જેને નિહાળી સૌ કોઈ આશ્ચર્ય પામ્યા. તેવામાં મહારાજની નજર લંગડા મીર તરફ ગઈ. અન્ય મીરોના મનોભાવને અંતર્યામીપણે સમજી ગયેલા મહારાજે તે મીરને બોલાવી, રાજી થકા પોતાની સોનેરી પાઘ તેને આપી. મીર તો ધન્ય બની ગયો !

શ્રીજી મહારાજ બીજે દિવસે એટલે કે, વૈશાખ સુદ પૂનમની મંગલ સવારે મંદિર જોવા પધાર્યા. ગુણાતીતાનંદ સ્વામીના નેતૃત્વે ખૂબ ઓછા સમયમાં ભવ્ય મંદિર નિર્મિત થઈ ગયેલું નિહાળી અત્યંત આનંદ વ્યક્ત કર્યો. પછી હૃદયોદ્‌ગાર ઉચ્ચાર્યા કે, 'આ ગુણાતીતાનંદ સ્વામી, જે અમારું અક્ષરધામ, તે સાધુરૂપે અહીં જ રહેશે અને જે તેમનાં દર્શન, સમાગમ કરશે તેમનું અમે કલ્યાણ કરીશું. નવાબે અમને જે કહ્યું હતું કે, તમારા જેવા કોઈ ઓલિયા ફકીરને આ મંદિરમાં રાખો તે મુજબ આ ગુણાતીતાનંદ સ્વામીને અમે અહીં આપ સૌનાં કલ્યાણ માટે રોકીએ છીએ. સૌ કોઈ તેમનો સમાગમ કરશો. અને ગુણાતીતાનંદ સ્વામીની મોટપ તો ગાદી-તકિયાથી નથી, પણ એમની મોટપ તો અનાદિની છે' તેમ જણાવી સ્વામીનો મહિમા પ્રવર્તાવ્યો.

ત્યારબાદ પ્રતિષ્ઠાના દિવસે સવારે મહારાજ યજ્ઞશાળામાં પધાર્યા અને યજ્ઞવિધિ કર્યો. સંતોએ શ્રી રણછોડ ત્રિકમજી, શ્રી રાધા-રમણ દેવની મૂર્તિઓને મંદિરમાં નિયત સ્થાને પધરાવી. મધ્ય મંદિરમાં શ્રી રણછોડ ત્રિકમજી, પૂર્વ મંદિરમાં શ્રી રાધારમણ દેવ અને પશ્ચિમ મંદિરમાં શ્રી સિદ્ધેશ્વર મહાદેવ પધરાવ્યા. બ્રાહ્મણોએ પ્રથમ મહારાજ પાસે અને ત્યારબાદ યજમાનો પાસે મૂર્તિઓની પૂજા કરાવી. પ્રભુએ ન્યાસવિધિ કરી. શ્રીજી મહારાજે તે મૂર્તિઓની આરતી ઉતારી. નાગરો શિવપંથી હતા. અને તેમને પણ કાયમી સુખ મળે તે હેતુથી મંદિરમાં સિદ્ધેશ્વર મહાદેવ, પાર્વતીજી અને શ્રી ગણેશજીની મૂર્તિઓ પધરાવવામાં આવી. આ રીતે પ્રતિષ્ઠાવિધિ સંપન્ન થયો. બ્રહ્માનંદ સ્વામીએ બુલંદ અવાજે શ્રી રાધારમણ દેવની સ્તુતિ કરી. શ્રી રાધારમણ દેવનો મહિમા જણાવતાં પ્રભુએ કહ્યું કે, 'આ મૂર્તિઓ સૌની મુક્તિ માટે કરી છે. જે કોઈ અહીં નિત્ય દર્શનાર્થે પધારશે તે દુષ્કર એવા સંસારથી જરૂર મુક્તિ પામશે.' ભગવાન શ્રી કૃષ્ણએ કાળયવનની સામે લડતાં રણભૂમિ છોડી અને તેથી તેઓ 'રણછોડ' કહેવાયા. તે રણછોડરાયજીએ રૈવતાચલને પોતાની ભૂમિ બનાવી. તેથી રૈવતાચલની ગોદમાં આવેલ જૂનાગઢમાં શ્રીજી મહારાજે એક જ અવતારનાં બે સ્વરૂપો શ્રી રાધારમણજી અને શ્રી રણછોડજી પધરાવ્યા. વળી, બલિરાજા પાસે વામન ભગવાને ત્રણ પગલાં પૃથ્વી માંગી તેથી ત્રિવિક્રમ-ત્રિકમજી એવા નામથી પ્રસિદ્ધ વામનજીની વિચરણ ભૂમિને સૌ યાદ રાખે તે હેતુથી ભગવાન શ્રી સ્વામિનારાયણે શ્રી ત્રિકમરાયજીની પ્રતિષ્ઠા કરી.

આ મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ભક્તોએ અદ્‌ભુત સેવાઓ કરી. ઘરેણાં, મૂડી, થાળ, વસ્ત્ર-અલંકારની સેવાઓ કરીને પણ સૌ ધન્ય થયા. જૂનાગઢ નવાબે મહારાજને પોતાના મહેલમાં પધારવા નિમંત્રણ પાઠવ્યું. મહારાજ ભક્તોને લઈને નવાબને ત્યાં પધાર્યા. નવાબના ભક્તિભાવથી રાજી થઈ પ્રભુએ તેમને આશીર્વાદ દીધા. વળી, નવાબે પણ મંદિરના નિર્માણકાર્ય માટે જરૂરી માલસામાન પર કોઈ કર નહીં લાગુ પાડવાનો લેખ કરી આપ્યો.

જૂનાગઢથી વિદાય થતી વેળાએ શ્રીજી મહારાજે સૌ સંતો-હરિભક્તોને વર્ષમાં એક માસ જૂનાગઢ આવી ગુણાતીતાનંદ સ્વામીનો ખાસ સમાગમ કરવા આજ્ઞા કરી. વળી, ગોપાળાનંદ સ્વામીને પણ તે જ આજ્ઞા વિશેષરૂપે કરી. આમ મહારાજે ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા છતો કર્યો. તે મુજબ ગુણાતીતાનંદ સ્વામીએ પણ સૌને ખૂબ સમાગમ કરાવ્યો. આઠ પહોર કથા-

વાર્તાનો અખાડો જામતો. લહિયાઓ અને પુરાણીઓ બદલાતા પણ સ્વામીના શ્રી મુખે અસ્ખલિત પરાવાણી સરતી જે સૌને નિર્બંધ કરતી, ઉપાસના દૃઢ કરાવતી, શ્રીજીના સર્વોપરીપણાનો સાક્ષાત્કાર કરાવતી અને અક્ષરધામનું સુખ પમાડતી. આ પરાવાણી સાંભળી સંતો-ભક્તોએ તેની નોંધ કરી, તેના પરથી 'સ્વામીની વાતો' ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો. જે આજે અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં રહસ્યો પ્રગટ કરતો શાસ્ત્રમાન્ય ગ્રંથ ગણાય છે. સત્સંગમાં સર્વત્ર તેનું વાંચન કરી સૌ અનુશીલન કરે છે.

ગોપાળાનંદ સ્વામીના અક્ષરધામગમન સમયે તેઓએ કરેલ આજ્ઞાના અનુસંધાને ભગતજી મહારાજ જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામી પાસે આવ્યા. અક્ષરજ્ઞાનને પામવાના દૃઢ સંકલ્પ સાથે તેઓ સ્વામીનો સમાગમ કરતા. જૂનાગઢ મંદિરમાં ગુણાતીતાનંદ સ્વામીએ સંતોની ધર્મશાળા-નવી હવેલી બનાવવાનું કાર્ય આદર્યું ત્યારે પાયા ખોદવાનું, રેતી ધોઈને પાયામાં નાખવાનું, ચૂનો કાલવવાનું કાર્ય એકલે હાથે કરતા. વાળંદ, સુથાર, લુહાર, કડિયા, વેરણિયા, દરજી આદિ તમામ કસબની સેવા ભગતજી મહારાજે જૂનાગઢ મંદિરમાં સ્વામીના વચને પૂર્ણ વિશ્વાસ રાખી કરી. 'સ્વામી અર્થે મારો દેહ કુરબાન છે' એમ કહી ભગતજી મહારાજ સ્વામીને રાજી કરવા મરણિયા બન્યા. દેહ-ઈન્દ્રિયોના ચૂરેચૂરા કરીને પણ તેઓએ ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાઓ પાળવા તત્પરતા રાખી તો ગુણાતીતાનંદ સ્વામી તેઓ પર અપરંપાર રાજી થઈ ગયા. આમ, સાધુતાનો કસબ પણ તેઓએ સ્વામી પાસે શીખી લીધો. ભગતજી મહારાજ પણ શ્રીજી મહારાજના સર્વોપરીપણા અને ગુણાતીતાનંદ સ્વામીના અક્ષરપણાની વાત છડેચોક કરતા અને જડબેસલાક સમજાવતા.

એક રીતે જૂનાગઢ મંદિર એ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું ઉદ્ભવ બિંદુ બન્યું. ભગતજી મહારાજને ભજન કરતાં કરતાં ક્રિયા કરવાનો સ્વભાવ ! એક વખત ફૂલદોલના સમયે આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ જૂનાગઢ પધારવાના હતા. વિશાળ સભામંડપમાં શોભે તેવી કલાત્મક ચંદની બનાવવા ગુણાતીતાનંદ સ્વામીએ ભગતજી મહારાજને આજ્ઞા કરી. સૌને મહિમા ગાઈ, સેવા ઉઘરાવી ભગતજીએ તો કાપડ ખરીદ્યું અને રાત-દિવસ સીવવાનું કામ ઉપાડ્યું. ઘણા દરજીઓ ઘણા માસ સુધી કામ કરે તોય ન થાય તેવી વિશાળ અને કલાત્મક ચંદની ભજન કરતાં કરતાં હેતના ટેભા લઈને ભગતજી મહારાજે ૪૧ દિવસમાં જ તૈયાર કરી દીધી. તેનાં દર્શન કરી ગુણાતીતાનંદ સ્વામી અત્યંત રાજી થયા. તેમની આ સેવાને વશ થઈ સ્વામીએ ગુણાતીત જ્ઞાન, ગુણાતીત ભાવ અને ગુણાતીત અવસ્થા ભગતજીને બક્ષિસમાં આપી. ભગતજી મહારાજે બનાવેલ એ ચંદની આજે પણ જૂનાગઢ મંદિરે દર્શનાર્થે ઉપલબ્ધ છે જે ભગતજી મહારાજની માહાત્મ્યયુક્ત સેવા, ગુરુભક્તિની અકલ્પનીય ગાથા વર્ણવે છે. ભગતજી મહારાજની જેમ જાગા સ્વામી અને કૃષ્ણજી અદા પણ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ મંદિરે અવારનવાર પધારતા અને સ્વામીના વચને અહોહોભાવે સેવાઓ કરતા.

જૂનાગઢમાં જાગાભક્તને આસને કથાવાર્તા થતી. તે સાંભળવા મોટા મોટા સદ્ગુરુઓ અને હરિભક્તો પધારતા, આ જોઈને ઘણાને ખૂંચતું. એવા દ્વેષીઓના શબ્દોથી કોઠારી જીભાઈ ભોળવાઈ ગયા. તેઓએ જાગા સ્વામીને સભામાં આવવાની તથા તેમને આસને કથા કરવાની બંધી ફરમાવી. આ વાત શાસ્ત્રીજી મહારાજને ખબર પડી. તેઓ જૂનાગઢ પધાર્યા અને સીધા જ જાગા સ્વામીના ઓરડે દર્શન કરવા ગયા. નીડરતાપૂર્ણ તેમણે જાગા સ્વામીને દંડવત્ કરી સમાગમ કર્યો. તે રાત્રે શાસ્ત્રીજી મહારાજે જીભાઈ કોઠારીને એકાંતમાં જાગા સ્વામીનો અપાર મહિમા વર્ણવ્યો. શાસ્ત્રીજી મહારાજનાં વચનો સાંભળી કોઠારીને પોતાની ભૂલ સમજાઈ અને અંતરમાં ખૂબ પસ્તાવો થયો. વહેલી સવારે કોઠારીએ જાગા સ્વામીના ઓરડે જઈ દીનભાવે માફી માંગી બંધી હટાવી દીધી અને શાસ્ત્રીજી મહારાજ પ્રતિ આભાર વ્યક્ત કર્યો. આ પ્રસંગ બાદ જાગા સ્વામીએ શાસ્ત્રીજી મહારાજને રાજીપા રૂપ આશીર્વાદ દીધા કે, 'આજ પછી મારાથી જે જે સત્કર્મ થાય તે બધાંનું પુણ્ય તમને ! તમે અનેક મુમુક્ષુઓ માટે મોક્ષનું દ્વાર આજે ઉઘાડ્યું છે.' આ અપ્રતિમ આશીર્વાદનું સાક્ષી બન્યું જૂનાગઢ મંદિર ! આ મંદિરમાં શાસ્ત્રીજી મહારાજે 'સત્સંગી જીવન'નું પારાયણ પણ કર્યું છે. વળી, જે જૂનાગઢ મંદિરમાં ભગતજી મહારાજનું અપમાન થયું હતું, ત્યાં જ શાસ્ત્રીજી મહારાજના પ્રયત્નોથી ભગતજી મહારાજનું ધામધૂમથી સન્માન પણ થયું. આમ ગુરુભક્તિની અકલ્પનીય ગાથાનું સાક્ષી બન્યું છે જૂનાગઢ મંદિર !

વળી, ગુરુદેવ યોગીજી મહારાજે પાર્ષદી દીક્ષા પણ જૂનાગઢ મંદિરે જ ગ્રહણ કરી. પૂ. કૃષ્ણચરણદાસ સ્વામીના મંડળમાં રહી યોગીજી મહારાજે જૂનાગઢ મંદિરમાં ખૂબ સેવાઓ કરી, જાગા સ્વામી ને કૃષ્ણજી અદાનો સમાગમ પણ ઘણો કર્યો અને શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના આત્મસાત કરી. રાજકોટમાં યોગીજી મહારાજે કૃષ્ણજી અદાના ઘરે સંવત ૧૯૬૬ના શ્રાવણ સુદ સાતમના રોજ ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજનાં દર્શન પ્રથમ વખત કર્યાં. દર્શન કરતાં જ મનમાં ભાવ જાગ્યો કે, ગુરુ તો શાસ્ત્રીજી મહારાજને જ કરવા. ત્યારબાદ સંવત ૧૯૬૭ના જ્યેષ્ઠ સુદ એકાદશીના સમૈયા પછી સાત સંતો સાથે યોગીજી મહારાજ જૂનાગઢ મંદિર છોડી શાસ્ત્રીજી મહારાજ સાથે શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તનની સેવામાં જોડાયા. જૂનાગઢ મંદિરેથી પ્રસ્થાન કરતાં શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ પૂજા કરેલી શ્રી ઠાકોરજી-લાલજીની મૂર્તિ પોતાની સાથે લાવ્યા, જે શાસ્ત્રીજી મહારાજને અર્પણ કરી. તે મૂર્તિ આજે પણ તત્પશ્ચાત્ જે સ્વરૂપો પ્રગટ રહ્યાં તેઓની સાથે વિચરણ કરે છે અને આજે પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય મહંતસ્વામીજી સાથે હંમેશાં વિદ્યમાન રહી છે. બ્રહ્મસ્વરૂપ યોગીબાપા બ્રહ્મજ્યોતિ પધાર્યા ને ભૂમિ પાવન કીધી ત્યારે આ જ શ્રી ઠાકોરજી અહીં આમ્રવૃક્ષ તલે બિરાજેલા. જે આમ્રવૃક્ષ અને દિવ્ય સ્થાન 'હૃદયકુંજ' તરીકે ઓળખાય છે અને સૌના ભક્તિભાવ ઝીલી દર્શન દે છે. આમ, ઉપાસના પ્રવર્તન કાર્યમાં જૂનાગઢ મંદિરનું અપ્રતિમ યોગદાન રહ્યું છે ! ◆





સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**વચનામૃત ગઢડા અંત્ય – ૩ : 'દયા અને સ્નેહનું'નું નિરૂપણ**
**મહા સુદ દશમ, ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૯,**
**સાયં સભા, પારમિતા મંદિર, બ્રહ્મજ્યોતિ, મોગરી**

***શ્રીજી મહારાજે સર્વ સંતમંડળને પ્રશ્ન પૂછ્યો જે, "જે હરિભક્તના હૃદયને વિષે દયા ને સ્નેહ એ બે સ્વાભાવિક રહ્યાં હોય ત્યારે સ્નેહનું સ્વરૂપ તો મધ જેવું છે તે જ્યાં-ત્યાં ચોંટે અને દયાનો સ્વભાવ એવો છે જે, જ્યાં-ત્યાં દયા કરે. ત્યારે ભરતજીએ મૃગલા ઉપર દયા કરી તો તે મૃગલીને પેટ જન્મ લેવો પડ્યો. અને જે દયાવાન હોય તેને જે ઉપર દયા આવે તે સંગાથે સ્નેહ થયા વિના રહે નહીં...."***

સ્વામિનારાયણ ભગવાન ઝીણું ઝીણું બધું કહે છે. દયા અને સ્નેહ આમ તો ગુણ કહેવાય, પણ જો ભગવાન ને સત્પુરુષ ના મળ્યા હોય તો એ દોષરૂપ પણ થઈ જાય. કારણ કે, મહારાજે સ્નેહ-પ્રેમ માટે કહ્યું કે, 'એ મધ જેવું છે એટલે ચોંટી જાય.' જેને વિશે આપણને સ્નેહ છે, જેને વિશે આપણને પ્રેમ છે એની સાથે આપણે ઍટેચ થઈએ છીએ-જોડાઈએ છીએ. વાયરલૅસ ઍટેચમૅન્ટ -આંખ બંધ કરીએ તો જેને વિશે આપણને સ્નેહ છે એને સંભારવા ના પડે, આપોઆપ સાંભરે ; જોડાણ છે ને ! અને આપણે સંભારીએ એટલે એને પણ સળવળાટ થાય. સ્નેહ મધ જેવું છે ચોંટે જ.

દયા તો માનવમાં ભગવાને આપેલો ગુણ છે. આપણે કોઈને દુઃખી જોઈ શકીએ નહિ, કોઈને રડતા જોઈ શકીએ નહિ, મુશ્કેલીમાં કોઈનું મોઢું ઢીલું જોઈને દયા આવી જાય. ભીખારીઓનું શાથી બધું ચાલતું હોય ? એવું મોઢું કરીને બેઠા હોય કે પાઈ-પૈસો બધા આપતા જ જાય. તમે જુઓ, ચાર રસ્તે ગાડી ઊભી હોય તો ભિખારીઓ કેટલા બધા કાલાવાલા કરતા હોય ! અને તમે જો પૈસા ના આપો તો પાછું એનું મોઢું જોવા જેવું હોય. પણ એવું દયામણું વાતાવરણ ઊભું કરે કે જેથી માણસ તેને પાઈ-પૈસા આપે.

સ્નેહ માનવમાત્રમાં છે. એટલે પછી જેની સાથે સ્નેહ છે એની સાથે એ ઍટેચ થાય અને એ સાંભરે. સ્વામિનારાયણ ભગવાને દૃષ્ટાંત આપ્યું કે, ભરતજીને મૃગલા ઉપર દયા આવી કે, આ બિચારું બચ્ચું એની મા વગર એકલું છે, તો કોણ એનું લાલનપાલન કરશે ? કોણ એને ખવડાવશે ? કોણ એને સાચવશે ? આમ દયાએ કરીને તે બચ્ચાને પોતાની સાથે લઈ આવ્યા તો લાગણીથી-સ્નેહથી એની સાથે બંધાઈ ગયા. એના પર સ્નેહ થયો, પ્રેમ થયો અને પછી અંત સમયે ભગવાન સાંભરવા જોઈએ એને બદલે એમને મૃગલું સાંભર્યું તો મૃગલાનો જન્મ લેવો પડ્યો. ભરત રાજાએ રાજપાટ છોડ્યું, ઘરબાર છોડ્યું, પોતાની સ્ત્રી છોડી, પોતાના દીકરાઓ છોડ્યા, સુખ-સુવિધાઓ, ખાવાપીવાનું બધું છોડી કેટલી તપશ્ચર્યા કરી ! તો એમનો છેલ્લો જન્મ થવો જોઈએ, પણ મૃગલાનો જન્મ લેવો પડ્યો.

સ્વામિનારાયણ ભગવાન કહે છે કે, તમે જે તપ કરો છો એ નકામું નથી જતું. ધારો કે કોઈ એન.આર.આઈ. અમૅરિકામાં પૈસા કમાતા હોય ને ત્યાં બૅન્કમાં જમા કર્યા હોય તો તે કંઈ અહીં સૂટકેસમાં ડૉલર ભરીને લઈને ના આવે. અહીં આવે એ સાથે એમની બૅન્કમાંથી પૈસા અહીં ટ્રાન્સફર કરી શકે. ડૉલર હોય તે અહીં રૂપિયામાં મળે. એમ આ જન્મે આપણે જે કંઈ કર્યું છે તે આવતા જન્મે બૅલેન્સ મળે જ, એ નકામું નથી જતું. એમ, ભરત રાજા મૃગલા તરીકે જન્મ્યા પણ વ્રત, તપ બધું કરેલું એ નકામું ના ગયું. બીજા મૃગલાઓમાં બંધાયા નહિ, એની સાથે ઍટેચ ના થયા તો બીજા જન્મે માણસ તરીકે અવતર્યા, કે જેઓની જડભરત સ્વરૂપ અવસ્થા હતી. કોઈની પર દયા ના કરે, કોઈની સાથે ઍટેચ ના થાય, સૌથી અલુપ્ત રહ્યા. હોશિયાર હતા, તેજસ્વી હતા, પણ કશું બતાવ્યું નહીં, ગાંડા જેવા ફર્યા. એટલે કોઈ



**જ્ઞાનનું જ્ઞાન ને સારનો સાર એ કે,
ભગવાનને ઓળખો અને ભગવાનના સત્પુરુષ કે
જેમના દ્વારા ભગવાન પ્રગટ છે એવા સત્પુરુષમાં
આત્મબુદ્ધિ ને પ્રીતિથી જોડાવ, એમની આજ્ઞા પાળો ;
તો તમારામાં રહેલા બધા ગુણો છે એ ખીલી ઊઠશે.**

માણસ બાઘા જેવો હોય એને 'જડભરત' કહેવાય છે. પણ ભરત રાજાને દયાએ કરીને એક જન્મ લેવો પડ્યો.

યોગીબાપાને કોઈએ પૂછ્યું, 'બાપા ! ભરત રાજાને તો એક મૃગલું હતું તે એક જન્મ લેવો પડ્યો, પણ અમારે તો કેટલાં બધાં મૃગલાં છે ? તો કેટલા જન્મ લેવા પડશે ?' તો બાપા કહે, 'ભરતજીને જે નહોતા મળ્યા એ તમને મળ્યા છે.' આ વચનામૃતમાં સ્વામિનારાયણ ભગવાન આ સમજાવે છે કે, દયા ને સ્નેહ છે, પણ સાથે ગુરુ છે એટલે ગુરુ દયા ને સ્નેહના કારણે કોઈમાં બંધાવા નહિ દે. ગુરુ સમર્થ મળ્યા છે એટલે આપણને કોઈ જગ્યાએ બંધાવા નહીં દે.

આમ તો દયા ગુણ કહેવાય. કોઈ ભૂખ્યો હોય તે જેના ઘરેથી ભૂખ્યો જાય નહીં, જમીને જાય. કપડાં આપે, પૈસા આપે એટલે કહે કે, માણસ બહુ દયાળુ છે, બહુ સારો છે. જગતમાં દયાળુ સ્વભાવના બહુ વખાણ થાય.

***"...અને એ દયા ને સ્નેહ તેને ટાળ્યાનો ઉપાય તો આત્મજ્ઞાન ને વૈરાગ્ય એ બેય છે. તે આત્મજ્ઞાન એવું છે જે, જેમાં કાંઈ બીજું પેસે જ નહીં. અને વૈરાગ્યનું એવું સ્વરૂપ છે જે, સર્વે નામરૂપને નાશવંત દેખાડે. માટે આત્મજ્ઞાન ને વૈરાગ્ય એ બે વતે કરીને દયા ને સ્નેહનો નાશ થઈ જાય છે અને સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ આદિક સર્વે ઉપાધિનો પણ નાશ થઈ જાય છે અને કેવળ બ્રહ્મસત્તામાત્ર રહે છે. પછી એને ભગવાન તથા ભગવાનના ભક્તને વિષે દયા ને સ્નેહ રહે છે કે નથી રહેતો ? એ પ્રશ્ન છે."***

ભરત રાજાને જ્ઞાન થયું કે, આ મૃગલામાં બંધાયા તો એક જનમ લેવો પડ્યો. સમજ આવી એટલે જડભરત બન્યા ને કોઈ સાથે એમણે સાંધો જ ના રાખ્યો, એ વૈરાગ્ય રાખ્યો. જ્ઞાન એટલે કે સમજણ આવી કે, આટલું બધું રાજપાટ ને બધું છોડ્યું તોય મૃગલાનો જનમ લેવો પડ્યો, એટલે હવે કોઈની સાથે જોડાવું જ નથી, કોઈની સાથે મેળાપ જ નથી રાખવો, અલુપ્ત જ રહેવું છે. એટલે જુદા જ રહ્યા, બાઘા જેવા ફર્યા. જડભરત અવસ્થાને પામ્યા તો છેલ્લો જન્મ થઈ ગયો.

અહીં આવીએ અને ભગવાનના ભક્તોની સાથે આવું જડતાપૂર્વક આપણે જો જીવીએ તો શું થાય ? 'પૈસા ! પૈસાની શી જરૂર છે ? એ તો કાગળિયાં છે. ભગવાન સિવાય કશાની જરૂર નથી' એવું તમે કરો તો કોઈ બિલ લેવા આવે તે શું કહે ? રસોઈ બનાવનાર એમ કહે કે, 'માનસીમાં જમવા બેસો. માનસીમાં લાડુ ખાધા, બાસુંદી ખાધી, દાળભાત ખાધાં – ચાલો, પતી ગયું હવે. કોઈ રસોઈ બનાવવી જ નથી, કંઈ કરવું જ નથી.' કંઈ બનાવીએ તો પ્રૉબ્લેમ થાયને ? કે ખાટું થયું, મોળું થયું, તીખું થયું, વધ્યું-ઘટ્યું ! જડભરત જેવી સ્થિતિમાં બધા રહે તો પછી સંસારમાં આવા ગાંડા જ માણસો ફરે ને ! હિન્દુસ્તાનની એક સો ને ત્રીસ કરોડની જનતા ગાંડા જેવી ફરે. કોઈના પર સ્નેહ નહીં, કોઈના પર દયા પણ નહીં.

પ્રશ્ન એ પૂછ્યો કે, કે ભગવાનના ભક્તને જ્ઞાન ને સમજણ થાય પછી દયા રાખવી કે ના રાખવી ? સ્નેહ રાખવો કે ના રાખવો ? એમાં બંધાઈ જઈએ તો પ્રૉબ્લેમ થાય ને ?

ત્યારે મહારાજ એનો જવાબ એ આપે છે કે, જ્ઞાનનું જ્ઞાન ને સારનો સાર એ કે, ભગવાનને ઓળખો અને ભગવાનના સત્પુરુષ કે જેમના દ્વારા ભગવાન પ્રગટ છે એવા સત્પુરુષમાં આત્મબુદ્ધિ ને પ્રીતિથી જોડાવ, એમની આજ્ઞા પાળો; તો તમારામાં રહેલા બધા ગુણો છે એ દિવ્ય બનીને ખીલી ઊઠશે.

ગુરુ વગર, ભગવાનના આશરા વગર પોતાની જાતે તપ, ધ્યાન કરીને છેલ્લો જન્મ કરનારા જડતાને પામી જાય. બધું સુકાઈ જાય, કોરું કટ થઈ જાય. જ્યારે ભગવાનના આશરામાં રહીને સત્પુરુષ સાથે આત્મબુદ્ધિ ને પ્રીતિથી જોડાઈને જે જીવન જીવે છે એને લીલુંછમ રહે, કિલકિલાટ ! ખુલ્લા રહે ! બધાની જોડે પ્રેમ કરે ! બધાની જોડે બધું કરે, પણ ભગવાન એવા સમર્થ છે કે, સત્પુરુષ દ્વારા એ આપણને કોઈ જગ્યાએ બંધાવા નહીં દે. જો કોઈ જગ્યાએ બંધાવા જશો તો કંઈક એવું મૂકશે કે એની સાથેથી ડિટૅચ થઈ જશો. એટલે સત્પુરુષને ઓળખો, સત્પુરુષમાં જોડાવ.

જ્ઞાન એ કે, ભગવાનધારક સંતને ઓળખીને એમાં જોડાવ. બે હાથ જોડી એમની આજ્ઞા પાળો. આશરો ભગવાનનો કે, હું સ્વામિનારાયણનો અને મહંત સ્વામી, હરિપ્રસાદ સ્વામી, ગુરુજી, અશ્વિનભાઈ, શાંતિભાઈ એમના દ્વારા સ્વામિનારાયણ ભગવાન મને મળ્યા છે; યાદ રાખો ! એ આત્માને ભગવાન સાથે આત્મબુદ્ધિ ને પ્રીતિ છે. ભગવાન સાથે જેને સત્પુરુષના માધ્યમથી આત્મબુદ્ધિ ને પ્રીતિ થઈ એની બધી જવાબદારી ભગવાન લે, અને એને કોઈ જગ્યાએ બંધાવા નહીં દે. બધું એની પાસે કરાવશે, બધી છૂટ, પણ દોરી એમની પાસે. જેમ પતંગ આકાશમાં ઊડે છે, કેટલો દૂર જતો રહે ! પણ દોરી ચગાવનારના હાથમાં છે, એક આંચકો મારે એટલે નીચે આવી જાય. એમ રિમોટ કન્ટ્રોલ પ્રભુ પાસે છે, કારણ કે જોડાયેલો છે. ભગવાનને આશરે સત્પુરુષમાં જોડાયેલો ભક્ત એને એકદમ નિશ્ચિંત રહેવું. કાથાકબલા નહીં કરવાના બસ ! ભગવાનને ના ગમે એવું ના કરો, બાકી તમે ફુલફ્લૅજ બધી પ્રવૃત્તિ કરો, પણ કોઈ જગ્યાએ બંધાવા નહીં દે - જોડાવા નહીં દે.

મહંત સ્વામી લાખો માણસોને મળે છે. બધા યાદ રહેતા હશે ? તેઓની પ્રાર્થના સિવાય બધું ભુલાઈ જાય. હરિપ્રસાદ સ્વામી કેટલું બધું વિચરણ કરે છે ! અશ્વિનભાઈ, શાંતિભાઈ અઢાર-અઢાર કલાક બધું કામ કરે છે ! પણ ઑફિસની બહાર નીકળે એટલે કામ ઑફિસમાં ને ઑફિસમાં રહે. તેઓ ભગવાન સાથે બંધાયા છે. ભગવાનને રાજી કરવા માટે પ્રવૃત્તિમાં જોડાયા છે, સો ટકા ! તમે સામે બેસો તો પણ એમને ખબર ના પડે કે તમે આવીને બેઠા છો, ખ્યાલ આવ્યો ? પણ ભગવાનમાં બંધાયા તે કોઈમાં બંધાય નહીં યાદ રાખો !

આપણને ખબર છે ગુણાતીતાનંદ સ્વામીના વખતમાં બંધિયાના ડોસાભાઈ હતા. સવારે દાતણ કરતાં કરતાં દુકાન ખોલે. માલ આવ્યો હોય એટલે સવારે એમને ત્યાં ગાડાંની લાઈન લાગી હોય. એટલે દાતણ કરતાં કરતાં દુકાન ખોલીને માણસોને કામે લગાડે પછી ઘરે જાય. ન્હાઈ-ધોઈ, પૂજા કરીને પાછા આવે. અને આખો દિવસ - છેક સાંજ સુધી તોલતા હોય, માપતા હોય, પૈસા આપતા હોય, ગણતા હોય, લેતા હોય, ભાવતાલ કરતા હોય. સવારે પૂજા કરી, મોટો ચાંદલો કરીને આવે એટલે બધા કહે, ભગત છે પણ કામમાં ડૂબ્યા છે. બંધિયાનો એ આખો પ્રસંગ આપણે જાણીએ છીએ. જૈનોનો સમાજ જૂનાગઢ ગયો. જૂનાગઢ એટલે જૈનોનું તીર્થ. જૈનોના બધા ભગવાન જૂનાગઢમાં ગિરનાર ઉપર બિરાજમાન છે એટલે એનાં દર્શન કરવા બંધિયાનો સંઘ ગયો હશે. ડોસાભાઈ મોટા વેપારી, ગામના આગેવાન એટલે એમણે કહ્યું કે, 'મારા વતી ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શન કરવા જજો ને મારા જય શ્રી સ્વામિનારાયણ કહેજો.' અને સાથે કંઈક સંપેતરું પણ આપ્યું હશે.

યોગીજી મહારાજ આવી પૉલિસી કરતા. અહીંથી કોઈ લંડન જતું હોય તે એમ કહે કે, 'બાપા, અમે લંડન જઈએ છીએ.' તો બાપા કહે, 'આવો, આવો ! એય માધવ, પેલો પ્રસાદ લાવો અને કાગળ લખીએ.' કાગળ લખીને પેલા ભાઈને આપે. લો, અમારા અશ્વિનભાઈ - શાંતિભાઈ છે એમને આ રૂબરૂ આપી આવજો. એટલે પછી કાગળ આપવા તો જવું પડે ને ! આ રીતે ભક્તોને એકબીજાનો મેળાપ બાપા કરાવતા. 'જય સ્વામિનારાયણ' કહેવડાવીએ તો ભૂલી જાય, પણ કોઈ સંપેતરું આપવાનું હોય તો જવું જ પડે.

એમ બંધિયાના ડોસાભાઈએ કહ્યું કે, 'અમારા સ્વામીને આ આપજો અને મારા જય સ્વામિનારાયણ કહેજો.'

એટલે બધો સંઘ જૂનાગઢ મંદિરે ગયો. ગુણાતીતાનંદ સ્વામીએ બધાને બેસાડ્યા, વાતો કરી, દર્શન કરાવ્યાં પછી ડોસાભાઈની વાત કરી કે, 'અમારા ડોસાભાઈ પરમ એકાંતિક છે.'

એટલે બધા જૈનોને ઘા લાગ્યો. આ ડોસાભાઈને કોઈ દિવસ માળા ફેરવતા જોયા નથી, કથા-વાર્તા કરતા કે સાંભળતા જોયા નથી. આખો દિવસ દુકાનમાં વજન કરતા ને પૈસા ગણ્યા સિવાય કાંઈ કરતા જોયા નથી. એટલે તેઓ હસ્યા ને સ્વામીને કહે, 'સ્વામી ! તમારા ડોસાભાઈ તો એટલા બધા કામમાં ગળાડૂબ છે કે, છેવટે તમારે એમાંથી એમને કાઢવા પડશે.'

સ્વામી કહે, 'એ પરમ એકાંતિક છે.'

પેલા કહે, 'સ્વામી ! એ તમારા સેવક છે એટલે તમે એને વખાણો, બાકી અમને મનાતું નથી.'

**ભગવાનમાં બંધાયા**
**તે કોઈમાં બંધાય નહીં,**
**યાદ રાખો !**





'કોઈ પણ ભગવાનના ભક્તની
બાહ્ય ક્રિયાથી મૂલ્યાંકન ના કરશો.
'ભગવાનનો આશરો હોય, સત્પુરુષને વિશે જોડાયેલો હોય તો
લખી રાખો કે, એ અક્ષરધામનો મુક્ત છે.
એ ગમે તે કરતો હોય - પ્રવૃત્તિમાં હોય કે નિવૃત્તિમાં હોય,
એ ઉપરની ક્રિયાનું કોઈ મહત્ત્વ નથી.
મહત્ત્વ છે ભગવાન ને સાધુનું !

ત્યારે સ્વામી કહે, 'ડોસાભાઈ અહીંયાં આવીને સાધુ થઈ જાય તો ? બોલો !'

તો કહે, 'જુઓ સ્વામી ! ડોસાભાઈ સાધુ થાય એવું નહિ, પણ અહીં જૂનાગઢ તમારી સાથે રહેવા આવે તોય ઘણું છે. અને જો સાધુ થાય તો તો અમે બધાય જૈન તમારા સ્વામિનારાયણ થઈ જઈશું, તમારી કંઠી પહેરી લઈશું બસ.' એમને વિશ્વાસ હતો કે ડોસાભાઈ આવે જ નહીં ને.

સ્વામી કહે, 'જાવ, તમે ગિરનારમાં બધે દર્શન કરીને પાછા અહીં આવજો.'

દર્શન કરવા ગિરનાર ચઢીને ઉપર જવાનું, ત્યાં રોકાય ને પછી પાછા આવે એટલે બે-ચાર દિવસ થાય. જૈન સંઘ બધો દર્શન કરવા ગયો એટલે ગુણાતીતાનંદ સ્વામીએ એક માણસને ચિઠ્ઠી લઈને મોકલ્યો. એ માણસ બંધિયા ગયો ત્યારે ડોસાભાઈ કંતાન ઉપર બેસી માલ તોલતા હતા તેમને ચિઠ્ઠી આપી. ડોસાભાઈએ ગુણાતીતાનંદ સ્વામીનો કાગળ વાંચ્યો, એમાં લખ્યું હતું કે, 'આ કાગળ મળતાં સાધુ થવા જૂનાગઢ પહોંચી જજો.'

કાગળ વાંચીને તેઓ તરત જ ઊભા થઈ ગયા. નોકરને બૂમ પાડીને કહ્યું, 'જો સાંભળ, દીકરાને કહેજે કે, બધું સંભાળી લે. હું જૂનાગઢ સાધુ થવા જઉં છું, હવે પાછો આવવાનો નથી.'

એ જ મિનિટે તેઓ નીકળી ગયા. રસ્તામાં હજામની દુકાન જોઈ, સાધુ કરવા માટે મુંડાવવા માટે સ્વામીને હજામ બોલાવવો ના પડે એમ વિચારી મુંડન કરાવી, સાંજે સ્વામી પાસે જૂનાગઢ પહોંચી ગયા.

ડોસાભાઈ ત્યાં જઈને સ્વામીને દંડવત કરતા હતા એટલે સ્વામીએ પૂછ્યું, 'કોણ આવ્યું ?'

ડોસાભાઈ કહે, 'સ્વામી, આપનો દાસ !'

સ્વામી કહે, 'દાસ એટલે શું ?'

પેલા કહે, 'કહે એમ કરે એનું નામ દાસ.'

એટલે સ્વામી કહે, 'સવારે વહેલા ન્હાઈ-ધોઈને તૈયાર થઈ જજો, સાધુ થવાનું છે.' બીજા દિવસે સવારે સ્વામીએ તેમને સાધુ બનાવી દીધા ! પહેલાં સફેદ કપડાંમાં બનાવે.

ત્રીજા દિવસે દર્શન કરીને સંઘ પાછો આવ્યો ત્યારે ડોસાભાઈ સફેદ કપડાં પહેરી ખૂણામાં બેઠેલા ને માળા ફેરવતા હતા - સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સફેદ કપડાંમાં હતા તેથી તે ઓળખાય જ નહિને !

સંઘ આવીને બેઠો પછી સ્વામી કહે, 'પેલા ભાઈ કોણ છે ઓળખ્યા ?'

ત્યારે કહે, 'ના !'

ત્યારે સ્વામી કહે, 'અહીં આવો ડોસાભગત !'

પેલા લોકો તો ઘા ખઈ ગયા. આંખો ચોળવા માંડ્યા કે આ ડોસાભગત છે ? ડોસાભાઈ સાધુ થઈ ગયા. પેલા બધા જૈનો તો સ્વામીના પગમાં પડી ગયા કે, આ તો ભારે કરી ! પછી સ્વામીને કહે, 'અમે હાર્યા, અમને સ્વામિનારાયણ બનાવો.'

ગુણાતીતાનંદ સ્વામી કહે, 'અમે આ રીતે ધર્મ પરિવર્તન નથી કરાવતા, પણ તમે બાહ્ય ક્રિયાથી ભક્તોનું મૂલ્યાંકન કરશો નહીં.'

એમ ડોસાભાઈ અને આપણા આ સાધુઓ બધા પ્રવૃત્તિમય લાગે પણ એ નિવૃત્ત છે; કારણ કે, તેઓ ભગવાનને રાજી કરવા માટે સત્પુરુષના વચને ભક્તિ કરે છે. સત્સંગમાં ફરે છે, ફૅક્ટરીમાં કામ કરે છે, કૉલેજમાં કામ કરે છે, બાગ-બગીચામાં, રસોડામાં, સંગીતમાં બધા ભાઈઓ અશ્વિનભાઈ-શાંતિભાઈની આજ્ઞાથી, એમની પ્રસન્નતાર્થે પ્રવૃત્તિ કરે છે એટલે તેઓ એનાથી ડિટૅચ છે. એ ઍટેચ થઈ જ ના શકે, થવું હોય તોય. ભગવાનનું બિરુદ છે.

પછી સ્વામીએ બોલાવ્યા, 'ડોસાભગત, આવો ! દાસનું શું લક્ષણ છે ?' ત્યારે કહે, 'સ્વામી કહે એમ કરે એ દાસ.' ત્યારે સ્વામી કહે, 'આ સંઘ જોડે જોડાઈ બંધિયા ઘરે પાછા જાવ.'

આ લોકોને કહ્યું કે, 'કોઈ પણ ભગવાનના ભક્તની બાહ્ય ક્રિયાથી મૂલ્યાંકન ના કરશો.' ભગવાનનો આશરો હોય, સત્પુરુષને વિશે જોડાયેલો હોય તો લખી રાખો કે, એ અક્ષરધામનો મુક્ત છે. એ ગમે તે કરતો હોય - પ્રવૃત્તિમાં હોય કે નિવૃત્તિમાં હોય, એ ઉપરની ક્રિયાનું કોઈ મહત્ત્વ નથી. મહત્ત્વ છે ભગવાન ને સાધુનું !

ભગવાનધારક સાધુમાંજોડાયા હોય એ કોઈ જગ્યાએ પછી જોડાઈ ના શકે. એનો છેલ્લો જ જન્મ ! ફરી આવવા-જવાની થઈ ગઈ નિરાંત ! આવવાની જ જરૂર નહીં. સ્વામિનારાયણ ભગવાને કહ્યું, 'નિશ્ચિંત રહેવું.' જ્ઞાન અને વૈરાગ્ય. ભગવાનનો આશરો હોય પછી 'જ્ઞાન' એટલે ભગવાનને ઓળખવા. અને ભગવાન ને સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ હોય તો પછી ભગવાન ને સત્પુરુષ સિવાય કોઈ જગ્યાએ રાગ નહીં રહે, એ વૈરાગ્ય આપોઆપ ડેવલૉપ થશે. ભગવાનનું પોતાનું બિરુદ છે.

તમે કોઈ ડૉક્ટર પાસે જાવ એટલે શરીર ડૉક્ટરને સોંપી દેવાનું હોય. ડૉક્ટર સ્ટેથોસ્કૉપ મૂકે, ટૅસ્ટ કરે પછી ડાયોગ્નાઈઝ કરે ને પછી દવા પણ તેઓ જ આપે. તમે ડૉક્ટરને 'મને મૅલેરિયા થયો છે ક્વિનાઈન આપો.' એવું કહો છો ? ઘણા ડાહ્યા કહે કે, 'ડૉક્ટર મને લાગે છે કે મને ટાઈફૉઈડ હશે.' એટલે પેલા ડૉક્ટર શું કહે ? 'કે, ડૉક્ટર હું છું કે તું છું ?' શાસ્ત્રીજી મહારાજ ઘણાને કહેતા, 'ગુરુ હું છું કે તું છું ?' પેલો કહે, 'બાપજી, તમે છો.' ત્યારે કહે, 'ડાહ્યો થયા વગર મેલને તારું બધું અને હું કહું એમ કર.'

તમને ખ્યાલ આવે કે આ ડૉક્ટર છે, બસ એને તમે શરીર સોંપી દીધુંએટલે હવે એમને જે ટૅસ્ટ કરાવવા હોય એ કરાવે. ડૉક્ટર કહે કે, એમ.આર.આઈ. કરાવી લાવો, બ્લડ ટૅસ્ટ કરાવી લાવો તો કોઈ પૅશન્ટ પૂછે કે, એમ.આર.આઈ. કેમ કઢાવવાનું ? બ્લડ ટૅસ્ટ કેમ કરાવવાનો ? ડૉક્ટર પાસે આવ્યા એટલે એ ડાયોગ્નાઈઝ કરશે ને પછી દવા આપશે. એમ સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થઈ એટલે તેઓ કહે એમ કર્યા કરો. ડહાપણ ના કરો. તમે ડહાપણ કર્યું તો ગયા. ડહાપણ ને ભોળપણ નહીં રાખવાનું.

મોટા પુરુષોએ અને અશ્વિનભાઈ, શાંતિભાઈ રતિભાઈ, સનંદભાઈ, હર્ષદભાઈ, પૂનમભાઈ, વી.એસ. સૌએ આ કર્યું. યોગીબાપાએ જે વખતે જે કહ્યું એ કર્યા જ કર્યું, કર્યા જ કર્યું ! કહ્યું, 'છાત્રાલય બાંધો.' તો છાત્રાલય બાંધ્યું. કહ્યું, 'છોડી દો' તો છોડી દીધું. કહ્યું, 'મંદિર કરો.' તો મંદિર કર્યું. 'યુવક મંડળ ચલાવો', 'સેવા કરો'... જે વખતે જે કહ્યું તે કર્યું. એવું પાછું નહિ કે, ગયા વખતે તમે આવું કહ્યું હતું ને આ વખતે પાછું આવું કેમ કહો છો ? ના, જે વખતે જે કહે એ કર્યા કરીએ એ આપણી સાધના. તો કોઈ જગ્યાએ આપણને ઍટેચ નહીં થવા દે. એમનું બિરુદ છે કે, 'મારા ભક્તને નકરો કરીને – બધાથી નિર્લેપ કરીને અક્ષરધામરૂપ બનાવી દઈશ.' એમનો સંકલ્પ છે, એમણે નક્કી કર્યું છે. એમણે નક્કી કર્યું હોય એટલે એમના ઉપર પરમ શ્રદ્ધા ને વિશ્વાસ રાખીને, બે હાથ જોડી એમની આજ્ઞા પાળ્યા કરો. અને એમને ગમે છે એવું કરવાનો આલોચ રાખો.

એમને ગમે છે તો ગુણગાન ને મહિમા ગાવ, સાંભળો. કથાવાર્તા, સેવા કરો. યુવાન હોય, આવડત-હોશિયારી હોય, આવડત-હોશિયારીથી કમાતા હોવ તો પૈસાની સેવા કરો. દેહની સેવા કરો. ગુણગાન ને મહિમા ગાવા-સાંભળવારૂપી વચનની સેવા કરો.

આપણાં યુવક-યુવતીઓ યુવાન અવસ્થામાં દેહે કરીને સરસ સેવાઓ કરે છે. સત્પુરુષના વચને, સંતોના વચને આવી સેવા કરે તો દેહભાવ ઓગળે. અશ્વિનભાઈ, શાંતિભાઈ ને આ બધા સંતોની આજ્ઞાથી જે જે કામ કરે છે એ બધાને ભગવાન ડિટૅચ રાખશે, બંધાવા નહીં દે. દયા કરો પ્રેમથી, સ્નેહ કરો પ્રેમથી. ભગવાન ને ભગવાનના ભક્તોને પ્રેમથી ભગવાનમાં જોડવા છે એટલે એમને વિશે હેત-પ્રેમ કરવાનો જ છે, પણ નિશ્ચિંત રહેજો, કોઈની સાથે બંધાવા નહીં દે. કારણ કે, ભગવાન ને ભગવાનના સાધુ સાથે જોડાયેલા છીએ એટલે એમની જવાબદારી છે આપણને ડિટૅચ રાખવાની. એમની આજ્ઞાથી કામમાં પરોવાયેલા રહો.

દયા ને પ્રેમથી ભરતજી મૃગલું થયા પછી જડભરત અવસ્થાને પામ્યા એવું આપણે નથી કરવું. ભગવાનના કોઈ ભક્તને તકલીફ હોય તો પ્રેમથી ધૂન કરવાની જ છે, ગદ્ગદ કંઠે ભગવાનને પ્રાર્થના કરવાની છે. કોઈ બીમાર હોય, કોઈને નોકરીનો પ્રૉબ્લૅમ હોય, કોઈને ધંધાનો પ્રૉબ્લૅમ હોય, કોઈને છોકરા-છોકરીનો પ્રૉબ્લૅમ હોય તો સાધુને બીજી કઈ સેવા રહી ? ભગવાને સેવા આપી છે કે, તમારા વચને જે ભક્તો સેવા કરી રહ્યા છે, તમારી આજ્ઞાથી ભજન, ભક્તિ કરી રહ્યા છે, સમય આપી કરી રહ્યા છે, તમારી આજ્ઞાથી ભીડો

આપણાં યુવક-યુવતીઓ યુવાન અવસ્થામાં
દેહે કરીને સરસ સેવાઓ કરે છે.
સત્પુરુષના વચને, સંતોના વચને
આવી સેવા કરે તો દેહભાવ ઓગળે.
અશ્વિનભાઈ, શાંતિભાઈ ને આ બધા સંતોની આજ્ઞાથી
જે જે કામ કરે છે એ બધાને ભગવાન ડિટૅચ રાખશે,
બંધાવા નહીં દે.





> ભગવાનના કોઈ ભક્તને તકલીફ હોય તો
> પ્રેમથી ધૂન કરવાની જ,
> ગદ્‌ગદ કંઠે
> ભગવાનને પ્રાર્થના કરવાની.

વેઠીને સત્સંગ કરી રહ્યા છે; એવા ભક્તો ભગવાન રાજી થાય એવું એમનું જીવન બને ને મુશ્કેલીમાં પ્રભુ એમને સહાય કરે એવી પ્રાર્થના કરવી એ સાધુની ભક્તિ છે. એનાથી ઉદાસીન ના રહેશો. મહારાજે ના પાડી – એમાં ઉદાસીન નહિ રહેવાનું. 'એ તો એનું પ્રારબ્ધ છે તો ભોગવે!' એવું ના કહેવાય. પ્રારબ્ધ બદલવાનું કામ તો સાધુનું છે.

બાપા ઘણી વખત કહેતા, ડૉક્ટર પાસે જાય ને કહે, 'પેટમાં બહુ દુઃખે છે.' એટલે ડૉક્ટર પૂછે કે, 'શું ખાધું હતું સાંજે?' પેલો કહે, 'અડદની ખીચડી.' ડૉક્ટર કહે, 'અડદની ખીચડી ખવાય ? ડોબા જેવો ? બળદિયા જેવો! બુદ્ધિનો બળદ છું. ખબર નથી પડતી ?' આવું પૂછે એને ડૉક્ટર કહેવાય ? ડૉક્ટરની જવાબદારી એક જ છે કે, એણે જે ખાધું – જે પીધું, પણ હવે એને પેટ દુઃખતું મટાડો. આ ડૉક્ટરનું કામ છે. એમ સાધુનું કામ શું ? 'આવું કરવાનું?, તો ભોગવો હવે તમારું પ્રારબ્ધ.' સાધુએ એવું નહીં કહેવાનું. નહીં તો ભગવાન દંડા મારશે, યાદ રાખો ! સાધુએ પ્રેમથી કહેવાનું કે, 'બેટા ! કંઈ વાંધો નહીં. ભજન કર. ચાલ હું પણ તારી સાથે ભજન કરું. તો ગમે એવું પ્રારબ્ધ, ગમે એવી ભૂલ ભગવાન સુધારી દેશે. પણ ફરી આવું થાય નહીં એનું ધ્યાન રાખજે.' એવું કહેવાય, પણ એને છટકારો નહીં.

સિન્સિયર ભક્તો હોય, સેવા કરતા હોય, તમારી આજ્ઞામાં રહેતા હોય, સ્વાભાવિક છે કે ભૂલ તો થાય, પણ એમને હૂંફ આપો, બળ આપો, એમના માટે પ્રાર્થના કરો – સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... અને એને માટે ધૂન કરો.

ઘણા છોકરાઓની બુદ્ધિ ઓછી હોય તે નાપાસ થાય. તો ઘણાં મા-બાપ એવાં હોય કે, એક જ ધોરણમાં ભણતો પાડોશીનો છોકરો ફર્સ્ટક્લાસ ફર્સ્ટ આવ્યો હોય ને એમનો છોકરો નાપાસ થાય, તો એનો બાપ સટાક કરતો એને લાફો મારી દે ને કહે, 'બળદિયા ! નાપાસ થયો.' બીજું વાક્ય બોલે, 'મારું નામ બોળ્યું!' પોતાનું નામ ઉજાળવા માટે છોકરાએ ફર્સ્ટ ક્લાસ પાસ થવું જોઈએ એવું ક્યાંય લખ્યું છે ? છોકરો નાપાસ થયો તો થાય હવે, 'ભલે બેટા ! વાંચવામાં ધ્યાન રાખજે.' એને જોડે બેસી જગાડો, ફરી વંચાવો, મહેનત કરાવો. પણ પરીક્ષામાં નાપાસ થયો એટલે જિંદગી થોડી જ ખોઈ નાખી છે ? એમ કોઈ સાધક ભૂલ કરે, કોઈ ગૃહસ્થ ભૂલ કરે તો કંઈ એની સાધના થોડી ખતમ થઈ ગઈ છે ? ગુરુને એમ થાય કે, 'મારું નામ બોળ્યું?' એવું નહીં. એને હૂંફ આપો, બળ આપો, ગાઈડ કરો એ સાધુનું કામ છે.

દયા ને પ્રેમથી લેવાનું. ત્યાં દયા રાખવાની, ત્યાં પ્રેમ રાખવાનો. બંધાશો નહીં, યાદ રાખો ! ભગવાનના ભક્ત ઉપર દયા ને હેત રાખવાનાં છે, કારણ કે, તમે સાધુમાં જોડાયા છો, તમને ભગવાનનો દૃઢ આશરો છે, એ જ ભગવાન મારા ગુરુ દ્વારા મને પ્રગટ મળ્યા છે. એમની આજ્ઞાથી, આ બધા ભક્તોનાં કાર્યોમાં હું જોડાઉં છું, તો એ ભક્તો ભગવાનમાં જોડાયેલા રહે, એટલા માટે એમને પ્રેમ આપવો પડે, એમના ઉપર દયા રાખવી પડે, એમના ગુના માફ કરવા પડે, અને હેત-પ્રેમ કરીને ભજન કરતાં, સેવા કરતાં અને કથાવાર્તા કરતાં તેઓ થાય એ આપણી ભક્તિ છે. એટલા માટે જે કરવું પડે એ કરો. એ આપણી સાધના છે. સાધુઓની સાધના આ છે. જેના ફળ સ્વરૂપે દાસત્વભાવ પ્રગટી જશે. 'અક્ષરં અહં પ્રગટ પુરુષોત્તમ સ્વરૂપસ્ય દાસોસ્મિ.' એ સૂત્ર આપણા જીવનમાં સાકાર થશે.

બ્રહ્મસ્વરૂપ યોગીબાપા કેટલો બધો પ્રેમ કરતા ! એટલે તો આપણે બધા સત્સંગમાં આવ્યા. બાપાને આપણી પર દયા પણ એટલી હતી. દયા એટલે આપણા કોઈ પણ દોષ, કોઈ પણ ગુના, કોઈ પણ ક્રિયા કશું પણ જોયા વગર, ઉદારતાથી માફ કરીને તેઓ આપણને હેત-પ્રેમ કરતા. દયા હોય તો જ આ થાય, બાકી દયા ના હોય તો આપણી સામું પણ ના જુએ. 'સાવ ડોબા જેવા છો, આટલું આટલું કહું છું તોય સુધરતા નથી.' એવું કંઈ કહ્યું નહિ. ગમે તેવા છીએ તોય એમણે આપણી પર દયા વરસાવીને આપણને પ્રેમ કર્યો. એવું સાધુઓએ જીવ-પ્રાણી માત્ર ઉપર એક જ કારણથી દયા ને પ્રેમ રાખવાનાં કે, ભગવાનના પ્રેમથી એ વશ થશે, તો તમારી આજ્ઞા પાળીને ભગવાનમાં જોડાઈને ભક્તિ કરશે તો એના જીવનની ગાડી લાઈન ઉપર આવી જશે.

બોલો શ્રી સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆



## હે કાકાજી !

હે ગુણાતીત સમાજના પ્રાણ... જ્યોતિર્ધર
મધ્યરાત્રિએ આપની સ્મૃતિ થઈ... પ્રાર્થનાભાવ ઊભર્યા.
આપે આ બ્રહ્માંડે પધારી અમને પાવન કીધા,
બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજીમહારાજનો આપ પ્રેમ પામ્યા... ખોળે રમ્યા.
બ્રહ્મસ્વરૂપ યોગીબાપાની આજ્ઞા શિર સાટે પાળી,
તન મન ધનનાં સમર્પણ કર્યાં... નિરાકાર બન્યા.
સંબંધવાળાં સર્વ ચૈતન્યોની 'યોગીનાં' માની સેવા કરી,
સર્વને માથાના મુગટ માની, દાસત્વભાવ ધાર્યો.
ખમવું નવમું ને સૌના સેવક થવું તે યોગી અભિપ્રાયે જીવ્યા,
યોગીબાપાને અંતરથી રાજી કર્યા ને બ્રહ્મદર્શન પામ્યા.
પ્રગટ અને પ્રત્યક્ષની ઉપાસના સમજી સ્વીકારી આચરણ કર્યાં.
સંબંધમાં આવ્યાં તે સૌને તે જ્ઞાન સમજાવી પાવન કર્યાં.
યોગી પરબ્રહ્મના ધારક છે–અક્ષરનાં તેજ પ્રસારક છે–તે જ્ઞાન પ્રસારક થયા,
બ્રહ્મ અને પરબ્રહ્મના પ્રગટ સ્વરૂપ યોગીબાપાના માનસપુત્ર બન્યા.
આપમાં જે હેતે જોડાયાં... તે સૌને આ જ્ઞાન સમજાવ્યાં
યોગીસ્વરૂપો જે પ્રગટ સાથે હતાં તેમનાં માહાત્મ્ય ગાયાં
પપ્પાજી, પ્રમુખ સ્વામીજી, મહંત સ્વામીજી, હરિપ્રસાદ સ્વામીજી,
અક્ષરવિહારી સ્વામીજી, સાહેબજી, ગુરુજી મુકુંદ સ્વામીજી સૌ દિવ્ય,
સૌ કલ્યાણકારી, સૌ નિર્દોષ મનાવ્યા... સેવા કરાવી.
તો આપનાં જે થયાં તે સૌ પર યોગીબાપા રાજી થયા.
હે દયાળુ !
આપે કૃપા અમ પર અઢળક વરસાવી
'સાહેબજી'ના સ્વરૂપનું આપે યથાર્થ દર્શન કરાવ્યું
તેઓને સમર્પણ તે યોગી સમર્પણ... શ્રીજી–સ્વામી સમર્પણ તે દૃઢ કરાવ્યું
મન બુદ્ધિ તેઓને ચરણે ધરો... આત્મજ્ઞાન પામી જશો.
આ પરમ સત્ય સમજાવ્યું ને આચરવા પ્રાર્થનાબળ સિંચ્યાં.
તો આજે ધન્ય થયા... પાવન થયા... સુખિયા થયા.

# સાધુહૃદયની પ્રાર્થનાગંગા

સમસ્ત અનુપમ પરિવાર આજે 'સાહેબજી' ચરણે સમર્પિત છે,
એકતા સુહૃદભાવ ધારી, સૌના દાસ બની સેવા કરે છે.
સાહેબજીએ મંદિર નિર્માણાર્થે સેવા કરાવી,
સૌનાં આતમમંદિર ઘડવા સંકલ્પ કર્યા,
તે સંકલ્પમાં સૌ હોમાયા છે... પૂર્ણ સમર્પિત થયા છે.
સૌને આજે અક્ષરં અહં... પ્રગટ પુરુષોત્તમ સ્વરૂપ સાહેબના દાસ થવું છે,
સાહેબજીના જે દાસ તેનાય ગુલામ બનવું છે.
જે ભક્તો સંતો આ સેવામાં સમર્પિત થયા, ધન્ય થયા
સૌનાં અંતર નિર્મળ કરો... સૌને દાસત્વે જીવતા કરો.
અમારી આ પ્રાર્થના સ્વીકારી શ્રીજી–સ્વામી–યોગીચરણે પહોંચાડો.
આ શુભ સત્ય સંકલ્પ સાથે
આપના પ્રાગટ્યના આ મંગલપર્વે પ્રાર્થના ધરી
આપના ચરણે સત–સતત સહસ્રકોટિ વંદન છે !!! ◆





બ્રહ્મજ્યોતિ, ૫ જૂન ૨૦૧૯, પ્રાતઃકાળે, ૩.૦૦



# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સંત પરમ પૂજ્ય અશ્વિનદાદા

અનુપમ મિશન, ઍલનટાઉન-યુ.એસ.એ. મંદિરે યોજિત
યોગી જયંતી શિબિરમાં 'યોગી તારા ગાવામાં ગુણગાન...'
કીર્તનનું નિરૂપણ... ૨૬ મે ૨૦૧૯

*'યોગી તારા ગાવામાં ગુણગાન... સદા બની જાઉં હું ગુલતાન... જીવનભર એ માગું... રે'* અહીંયાં મંદિરમાં બે સૂત્રો લખ્યાં છે. 'અનુવૃત્તિએ જ ભક્તિ.' અને બીજું દાસત્વ - 'અક્ષરં અહં પ્રગટ પુરુષોત્તમસ્વરૂપસ્ય દાસોસ્મિ ।' આપણે જ્યારે અહીં મંદિરમાં દર્શન કરીએ ત્યારે આ શબ્દોને પણ વાંચીએ. આ શબ્દોના ભાવ સમજાવે અને અનુવૃત્તિ ક્યારે પ્રગટે ? દાસ ક્યારે થવાય ? એની વાત મહા મુક્તરાજ સાધક સંત સમ કવિરાજ પૂ. શ્રી ગોરધનભાઈ મર્ચન્ટે ૧૯૬૦ના દસકામાં બનાવેલા આ કીર્તનની કડીમાં લખેલું છે. તે સમયે યોગીબાપાના સાંનિધ્યમાં આ કીર્તન ગવાતું અમે સાંભળેલું અને પછી પણ અમે સ્વાધ્યાય તરીકે એને ગાતા રહ્યા.

આ કીર્તનની અંતિમ કડી છે એ હમણાં જ્યારે કીર્તન ગાયું ત્યારે તેના શબ્દો પકડાયા કે... *'વરતાયે તવ અનુવૃત્તિમાં, ફેર ન પડે લગારે, નિર્માની થઈ નિત રહેવાયે, દાસપણું નવ જાયે...'* આ શબ્દો નવા નથી. આપણી આ સાધના સનાતન છે. અને જ્યારે જ્યારે પ્રાર્થના કરીએ ત્યારે બધી પ્રાર્થનાઓમાં આ જ માગણી છે કે, તમે દિવ્ય અને તમારા સંબંધવાળા પણ દિવ્ય ! સમય આવ્યે સંજોગો બદલાય એટલે શબ્દપ્રયોગો બદલાય, પણ સનાતન સિદ્ધાંત તો એનો એ જ રહે છે. 'ભક્તચિંતામણિ'ની પ્રાર્થનામાં પણ એ જ વસ્તુ આવે છે અને એ જ વાત યોગીજી મહારાજે પણ મહેળાવમાં શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ સમક્ષ બેસીને કરી છે. આ કીર્તનમાં યોગીબાપા પાસે પ્રાર્થનામાં આ જ માગણી છે.

*યોગી તારા સ્વરૂપમાં કદી, મનુષ્યભાવ ન આવે, લીલા તારી દિવ્ય મનાયે, સંશય કદી નવ થાયે...* આપણા માટે આ મોટામાં મોટી મુશ્કેલી છે. એ પરમ દિવ્ય શુદ્ધ અને પવિત્ર તત્ત્વ છે, પણ આપણામાં અશુદ્ધિ છે એટલે આપણે એમના વિશે અશુદ્ધિ કલ્પીએ છીએ. આપણામાં માયા છે, આપણામાં જગત છે, આપણી બુદ્ધિ સીમિત છે અને એનાથી આગળ આપણી બુદ્ધિ સ્વાર્થ સાથે જોડાયેલી છે એટલે આપણે ભગવાનને લઈને જીવતા પરમ સ્વરૂપને વિશે પણ આવો ભાવ લાવીએ છીએ.

યોગીબાપાના પ્રસંગો આપણે સાથે સાથે વાગોળીએ છીએ. દાદર મંદિરે યોગીબાપાનાં દર્શન કરવા માટે એક મારવાડી શેઠિયા આવેલા. 'સાધુ બહુત બડા, સાધુ બહુત બડા' એમ હિન્દીમાં બોલે અને યોગીબાપાનાં દર્શન કરવા માટે આવે. આ ઈ.સ. ૧૯૬૪-૬૫ના સમયની વાત છે. ત્યારે હજુ દાદર-મુંબઈ મહંત સ્વામીના હાથ નીચે જે સંતો રહેતા, એ મકાન જે સ્થિતિમાં સંસ્થાએ ખરીદેલું એ જ સ્થિતિમાં હતું. અત્યારે ભવ્ય મોટું મહાલય છે એની તો એ દિવસે કલ્પના પણ નહોતી. પણ યોગીજી મહારાજની એવી ઇચ્છા હતી કે, ઉપર ખુલ્લી અગાસી છે અને મુંબઈના કાયદા પ્રમાણે એફ.એસ.આઈ. મળે છે તો આપણે એક હૉલ બનાવીએ કે જેથી સત્સંગનું સુખ રહે. બાકી તો બધા ઓરડા જ હતા. નીચે ગ્રાઉન્ડ ફ્લૉરમાં સૅન્ટ્રલ ઍક્સાઇઝની ભાડે સરકારી ઑફિસ હતી, એને ખાલી કરાવાય એમ નહોતી. ફર્સ્ટ ફ્લૉર ઉપર મંદિર હતું, એમાં પટની મૂર્તિ પધરાવી હતી. અને બાજુમાં એક રૂમ હતી એ યોગીબાપાની ઓરડી હતી. બાકી જે એકાવન સંતો બનાવેલા અને પછી પણ બીજા જે સંતો હતા એ બધા ત્યાં રહેતા હતા. એની ઉપર એક અગાસી હતી. એ અગાસીમાં તાડપત્રી બાંધી સંતો રસોઈ કરતા અને એ રસોડાના ઇન્ચાર્જ ત્યાગવલ્લભ સ્વામી હતા. હું ત્યારે બાપાએ મને પોતાની અંગત સેવામાં રાખેલો.

જ્યારે સેવામાં હતો ત્યારે આ મેં જોયું છે, એ સ્થિતિમાં સંતોનાં દર્શન કર્યાં છે, યોગીજી મહારાજનાં દર્શન કર્યાં છે.

ત્યારે યોગીબાપાની એવી ઇચ્છા કે, આ ખુલ્લી અગાસી ઉપર હૉલ બંધાઈ જાય. ત્યારે હૉલનું બજેટ પાંચ લાખ રૂપિયા હતું, પણ પાંચ લાખ રૂપિયાની સગવડ નહોતી. યોગીબાપા દરરોજ સાંજની સભામાં ધૂન કરાવતા કે, 'કરો ધૂન કે, આપણો હૉલ બંધાઈ જાય.' અને એ દિવસોમાં આ શેઠ યોગીબાપાનાં દર્શન કરવા આવે. 'બાપા, કુછ સેવા હો તો કહેના, બાપા, કુછ સેવા હો તો કહેના.' રોજ આવીને કહે એટલે એક દિવસ બાપાએ એમને કહ્યું, 'ઠાકોરજી માટે બે અગરબત્તીનાં પડીકાં લઈ આવજો.' શેઠ તો બહુરાજી થઈ ગયા.

એકાવન યોગેશ્વરોનો યોગીબાપા જોડે બાપ-દીકરા જેવો સંબંધ મેં તો બહુ નજદીકથી જોયેલો. એ સંતો જોડે બાપા બ્રહ્માનંદ કરે અને સંતો પણ

બાપાને એવું બધું પૂછે, વાતો કરે અને બાપા એમને હસાવે. મારવાડી શેઠ ગયા પછી એક સેવકે કહ્યું, 'બાપા ! આ શેઠ છે ને એ કરોડપતિ છે. એમના ઘરે નીચે બૅઝમૅન્ટમાં નોટોના થપ્પા મારેલા છે. આ તમે હૉલ થઈ જાય તે માટે રોજ ધૂન કરાવો છો, તો તમે એમને કહો ને તો એ એકલા જ હૉલ બાંધી દે. જ્યારે તમે તો બે પડીકાં અગરબત્તીનાં માગ્યાં.'

જુઓ, સેવકો સાથે રહે છે, સેવા કરે છે, શિષ્ય છે, દીક્ષિત સાધુ છે, પણ મોટા પુરુષની ક્રિયામાં કેવો મનુષ્યભાવ આવે છે ! કે, સ્વામીને માંગતા આવડતું નથી. કયા માણસ પાસે કેટલી કૅપેસિટી છે એ પ્રમાણે માંગવું જોઈએ. જ્યારે, માંગી-માંગીને બે પડીકાં અગરબત્તીનાં માંગ્યાં.'

બાપાની પાસે પણ રોકડો જવાબ હતો ! બાપા કહે, 'એ શેઠિયા હશે, એના ઘરે નોટોના થોકડા હશે, પણ એ દિલનો ગરીબ માણસ છે. એની જિંદગીમાં એ આપવાનું શીખ્યો જ નથી. જો આપણે એની પાસે આ હૉલ બાંધવાના પૈસા માંગીએ તો કહેશે, 'સાધુ બહુત લોભી હૈ...' મારામાં મનુષ્યભાવ લાવશે.' શેઠમાં લોભ છે, એટલે તો આટલા બધા પૈસા ભેગા કર્યા છે. એમ ને એમ પૈસા થોડા કંઈ ભેગા થાય ? પણ એ શું કહેશે, 'સાધુ બડા લોભી હૈ.' અને બીજા દિવસથી એ દર્શન કરવા આવતા પણ બંધ થઈ જશે. યોગીબાપાને ખબર છે કે, આની પાસે કેટલું મંગાય, શું મંગાય ? એટલે એ બે અગરબત્તીનાં પડીકાંના ઘરાક બીજે દિવસે આવ્યા અને ખુશ થઈને કહે છે કે, 'બાપા ! અગરબત્તી લે કે આયા હૂઁ.' બાપા કહે, 'અરે, લાવો લાવો...!'

કયા જીવને કેમ જાળવવો, એની પાસે કેટલી સેવા લેવી-કરાવવી એ મોટા પુરુષ જાણતા હોય છે. 'તનકી જાણે, મનકી જાણે, જાણે ચિત્ત કી ચોરી' - એ આરપાર જોતા હોય છે. પણ, એમનો બીજા ભક્તો-મુક્તો સાથે આ જે જીવન વ્યવહાર થતો હોય એ જોઈને આપણે વિચારીએ કે, 'આ રોજ ધૂન કરાવે છે એના કરતાં હૉલ બંધાય તો ધૂન બંધ થાય.' અને ખરેખર મુંબઈના હરિભક્તોએ હૉલ બાંધ્યો.

યોગીજી મહારાજે એ હૉલનું નામકરણ કર્યું - 'યજ્ઞપુરુષ વ્યાખ્યાન ખંડ'. ત્યાં વ્યાખ્યાન થાય એટલે કે સભા ભરાય. શાસ્ત્રીજી મહારાજ હાથમાં સત્સંગીજીવનની પ્રત લઈને પારાયણ કરે છે એનું બહુ મોટું ઑઇલ પૅઇન્ટ સંતોએ એ હૉલમાં મધ્ય સ્થાને મૂક્યું. જુઓ, નામકરણમાં પણ યોગીબાપાએ અનુસંધાન પોતાના ગુરુ શાસ્ત્રીજી મહારાજનું રાખ્યું અને હૉલનું નામ 'યજ્ઞપુરુષ વ્યાખ્યાન ખંડ' પાડ્યું. બસ, ગુરુ અને પ્રભુ - એ બેમાં જ તેઓ રમમાણ ! હૉલ બાંધવા જેવી નાની સરખી ક્રિયામાં પણ તેઓ એમના બ્રહ્મભાવમાં જ રહેતા હોય છે. મારા ગુરુ અને મારા પ્રભુ, તેઓ રાજી થાય એ જ અનુસંધાન ! પછી હાલવું-ચાલવું, ખાવું-પીવું, બેસવું-ઊઠવું; એ ચૈતન્યના રૂડા માટે જ તેઓ કરતા હોય છે. અને એટલે 'ભાગવત'માં વ્યાસજીએ આપણને શિક્ષણ આપ્યું કે, તેઓ કરે એ ક્રિયા ના કહેવાય, એને લીલા કહેવાય ! આપણે કરીએ એ ક્રિયા કહેવાય. આપણી માનસિકતાથી, આપણાં મૂલ્યાંકનો, આપણે મનથી માનેલાં સત્યોના આધારે આપણે જે આચરણ કર્યું એ ક્રિયા થઈ કહેવાય; જે આપણને વળગે છે અને એમાં આપણે ગુંચાયા કરીએ છીએ. જ્યારે એ જ ક્રિયા, જેને આપણે 'ક્રિયા' કહીએ છીએ - એ તેઓ કરે તો એ ક્રિયા નથી, પણ લીલા છે. અને એટલે 'ભાગવત'ની કથા થાય છે એમાં ભગવાનની લીલાનું વર્ણન થાય છે. મુનિ વ્યાસજીએ એના માટેનો બહુ સુંદર શબ્દ આપ્યો કે, એમના શરીર અને પાંચ ઇન્દ્રિયોના માધ્યમ દ્વારા તેઓ જે કાંઈ પણ કરે છે 'એ લીલા કરે છે' એ દિવ્યભાવ થયો ! અને જ્યારે 'એ ક્રિયા કરે છે' એમ માન્યું તો એ મનુષ્યભાવ થયો.

*'યોગી તારા સ્વરૂપમાં કદી, મનુષ્યભાવ ન આવે...'* યોગીબાપામાં સ્વયં અને યોગીબાપાના સ્વરૂપે આપણને મળ્યા એવા મહંત સ્વામી, હરિપ્રસાદ સ્વામી, ગુરુહરિ સાહેબદાદા એ યોગીબાપાનું સ્વરૂપ છે. એ ભવ્ય જે ગુણવારસો છે, એ વારસાને એમણે ધારણ કર્યો છે. સંસ્થાની મિલકતનો વારસો એમણે ધારણ કર્યો નથી, પણ યોગીબાપાનો ગુણવારસો એમણે ધારણ કર્યો છે. યોગીબાપામાં રહેલું જે પરમ બ્રહ્મનું પરમ તત્ત્વ એ એમણે આત્મસાત્ કર્યું છે એટલે તેઓ યોગીરૂપ બની ગયા, યોગી સ્વરૂપ બની ગયા ! આપણા માટે યોગીનું સ્વરૂપ માનીને જેવું આપણા હૃદયમાં યોગીજી મહારાજનું સ્થાન હતું એવું એમણે આપણા હૃદયમાં સ્થાન લીધું.

*'યોગી તારા સ્વરૂપમાં....'* એ યોગીબાપા ઉપર પણ લગાડાય અને યોગીબાપાએ કૃપા કરીને તત્ સ્વરૂપો આપણને વર્તમાનકાળે જે આપ્યાં છે, એમના ઉપર પણ લગાડાય. *'યોગી તારા સ્વરૂપમાં કદી, મનુષ્યભાવ ન આવે...'* આમાં 'કદી' શબ્દ બહુ અગત્યનો છે. ક્યાંક ક્યાંક કોઈ શબ્દ પર કવિ ભાર દે છે. અહીંયાં 'કદી' શબ્દ કહ્યો છે. કદી એટલે કોઈ દિવસ સ્વપ્નમાં પણ આવો ભૂંડો વિચાર ના આવે. આ બહુ મોટી ઉપલબ્ધિ છે, પ્રાપ્તિ છે. મનુષ્યભાવ એ બહુ મોટું પાપ છે. પણ આપણે મનુષ્ય છીએ, મનુષ્ય શરીરની મર્યાદાઓમાં આપણે જીવીએ છીએ. ભાવતું-નહિ ભાવતું, ફાવતું-નહિ ફાવતું, ગમતું-નહિ ગમતું અને વહાલું-દવલું એવાં આપણી અંદર પાર્ટિશન છે, એટલે આપણે એ જ મૂલ્યાંકનથી, એ જ તોલમાપથી આપણને મળેલા ભગવાનના પ્રગટ સ્વરૂપને પણ માપીએ છીએ. અને સ્વાભાવિક છે કે, તમારી પાસે જે કાટલાં હોય એનાથી જ તમે માલ જોખો અને સામેવાળાને આપો. એટલે આપણે જે અભિપ્રાય આપીએ છીએ, કોઈપણ વ્યક્તિ - ભક્તને માટે કે ભગવાનના સ્વરૂપને માટે આપણે જે સ્ટેટમૅન્ટ કરીએ છીએ એ આપણે આપણાં મૂલ્યાંકનોના આધારે કરીએ છીએ. એટલે કે આપણા કાટલાંથી જોખીને આપણે માલ આપીએ છીએ.

પણ જગતના ને ભગતના કાટલાં એટલે કે વજનિયાં એ નોખાં નોખાં છે. સારંગપુરમાં મોટો દરવાજો બનાવવાની શાસ્ત્રીજી મહારાજે જે કલ્પના કરી - તે આજે તો ભવ્ય સ્મારક બની ગયું છે ! ત્યારે કોને ખબર હતી કે, સારંગપુર આવું મોટું ધામ બનશે ? જે ગામમાં રસ્તાના ઠેકાણા નહીં ત્યાં શાસ્ત્રીજી મહારાજે મંદિર બાંધીને મોટી હવેલી કરતાં પણ મોટો દરવાજો બાંધવાનો પેલા મિસ્ત્રીને કહ્યું ત્યારે એ મિસ્ત્રીની અક્કલમાં ઊતર્યું નહીં. શાસ્ત્રીજી

મહારાજ એને શું સમજાવે ? એટલે એમણે એમની ચરોતરના પાટીદારની ભાષામાં કહ્યું કે, 'નક્કી કર કે તું ગુરુ છે કે હું ગુરું છું ?' ત્યારે મિસ્ત્રી કહે, 'બાપજી ! ગુરુ તો તમે જ છો'. તો કહે, 'અમારો અગિયાર ઈંચનો ફૂટ છે. તું મિસ્ત્રી સાચો અને ગણિતના હિસાબ પ્રમાણે ૧૨ ઈંચ થાય તો જ ફૂટ કહેવાય. અગિયાર ઈંચ એટલે ફૂટમાં હજુ એક ઈંચ ઘટે, પણ અમારું માપ નોખું છે.' એ એમનું માપ નોંખું, એટલે એમની એ ક્રિયા ના કહેવાય, લીલા કહેવાય.

આ બધું આપણે કથાઓમાં સાંભળ્યું છે, વાંચ્યું છે. આ બધા પ્રસંગો આપણે જાણીએ છીએ, પણ જીવન અનુભવમાં જ્યારે પ્રત્યક્ષ આવીને ઊભું રહે છે ત્યારે, 'પણ !', 'તો ?, શું ?, કેમ ?' એ પ્રશ્નો આપણને પણ ઊભા થાય છે. અને ત્યારે મોટા પુરુષની આગળ બે હાથ જોડીને ઊભા રહેવાનું, એના માટે આપણે સતત પ્રાર્થના ને એમની કૃપાની યાચના કરતા રહેવું પડે છે.

*'યોગી તારા સ્વરૂપમાં કદી...'* આમાં 'કદી'નો શબ્દપ્રયોગ બહુ જ અગત્યનો છે. અને મનુષ્યભાવ આવે એટલે મનુષ્યભાવ તો એવો છે કે, ભગવાનના ભક્તમાં આવે તો પછી દીક્ષિત સાધુમાં પણ આવે, એને દીક્ષા આપનારા ભગવાનના પ્રગટ સ્વરૂપમાં આવે અને એ સ્વરૂપે જે મૂર્તિ સાથે આપણને જોડ્યા છે એ ભગવાનને વિષે પણ આવે; એટલે એ કુટુંબે સહિત આવે છે. આખું ફૅમિલિ છે. જેમ દોષનું ફૅમિલી છે એમ આ મનુષ્યભાવ પણ ઉત્તરોત્તર વધતો જાય છે. એમાંથી પછી અભાવ આવે છે, પછી નિંદા ને ખટપટ ને છેલ્લે તો દ્રોહ થવા માંડે છે. આ બધાં લેવલ છે. અને જ્યારે ભગવાન અને ભગવાનના ભક્તનો દ્રોહ કોઈ કરે ત્યારે ભગવાન એમ કહે છે કે, 'ગમે એટલી દયા કરવી હોય, કરુણા કરવી હોય, કલ્યાણ કરવું હોય, મોક્ષનો અધિકારી બનાવવો હોય પણ ભગવાન ને ભગવાનના ભક્તના દ્રોહમાં પડ્યો એટલે અમારા હાથ બંધાઈ જાય છે.' એ જડ થઈ જાય, એને પર્વતનો દેહ મળે – એવા બધા શબ્દપ્રયોગ પણ 'વચનામૃત'માં કર્યા છે.

મનુષ્યભાવમાંથી ક્રમે ક્રમે ક્રમે આગળ આગળ વધતો છેક દ્રોહ સુધી પહોંચે છે. એટલે યોગીબાપાની વાણીમાં તો 'એ રાસ્તા જ બંધ !' તમારે બીજું જે કરવું હોય તે કરો. તમારાથી વ્રત નહીં થાય, તપ નહીં થાય, ઉપવાસ નહીં થાય, માળા નહીં થાય, જપ નહીં થાય તો વાંધો નહીં, પણ આ અભાવ, અવગુણ, ખટપટ, નિંદા ને માથાકૂટમાં ના પડશો.

આ વખતે સાહેબદાદાએ ગ્રીષ્મ શિબિરના યુવાનો–કિશોરોને પણ આના ઉપર બહુ ભાર મૂકીને કહ્યું કે, 'અભાવ, અવગુણ, ખટપટ, નિંદા કરવી નહીં, સાંભળવી નહીં, પોતાની હાજરીમાં ચલાવી લેવી નહીં.' આપણને બ્રહ્મતત્ત્વની જે પ્રાપ્તિ થઈ છે, તો આપણી પ્રતિભા પણ એવી હોવી જોઈએ કે, આપણી હાજરીમાં કોઈ અભાવ, અવગુણ, ખટપટ, નિંદા, ઘસારાની મોળી વાત કરવાની હિંમત જ ના કરી શકે. ત્યારે આપણે ખરેખરા નિષ્ઠાવાન હરિભક્ત કહેવાઈએ.

કરવી નહીં ને સાંભળવી નહીં ત્યાં સુધી તો ચાલે છે, પણ ચલાવી લઈએ છીએ એમાં પણ આપણે પાપમાં સરખા ભાગીદાર થઈએ છીએ. અને 'વચનામૃત'માં શ્રી સ્વામિનારાયણ ભગવાને પણ એમ કહ્યું છે કે, 'ત્યાં આગળ આપણે દબાવું નહીં, આપણે સિંહ થવું, સિંહગર્જના કરવી કે, ખબરદાર જો આવી વાત કરી છે તો !' પછી આપણી પણ સત્સંગમાં, સમાજમાં, પરિવારમાં એક છાપ પડી જશે કે, આની આગળ મોળી વાત કરાશે નહીં. અને આપણે બહુ મોટા પાપથી બચી જઈશું. પણ ત્યારે આપણે સારા ભાઈ થવા જઈએ અને એની વાત સાંભળી લઈએ, ચલાવી લઈએ, ચૈતન્યોને સાચવી લેવાની વૃત્તિ દાખવીએ એમાં આપણને કેટલું મોટું નુકસાન થાય છે એની આપણને ખબર નથી. આપણે આપણી જાતને જ નુકસાન કરીએ છીએ.

આ વખતે કિશોરો–યુવાનોને સાહેબદાદાએ એમ કહ્યું કે, 'જ્યારે, જે દિવસે કોઈ મોળી વાત કરે, અભાવ, અવગુણ, ખટપટ નિંદાની વાત કરે, વાત સાંભળે તો શરીરને શિક્ષા કરવી, ઉપવાસ કરવો.' આટલા બધા આગ્રહપૂર્વક બોલતા સાહેબદાદાને આ વખતે સાંભળ્યા. અને કહ્યું કે, 'તમારી આગળ જો કોઈ એવી વાત કરતા આવે તો તેને એક લાફો લગાવી દેવો, એટલે ફરી એ જુએ કે આ ઠેકાણે વાત નહિ થાય.' અગાઉ ઘણી બધી સારી ભાષામાં વાત કરી કે, 'કોઈ આવીને આપણી આગળ આવી વાત નાખી જાય તો આપણે ડસ્ટબિન બનવું નહીં.' પણ આ વખતે તો સાહેબદાદાએ કહ્યું, 'તમારી આગળ આવી વાત કરવાની કોઈ હિંમત કરે તો ઉપાડીને એક થપ્પડ આપી દેજો, કંઈ પાપ લાગશે નહીં.' એટલા બધા પાવરથી સાહેબદાદા બોલતા હતા કે, આપણને એટલી તો ખબર પડે કે, આપણે આ ધંધા કરીએ છીએ તેમાં મોટા પુરુષ રાજી નથી, એમને ગમતું નથી.

અહીંયાં 'કદી' શબ્દ જે વાપર્યો છે, એનો અર્થ એમ કે, રોજ દિવ્યભાવમાં રહેવું, મનુષ્યભાવમાં કદી જવું નહીં.

અત્યારે આપણે જે આ ગોષ્ઠિ કરી રહ્યા છીએ એ આપણી પોતાની આધ્યાત્મિક સાધના માટેની વાત કરી રહ્યા છીએ. આપણે કોઈને સ્વરૂપ ઓળખાવી નથી દેવું, કોઈને જ્ઞાન સમજાવી નથી દેવું, મારે પોતે આ બ્રહ્મતત્ત્વને સારી રીતે જાણીને 'બ્રહ્મરૂપે રહીને પરબ્રહ્મની ઉપાસના કરતા થવું છે'–જે મૂળભૂત સિદ્ધાંત છે, જેનો સ્વામિનારાયણ ભગવાને 'શિક્ષાપત્રી'માં સર્વજન હિતાય ઉપદેશ આપ્યો છે.

યોગીબાપાનું આ કીર્તન ગોરધનકાકાએ એમના સમયમાં બનાવ્યું ત્યારે આવું બધું બહુ ચાલતું હતું. અમારા સમયમાં એવા જે બધા પ્રસંગો બન્યા એમાંથી અમે પસાર થયા અને અત્યારે પણ રોજેરોજ બની જ રહ્યું છે ને ! ચોવીસ કલાકમાં રોજ બનતા નાના–મોટા પ્રસંગોમાં ગુણ જોવો ને મહિમા સમજવો – આ ગણિતને પાકું કરતા જઈએ એટલો મનુષ્યભાવ ઓછો થતો જાય અને દિવ્યભાવ વધતો જાય, એટલો દેહભાવ ઓછો થતો જાય, હઠ, માન ને ઈર્ષ્યા ઓછાં થતાં જાય. ભગવાન ને ભક્તોનો મહિમા અને મહિમાથી થતી સેવા એ જ એકમાત્ર સાધન છે. હઠ, માન ઈર્ષ્યા જીતવા અને સંપ, સુહૃદભાવ ને એકતા રાખવા માટેનું આ એક જ સાધન છે.

*યોગી તારા સ્વરૂપમાં કદી, મનુષ્યભાવ ન આવે,*
*લીલા તારી દિવ્ય મનાયે, સંશય કદી નવ થાયે...*

આગળ દાખલો આપ્યો કે, યોગીબાપાએ અગરબત્તીનાં બે પડીકાં માંગ્યાં. શેઠ બહુ મોટા શેઠિયા હતા. મુંબઈમાં જશલોક હૉસ્પિટલ જતો રસ્તો છે ત્યાં જે ચોક છે, એ ચોકનું નામ આ શેઠના નામ પરથી છે. એવડા મોટા માણસ હતા. અને યોગીબાપાની આજુબાજુ રહેનારા સંતો-ભક્તો એમની આ આર્થિક મોટ્યપને જાણતા હતા. એટલે એમને થયું કે, બાપા ! માંગો આમની પાસે, તો આપણો હૉલ બંધાઈ જાય. પણ યોગીબાપા ચૈતન્યને જોતા હોય.

'*લીલા તારી દિવ્ય મનાય...*' બાપાએ એક વખત જબરી લીલા કરી. યજ્ઞવલ્લભ સ્વામી – 'દાસસ્વામી' છે એમણે બહુ રમૂજી પ્રસંગ કહેલો. એક હરિભક્ત બાળમંડળનાં પાંચ-સાત બાળકોને લઈને યોગીબાપાનાં દર્શન કરવા આવ્યા. બાપાએ બધાંને ધબ્બા મારી આશીર્વાદ આપ્યા પછી કહે, 'અહોહો, બહુ મંડળ વધાર્યું છે !' એ બધાં ગયાં પછી એક સાધુએ કહ્યું, 'બાપા એ મંડળનાં બાળકો નથી, એ એમનાં પોતાનાં બાળકો છે.' આ સંતોને યોગીબાપા સાથે બાપ-દીકરા જેવો સંબંધ હતો, સખાભાવ હતો. નવધાભક્તિમાં 'આત્મનિવેદનમ્'માં જતાં પહેલાંની જે ભૂમિકા છે એમાં આઠમું પગથિયું આવે છે સખ્યભાવ. આવા શિક્ષિત યુવાનોને રાતોરાત બાપાએ મૂંડીને દાદર મંદિરે સાધુ બનાવીને રાખી દીધા. એટલે બધા કેવા હતા ? તો યોગીબાપાને પણ જાણપણું આપે કે, તમારે કેવું કરવું જોઈએ ? શું કરવું જોઈએ ? આમ કોઈ એ બાપાને ઓળખાણ કરાવી કે, 'બાપા ! આ મંડળનાં છોકરાં નહોતાં, એમનાં ખુદનાં છોકરાં હતાં.' આ વાત યોગીબાપા નહીં જાણતા હોય ? એકબાજુ આપણે કહીએ છીએ કે, તેઓ અંતર્યામી છે, દિવ્ય છે ! પણ બાપા પણ એ યુવાન સાધુઓ સાથે ગમ્મત કરતા. તો આજે એ સાધુઓ ભગવાન ધારતા થઈ ગયા, ભગવાનનું કામ કરતા થઈ ગયા. યોગીબાપાએ શું કર્યું ? તો રમાડ્યા, જમાડ્યા, પોતાની પાંખમાં રાખીને સેવ્યા તો બધા ભગવાન ધારતા થઈ ગયા, ભગવાનનું કામ કરતા થઈ ગયા. દેશ-વિદેશ વિચરણ કરતા થયા ને અનેક જીવોને માયા પાર કરવાના માર્ગે ચલાવતા થયા. યોગીબાપાની સાથેના આવા પ્રસંગોમાં સંતોનો આ તો 'સખ્યભાવ' કહેવાય. પોતાના ગુરુ સાથે આવો સખ્યભાવ થાય તો પછી એમાંથી 'આત્મનિવેદનમ્' – સમર્પણ ભાવ થાય. 'હું પ્રભુનો ને પ્રભુ મારા, હું ગુરુનો ને ગુરુ મારા.' થાય પછી બે હાથ જોડાય છે.

'ગીતા'નો ઉપદેશ પણ આ જ કહે છે. અર્જુનને મનમાં જ્યારે જ્યારે જે જે પ્રશ્નો થયા એ એણે બહુ ખુલ્લી ને સ્પષ્ટ રીતે ભગવાનને પૂછ્યા. અને જ્યાં સુધી અર્જુનને સમાધાન ના થાય ત્યાં સુધી ભગવાને થાક્યા વગર એના જવાબ આપ્યા કર્યા. એમ ને એમ 'કરિષ્યે વચનમ્ તવ' કરીને શરણે જવાતું નથી. ભગવાન શ્રી કૃષ્ણે જ્યારે પોતાની પરમ લીલાના પરમ ભાવનું વિભૂતિ દર્શન કરાવ્યું ત્યારે તેને ખબર પડી.

ભક્ત કેવો હોવો જોઈએ ? નિષ્કપટ. 'ક્રોધ, દગા અને પ્રપંચ રહિત અમે થઈએ' એ શબ્દપ્રયોગ શાસ્ત્રીજી મહારાજની સામે બેસીને યોગીજી મહારાજે કર્યો અને આપણને પ્રાર્થના કરતાં શિખવાડ્યું છે. ભક્ત કેવો હોવો જોઈએ ? સરળ હૃદયનો – નિષ્કપટ. ભગવાનની લીલા અકળ છે. કળ હોય ને તો ચાવી લગાવો તો ખૂલી જાય. તાળું કેવી રીતે ખૂલે છે ? એની અંદર જે કળ હોય એની સાથે ચાવીના પેલા ખાંચા સૅટ થાય એટલે ખૂલી જાય. પણ આ તો અકળ ! તમે ગમે તેવી ચાવી લગાવોને તોય ખૂલે નહીં. તમારી અક્કલ, હોશિયારી, સમજદારીની વ્યાખ્યામાં જે ના બેસે એ અકળ કહેવાય. એટલે એને બહુ પવિત્ર શબ્દ – 'લીલા' કહી. મોટા પુરુષ શરીરની ક્રિયા જે કરે છે એ લીલા છે.

'*લીલા તારી દિવ્ય મનાયે, સંશય કદી નવ થાયે...*' મારી બુદ્ધિ – સંશય બુદ્ધિ છે. એ બુદ્ધિ જ્યાં સુધી દિવ્ય નથી થઈ ત્યાં સુધી તે સંશય કરે છે. એ બુદ્ધિને દિવ્ય કરવા માટેનું સાધન છે – એ બુદ્ધિનો ઉપયોગ ભગવાન ને ભગવાનના ભક્તોની સેવા-પરિચર્યા માટે કરો. આ કામ વધારે સરળતાથી કેવી રીતે થઈ શકે ? આ કામ ઓછી મહેનતથી કેવી રીતે થઈ શકે ? આ ચીજ-વસ્તુ ઓછા ખર્ચામાં કેવી રીતે પ્રાપ્ત કરી શકાય ? ત્યાં અક્કલ વાપરો. ભગવાન ને ભગવાનના ભક્તોની સેવા માટે જેમ જેમ એ અક્કલ, હોશિયારી, કોઠાસૂઝ, આવડત વપરાતી જશે તેમ તેમ એ દિવ્ય થતી જશે. અને એ દિવ્ય થયેલી અક્કલને 'પ્રજ્ઞા' કહેવામાં આવે છે. પેલી બુદ્ધિ છે, જે સામાન્ય વ્યવહારમાં આચાર-વ્યવહાર શિખવાડે છે અને રોટલા કમાવી આપે છે. જ્યારે ભગવાન ને ભગવાનના ભક્તોને અર્થે વાપરેલી બુદ્ધિ દિવ્ય બને છે ત્યારે દિવ્ય બનેલી એ બુદ્ધિ માટેનો સંસ્કૃત શબ્દ છે 'પ્રજ્ઞા'.

'*સંશય કદી નવ થાયે... જીવનભર એ માગું...*' આખું જીવન માંગ્યા કરવાનું – એનો અર્થ એ થયો કે, આ પાઠ પાકો કરવામાં આખી જિંદગી વપરાઈ જવાની છે. એક દિવસની શિબિરમાં આ પાઠ પાકો થવાનો નથી. કથા કરનારાને અને સાંભળનારાને બંનેએ જીવનભર આ સ્વાધ્યાય કરતા રહેવાનું છે. સ્વાધ્યાય = સ્વ + અધ્યયન – કે કેટલી શંકાઓ ટળી ? કેટલો કુતર્ક ટળ્યો ? કેટલો મનુષ્યભાવ ઓછો થયો ? અને કેટલો મહિમા અને દિવ્યભાવ વધ્યો ? મારે મારી જાતને સતત તપાસતા રહેવું એને સ્વાધ્યાય કહેવામાં આવે છે – સ્વ-અધ્યયન.

સ્વાધ્યાય એટલે પાઠ કર્યો એને પણ સ્વાધ્યાય કહેવાય. નિયમ છે – દરરોજ એક 'વચનામૃત' વાંચવું, દસ 'સ્વામીની વાતો' વાંચવી; એ સ્વાધ્યાય છે. પણ એ વાચન હું સ્વ-અધ્યયન માટે કરું છું કે, આ ભગવાનની પરમ વાણી મારા જીવન-આચરણમાં કેટલી આવી ? એટલા માટે વાંચું છું, માહિતી પ્રાપ્ત કરવા માટે નહીં. અત્યારે ઈન્ફોર્મેશનનો જમાનો છે, તમે ગૂગલગુરુ પાસે જાવ તો દરેક સવાલના જવાબ છે. પણ એ માહિતી છે-ઈન્ફોર્મેશન છે. તો આ સ્વ-અધ્યયન માટે બહુ સુંદર સંસ્કૃત શબ્દ છે 'સ્વાધ્યાય'.

(ક્રમશઃ) ◆





Divine Discourses of Sant Bhagwant Sahebji

# Spiritual Essence

*Dhuleti Mahaparva, Sahebji Pragatyotsav*
*Yogiji Maharaj Mahavidyalaya, Dhari Mahatirth, Thursday 21 March 2019*
*Original Discourse in Gujarati Transcreated by : Bhavisha Tailor*

**On** the joyous occasion of Dhuleti, my Jai Shri Swaminarayan to all beloved bhakto! We are so very fortunate and so blessed! To be on the very sacred soils of Dhari, where Yogiji Maharaj was born – the soils on which he lived and walked for sixteen years, and on top of that, to be in the presence of Ashvinbhai and Shantibhai who have truly attained the immense *prasannata*[1] of Yogiji Maharaj, Pramukh Swamiji, Mahant Swamiji, Hariprasad Swamiji, Kakaji, Pappaji, on these divine soils, is truly our exceptional fortune! We are so pleased and so happy that today on the auspicious day of Dhuleti, we have the opportunity to be here in Dhari – and for that, we thank you!

Yogiji Maharaj was truly an unimaginable being! It is impossible to describe him in words, and yet to offer our devotion, we have to use the support of words. Yogiji Maharaj's life overflowed with *dasatva-bhakti*[2]*.* When Bapa was the head of the Gondal mandir, he single-handedly did the work of ten men, in a way that we would not even be able to imagine. He would perform Thakorji's *pooja*, make Thakorji's *thaal*, perform the *aarti*, do the mahapuja, feed everyone, discourse to everyone in the sabha and make all the arrangements for bhakto's accommodation while they were there. And if you were to look at the seva he did! Devotees that came from England, America, Mumbai would need tea as soon as they got up in the morning. It is after having tea that their eyes open! Yogi Bapa would have tea made and sent to each of their rooms first thing in the morning.

Ordinarily, if you go to any temple they would have some sort of sign stating rules and regulations, such as what time one has to awake, what time one has to be present in arti etc. Years ago our whole team of Vratdhari Santo went to Vrajreshwari with Kakaji and Ba, to Muktanand Baba's ashram. He was such a great sadhu! A genuine sadhu! We had a meeting with him and then a sabha was held. Muktanand Baba himself showed us around the ashram. Then he took us for *darshan* to his Guru, Nityanand Baba's precinct which was further inside the village. At that time, the secretary came to tell us, 'Look, you are going out, but these gates will close at exactly 12 o'clock. Here the meal time is before 12 noon. Whoever enters these gates prior to 12.00pm will get a meal but if you come after this time, the gates will be closed, and you have to stay outside.' Whereas with Yogiji Maharaj, the doors were open 12 months of the year and 24 hours of the day! There were no boundaries of time or discipline! Otherwise in many ashrams, you have to wake up at 4.00am, bathe and perform your pooja; never mind if you are used to having bed-tea at home. Really would anyone ask for bed-tea in a mandir? In an ashram one's whole timetable changes to fit in with the ashram's timetable.

What was Yogi Bapa like? Until the age of sixty, he had never eaten milk or ghee, but would have tea made for

---

**[1] When God or Guru is so pleased with you that it culminates in an outpouring of grace, this is called *prasannata.***

**[2] Devotion that comes from complete surrender and servitude, from the depth of one whose life is entirely for God.**

devotees first thing in the morning. Because there would be ladies in the accommodation quarters for devotees, he would find a small boy to take the tea kettle and cups to each of the rooms. Devotees would be so pleased to receive tea at 5.00am while staying at the mandir! This is the kind of seva Bapa did. Just think about it! In his heart there was so much love for devotees! Yogiji Maharaj through his own life and actions showed us a key, that by performing the seva of devotees, God's *prasannata* is attained.

When us youths would travel with Bapa, we were like an army of monkeys. We would say to the elderly that would be travelling with Bapa too, 'you old people, move to the side.' Bapa would immediately say, 'You cannot address them in that way, you must say 'Aksharmukto'!' Bapa would make us massage the legs of the elderly, feed them, give them water. If you think about it, what he did was to get all of us youths immersed in the seva of bhakto. But the core principle of pure Akshar Purushottam Upasana is to have love from the core of your being, for such a Satpurush. If you have love from the core of your being, then you will act to please him and consequently all of your self-absorbed inclinations will disappear – all of your self-centeredness will go. Youngsters do not like to bow to anybody, to tolerate anybody or serve anybody and on top of that Patidar youngsters do not even do any work at home, so how would they do it at the mandir? Bapa got such princes to sweet the floors, clean the bathrooms, empty the sewage tanks and clear the rubbish pits. Who would be able to do this?! Yogiji Maharaj was the manifest *swaroop* of God. Whoever Bapa assigned any seva to, one simply would not be able to say no. In our hearts this one sentiment was constant – that we would do anything to please Bapa! It was Yogiji Maharaj's exceptional, unconditional love that ignited this sentiment in the hearts of all the youths and as a result the gift of such Santo as Mahant Swamiji, Hariprasad Swamiji, Dr Swamiji, Guruji, Ashvinbhai, Shantibhai, Ratibhai, Sanandbhai and V.S.. These are not ordinary sadhus!

The *dasatva-bhav* with which Bapa lived, is the expectation that everyone keeps. People think 'My Guru used to sit in this way,' so does that mean all the Guru's should sit in that way? Yogi Bapa would always be subservient, always bow before all, he would bear everything, whereas this sadhu glares at us if he needs to. Our forefathers used to wear *chorna's* and tie a *faaliyu*[3] round their head. So for you to be recognized as their heirs do you have to wear a *chorno* and tie a *faaliyu* round your head? If you are carrying out their work, looking after the family, looking after their farming, performing their trade, looking after all the relatives – then you are the heir!

Just look at Ashvinbhai! There is such *dasatva-bhav* within him. *Dasatva-bhav* means one does not live as a boss, but as the complete servant of God. If we live our lives as God's own, perform our devotion for God, perform seva with the aim of pleasing God, and remain humble by perceiving the God within our own hearts; then that is *dasatva-bhav*! Yogiji Maharaj was the manifest form of *dasatva-bhav*. If you were to look, when a mango tree bears fruit, the tree's branches all bow with the weight of the fruit. Similarly when the fruits come, when one attains something (spiritually), then *dasatva-bhav* is sparked, humility comes, one's inner being bows before others, there is politeness and modesty in one's words, and no matter what situations arise, one's equanimity is not disturbed, and such a person is always laughing! That is *sadhuta*. It is this type of *sadhuta* that Yogiji Maharaj gave to these youths out of pure grace, by keeping them with him and immersing them in his love.

Yogi Bapa was a walking university. Right now we are able to sit in front of these Santo and take full benefit by conversing with them, but back then, there was no such chance – there was no such place, and so we would simply travel with Bapa while he was on *vicharan*[4]. When Ashvinbhai, Shantibhai and the youths would travel with Bapa, there would be so many programmes going on, that nobody would even take a second look at them, or look after them. People would say - you youngsters are an army of monkeys, so you come last. They would not get

---

**[3] A *chorno* is a traditional cotton trouser-like garment that was worn by farmers, which is very baggy at the top and tight round the calves and ankles. A *faaliyu* is a 5 metre long cotton cloth tied in a special way to form a protective head-dress.**

**[4] To travel from place to place with the sole aim of carrying out God's work**

transport, they wouldn't get accommodation, and in all the commotion – their slippers would go missing, their clothes would get lost, even their towel would go missing and yet they would run after Bapa and without a single complaint, keep doing their seva. Just think about it! In spite of this, these youths would not even mention going home, they would not complain and nor would their enthusiasm for seva diminish in the slightest! How deep must their desire to please Bapa be! And how much longing must Bapa have ignited in their hearts for them to want to live their lives for God! Even in the extreme heat, they would walk from place to place and go where Bapa went, and no matter what circumstances, or situations they faced – their gaze would only be on Bapa and they would joyfully and harmoniously, all carry out the seva Bapa had assigned to them. If you look at those youths right now, they have attained the utmost *prasannata* of God, as well as Bapa's utmost *prasannata* and through their life and actions they grant us *darshan* of genuine *sadhuta.*

On these sacred soils, let us make a resolution : 'Bapa! You manifested on these soils, and have truly showered so much grace upon us by presenting us with the gift of such sadhus! How do we ever repay our indebtedness to you? May we never place obligations upon them, may we follow their *aagna*[5], and carry out *seva* and devotion in the way that they like.' Then this will be an offering of true devotion towards Bapa.

Bapa had so much *mahima*[6] for his Guru, that when he went to the sacred soils of his Guru's birthplace, he got up at 5.00 in the morning and uttered this exceptional, devotionally laden prayer. Credit goes to the Santo and Yogeshwar's who were with him, for recording the prayer and then publishing it in the monthly newsletter. Credit to Dadukaka and Pappaji too, for bringing it into focus for us by making us read and study it everyday. Through the 'Sunrut', Mahant Swamiji gifted us this prayer to read everyday. If we were to try to describe it, hours and hours would not be enough – such is the exceptional work that Shastriji Maharaj did, and such is the exceptional life that he lived. To describe this would take volumes and volumes, but Yogiji Maharaj captured the exceptional glory of his Guru in twenty-five lines. Just think about it. Bapa was not that educated, he was not a Sanskrit scholar, he did not have such command over language – but he was the manifest *swaroop* of God, and so in the sacred birthplace of his Guru, he spoke so exceptionally of his Guru's glory, and let it flow so naturally through this prayer – through which he gave us true *darshan* of Guru-bhakti.

For us, Yogi Maharaj's birthplace holds exactly the same significance – it is so sacred; it is a place of pilgrimage. And these Santo are what we call 'moving' places of pilgrimage; and for us, both have converged here. In our hearts, the glory of these 'moving places of pilgrimage' is as immense as our renowned places of pilgrimage – and that is why we have it made! In the same way that you hold the immense glory of this sacred place of Dhari, the birthplace of Yogiji Maharaj and the Dhari Mandir in your hearts, you perceive the glory of each of these moving places of pilgrimage – Ashvinbhai, Shantibhai and these Santo to be exactly the same and that is why we have it made! This is an astonishing development. You have no idea how huge this attainment is! And what great spiritual work is taking place in all of your lives! What people out in the world have no idea about, you have attained in your hearts just like that! That is why there is no one as fortunate as you.

But the one thing you must take care of – is to continue your seva, your *katha-varta* and your dhun, bhajan and prarthana. Bapa loved dhun. If anything were to happen, Bapa would say, 'Lets do dhun!' If some youngster would come to him and say, 'Bapa, I am not able to find a job.' Bapa would reply, 'Lets do dhun!' Another would come and say, 'Bapa, I want to get married but can't find a bride.' Bapa would say, 'Lets do dhun!' Someone else would say, 'Bapa, I have a job but I am not enjoying it,' and Bapa would say, 'Do dhun!' Another would come along and say, 'Bapa, I am married but we have so many difficulties and we want to get divorced,' Bapa would say, 'Do dhun!' There was only one medicine that Bapa would give out to everyone and that was, 'do dhun!' And truly it is the best and the most

**[5] Any instruction given by God or Guru, which is always for our spiritual benefit**

**[6] Mahima refers to an inner understanding of glory, virtues, qualities and greatness.**

effective : Swaminarayan… Swaminarayan… Swaminarayan…! Just think about it – it is so easy! It is not that you have to spread a beautiful sheet, put a murti, sit in the lotus posture and do dhun and it is only if these conditions are met that God listens. This is not wi-fi, that the network comes and goes. God's network is always on – his network is never off, no matter where you go! Bhagwan Swaminarayan has gone to the extent of saying, 'No matter what activity you are engaged in, even whether it is pure or impure – simply remember me, and I will listen.' Who would say this? Just think about it! That is why you must cultivate the habit of doing dhun. Bapa would always make everyone do dhun, whatever the situation. He would make everyone do so much dhun, that for people like us who would be with him, it simply became a habit! Swaminarayan… Swaminarayan… Swaminarayan! Let us do this.

This is why Gunatitanand Swami has said in his *Vaato*, 'Do your dhun, and carry out all your activities, then your inner being will be at peace.' How will it be at peace? If you are doing dhun as you carry out any activity – then you will not get attached to the activity. Man is pained not because of his actions, or because of his business, nor is he suffering because of the problems that arise because he lives in society, is married, has children etc.; man suffers because of his attachments to them. In the same way that a doctor might put a small plaster on you, and then if someone pulls that plaster off….? We would scream 'ouch!' The reason is that the plaster is attached to your skin, and when you try to pull it off, it hurts. Similarly whatever you are stuck to, will make you suffer – this is absolutely certain! So is there any such solution, that would stop us from getting attached everywhere - Where one may live in the world and yet be above it? Where one may go about one's daily life, do business, have a family etc. and yet not be emotionally stuck to it all? Where one may earn millions of rupees and still not be attached to them? Where one may wear gold ornaments and yet not be attached to them? Think about it, for those who live in the world, they do not feel it is worldly. That is why someone has said, the worldliness is not out there; it is inside us. Everything is inside us, and yet everyone is fumbling outside. If you want to cross a river, you need a boat. The boat is on the water and yet it takes us across the water. But what if that water was inside the boat? The boat would sink. Similarly, it is fine to be out there in the world but don't bring the worldliness inside; if you do this, then you will not suffer. But man suffers because that worldliness is inside. Then even if you were to live in the solitude of a jungle, you will still suffer – because you have those attachments within you. It is these internal worldly attachments that we need to get rid of.

When the sun shines, does anyone have to tell the darkness to leave? When the sun rises, the darkness goes automatically. It is because of the absence of light that we have darkness; similarly it is because of the absence of God that we have worldliness. If you bring God into your lives, then there will be light. By light, we mean – *nirdosh-bhav*, *divya-bhav*[7], living in harmony and living joyfully. If you were to look, there are many types of insects that automatically go away when there is light – you do not have to make any special effort to get rid of them. Similarly, we do not need to make a special effort to get rid of the internal junk we carry, but if we simply kindle the light of God in our lives, that internal junk will leave, just like the insects. But how do we kindle the light of God? You do this by joining with such a Sadhu, and cultivating inseparable loving association with him such that you feel, 'I am yours and you are mine'. You do this by following his *aagna* and doing that which pleases him – by joining full force in seva. You will not lose out in this, simply take the plunge – He will catch you! Follow his *aagna* with supreme faith and trust – and keep *nirdosh-bhav* and *divya-bhav* for all bhakto. The only reason you are not able to maintain this at all times is because our bodily inclinations get in the way. The mind, intellect and ego which form the subtle body, get in the way. To cleanse the subtle body, you have to do dhun. You have to pray and do *swadhyaya*[8].

There are three things that we must absolutely abide by. According to Yogi Bapa's *aagna*, you must do a weekly sabha and you must do it sincerely. You must get everyone

---

**[7] The inner feeling and conviction that God and all of God's devotees are divine and faultless.**

**[8] The spiritual practice of reading, studying and reflecting upon scripture and discourse.**

together, joyfully and enthusiastically. It is Yogiji Maharaj's *aagna*. If there was any one activity that we could say was Yogiji Maharaj's favourite, it would be the weekly satsang sabha! Secondly, you must perform the seva of God's devotees. Immerse yourself in God's work and work with oneness, unity and spiritual harmony. And thirdly, you must regularly do dhun and prayer. This was what Bapa liked. If we live a life like this, then God's light will be sparked within. Our internal inclinations that make us suffer will not remain, there will be no hurdles; they will automatically dissolve. If you look – Yogi Bapa made it a habit for us to do dhun, seva and *katha-varta* – and there are so many situations that arose in our lives, and so many hurdles – but the one who protected us throughout them was this divine being. He kept us still, gave us strength and so we laughingly and joyfully crossed all the hurdles. That is why you must keep the habit of *katha-varta*. Do *sabha* – do *katha-varta* – do dhun and prayer and do seva. Absolutely go flat out and do seva. Do the seva of God's devotees with *mahima*. Yogi Bapa himself did this, and taught us this.

Yogiji Maharaj would say, 'If I was writing and my Guru Shastriji Maharaj were to call out 'Yogi' then I would immediately put my pen down and get up. If I were to be eating, I would put down my morsel and get up.' This Guru followed his Guru's *aagna* so eagerly and completely. Similarly, we also have to keep the constant inner drive to follow *aagna*. If we do this, then even if we live in the world, we will be above it. Go out there and do everything you need to do in the world – get married – get your children married – wear good clothes to the weddings, wear jewelry; none of this is going to bind you down, remember! I have seen that for all of you, gold is not an attachment at all. For the murti's in the new mandir, all of you immediately gave your gold. And for bhaiyo, wealth is not an attachment – whenever you come to the mandir you bring money with you for the new mandir seva. You are always doing some form of seva. So this is not binding; it is not a weakness, and you do have to earn money. Bhagwan Swaminarayan himself has said, that householders should work or carry out business and earn money. But you have to make sure that you don't develop a weakness for it, and thereby don't have to go into this whole cycle again – and for that reason, plunge into seva and use your wealth for seva. Even if you were to help a common man – he will never forget you, and so if you plunge yourself in God's work, would He ever forget that? He will return it to you exponentially multiplied. Yogiji Maharaj used to say that the entire world's *Laxmiji*[9] also wants to be cleansed, so how can this happen? It is when *Laxmiji* is used in God's work that she can be cleansed. That is why Bhagwan Swaminarayan then sends *Shri Laxmiji* to us. Let us live as God's children; while doing dhun, let us carry out all our other activities, then we will not become attached to any activity. Remember – you can then rule the whole world, but still remain above and aloof from it.

Janak Raja was the king of Mithila. On one side of the river, was the kingdom, and on the other bank was his Guru's ashram. Every evening, he would attend the sabha. Once in a while, if King Janak was occupied with work, he would be 5 to 15 minutes late for the sabha. The Guru would say, 'we will wait for King Janak and then start the discourse.' Many sadhus would think, it is because Janak is a king and because of his status that our Guru attends to him so much, and waits for him. The Guru thought, 'I will have to help my Santo get rid of this negative inner sentiment, otherwise they will suffer.' Remember! It is not your shortcomings that make you suffer, it is *manushya-bhav*[10]! So the Guru gave rise to an incident. One day, everyone was seated, and the sabha began only after King Janak arrived. Just then, there came shouts from the back, 'the kingdom of Mithila is on fire!' With such shouting and commotion, all those from Mithila got up and ran. On this side were the sadhu's residences, so they too got up and ran towards the ashram. Now there was only the Guru and King Janak left in the sabha, while everyone else had got up and fled. The Guru asked King Janak, 'Janak, your whole kingdom is burning, why are you still sitting here?' The king replied, 'Gurudev! The whole kingdom may burn, but none of it is mine. You are everything to me, and you are here,

---

**[9] *Laxmiji* refers to the Goddess of wealth and this word is also synonymously used to refer to wealth.**

**[10] Doubt in the divinity of God or the Satpurush – to think of Him or His actions as human and not divine**

that is why I am still sitting here.' The sadhus and others all returned a little while later because there was no real fire. The Guru had given rise to an illusory fire - so it seemed like Mithila was burning but actually it was not. The Guru asked his sadhus, 'Your only possessions are a saffron robe and a *dhoti*; even the ashram you live in was built from the charity we receive– so then why did you run? Whereas the person that needed to run – stayed and sat here.' That is when the sadhus understood that the Guru rightly sings the praises of King Janak! They accepted their mistake. Janak was a king; he administered the whole kingdom, and where necessary even gave out punishment. He had a wife and children, and his administrative duties were vast – even then he became known as *'videhi*[11]*'.* The reason was that he was not attached to anything. He was attached only to his Guru.

Bhagwan Swaminarayan has shown that if you remain attached to God and to the Satpurush, and even if you are fully engaged in worldly life, you will not suffer; you will remain aloof from it. Yogiji Maharaj lived like this. He lifted the entire Bochasan sanstha. Remember! Within the Bochasan sanstha, there was a time when there were no people, there was no food and there was no money! There was a shortage of all three, and on top of that there was a shortage of stone (for construction). Shortage of food – meaning there was a shortage of grains and Bapa would say, 'when we were building the mandir in Sarangpur, we had to walk ten kilometers to the village of Khambhda to ask for alms.' Bapa would go at 8.00am and by the time he would finish, he would have received about 10 kilos of grains! He would then return, clean the grains, grind them and then cook! The stoves of Sarangpur could only be lit by begging for alms in Khambhda – just think about it! They could only eat after asking for alms – on a daily basis! The sanstha did not have people – meaning they did not have any manpower. They had no stone – so they could not build mandirs, and they had no money, so they could not even buy the stone. This was the situation the BAPS sanstha faced at that time. It is through Yogiji Maharaj's austerities, his *sadhuta*[12], his Gunatit state of being that he lifted the whole Sanstha! Today it is the best organization in the world – and everyone has accepted this. There is absolutely no shortage of food, manpower, money or stone – and if you look at how well everything is organised – anyone would be impressed. This kind of devotion cannot be sparked without God's *prasannata* and the Guru's grace.

If you look at the Dhari mandir here, you would be so pleased. It is Bapa's birthplace and the whole mandir campus is so beautiful! It is not only in this one place, but it is like this in so many places! What a huge Sanstha, and how many Santo Bapa initiated – and yet Yogiji Maharaj was completely aloof from it all! This complete detachment – he wanted to give to us too, and that in itself is the greatest spiritual achievement – it is *Gunatit-bhav.* That *bhav* can be ignited in householders and sadhus – it can be ignited in everyone. Alongside such sadhus, Bapa also prepared such householders.

Truly, all of us that have come - let us make the resolution to leave everything behind here. What must we leave behind? Not your wallet or your jewelry – but all of your internal baggage! Whatever our innate nature, characteristics that God would not be pleased with, whatever does not allow us to keep oneness, unity or spiritual harmony, whatever stops us from doing seva harmoniously – whatever our pre-conceived ideas, opinions, biases, internal knots – let us leave all of this behind. We want to keep you Lord, and only you! We want to genuinely live our lives as your children. Wherever we go, we want to live in surrender to you and live in devotion to you. Whatever our nature or characteristics that get in the way of this, whatever bodily, physical inclinations that present themselves as obstacles in this, we want to leave behind in Dhari, at your lotus feet. Make this resolution and do dhun.

Jai Shri Swaminarayan! ◆

---

**[11] *Videhi,* refers to one who is completely aloof from the pleasures of the world and who has no weakness for those pleasures. It spite of having a body, such a person lives in a state that is beyond the body.**

**[12] Sadhuta refers to the qualities of a true sadhu such as humility, complete selflessness and surrender, with the recognition of God as the Supreme All-Doer. Because of his sadhuta, the true sadhu will never act for his own benefit. He is natural, simple and joyfully immersed in God.**



# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૧ મે, બુધવાર...** સવારે ખારઘર મંદિરના ૧૨મા પાટોત્સવ પ્રસંગે મૂર્તિઓની પૂજનવિધિ કરી સભામાં પધારેલ સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. ખારઘર પોલીસ સ્ટેશનથી મોટી સંખ્યામાં દર્શનાર્થે આવેલ પોલીસ ઑફિસરોનું સન્માન કર્યું તેમજ ખારઘરના સમર્પિત ભક્તોનાં સન્માન કર્યાં. સાંજે ખારઘરમાં હરીશભાઈ સેજપાલના ઘરે પધરામણી કરી પરિવારના મુક્તોને આશીર્વાદ પાઠવ્યા. આફ્રિકાથી પધારેલ શૈલેશભાઈને ગોષ્ઠિનો લાભ આપ્યો. રાત્રે મંદિરે મોટી સંખ્યામાં ઉપસ્થિત સ્થાનિક ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૨ મે, ગુરુવાર...** ખારઘર મંદિરે નિવાસ કરી સ્થાનિક ભક્તોને દર્શન-ગોષ્ઠિનો લાભ આપ્યો. રાત્રિસભામાં સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૩ મે, શુક્રવાર...** સવારે મંગલપૂજામાં ઉપસ્થિત ભક્તોને લાભ આપ્યો. સાંતાક્રુઝ સ્થિત કનુભાઈ ગાંધી-જ્યોતિબહેનના ઘરે પધરામણી કરી પરિવારના સૌ મુક્તોને આશીર્વાદ પાઠવ્યા. બપોરે મુંબઈ ડૉમેસ્ટિક ઍરપૉર્ટથી ફ્લાઇટમાં વડોદરા પધાર્યા. રાત્રિસભામાં વચનામૃત ગઢડા પ્રથમ ૧૬ 'વિવેકનું'નું નિરૂપણ કરી સ્થાનિક ભક્તોને લાભ આપ્યો.

**૪ મે, શનિવાર...** સવારે નૂતન મંદિરનિર્માણની મીટિંગમાં પધારી સૌ કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું. બપોર પછી વડોદરા ઊર્મિલભાઈની જમીન ઉપર પધારી, પુષ્પવૃષ્ટિ કરી આશીર્વાદ પાઠવ્યા. અ.નિ. ગોવિંદભાઈની સ્મૃતિમાં યોજેલ 'શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ'ના પૂર્ણાહુતિ પ્રસંગે પધારી સૌને અદ્ભુત આશીર્વાદ પાઠવ્યા. આ પ્રસંગે ભાગવત વિદ્યાપીઠ-સોલાથી પધારેલ પ.પૂ. ભાગવત ઋષિજી અને વૈષ્ણવાચાર્યશ્રી ૧૦૮ ગોસ્વામી પ.પૂ. વ્રજરાજજી મહારાજ મહોદયશ્રીનાં દર્શન કરી સૌ સાથે શ્રીમદ્ ભાગવત સપ્તાહનું શ્રવણ કરી આનંદ માણ્યો. છેલ્લે સૌ સંતોએ સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૫ મે, રવિવાર...** સવારે નૂતન મંદિરના નિર્માણની મીટિંગમા માટે યોગી વિદ્યાપીઠમાં પધારી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું.

**૬ મે, સોમવાર...** સવારે સહાધ્યાયી તેમજ સેવાભાવી અ.નિ. નગીનભાઈ પટેલ (સોખડા)ની અંતિમવિધિમાં પધારી સદ્ગત આત્મા માટે તેમજ પરિવારજનોને બળ મળે તે માટે પ્રાર્થના કરી સાંત્વન પૂરું પાડ્યું.

**૭ મે, મંગળવાર...** સવારે દેવાંગભાઈ (ઈપ્કોવાલા)ને સત્કાર્યા. સાંજે બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજની સ્મૃતિમાં યોજેલ કીર્તન આરાધનામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તેમજ પધારેલ સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૮ મે, બુધવાર...** વેમાર નિવાસી બલિભાઈ-ધર્મિષ્ઠાબહેનની દીકરી ચિ. સચી-ચિ. શિવને લગ્ન નિમિત્તે આશીર્વાદ પાઠવી ગોષ્ઠિનો લાભ આપ્યો. બપોરે યુ.એસ.એ. પરત પધારતાં પૂ. કુસુમદીદીને વિદાય વેળાએ આશીર્વાદ પાઠવ્યા. બારાસડીથી પધારેલ પૂ. કાંતુકાકા-ઊર્મિલાબાને સત્કાર્યાં. યુ.એસ.એ.થી પરેશકુમાર પધાર્યા તેઓને ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે વડોદરાથી પધારેલ શંકરભાઈ-અનુપમ-હર્ષ આદિ પરિવારજનોને અંગત મુલાકાત આપી માર્ગદર્શન આપ્યું. અમદાવાદથી પ્રદીપભાઈ પોપટ-મિનિતાબહેનના દીકરા ચિ. ધ્રુવને વધુ અભ્યાસ અંગે માર્ગદર્શન આપ્યું.

**૯ મે, ગુરુવાર...** યુ.એસ.એ. પધારતાં રંજનબહેન પટેલ (નિઝર)ને આશીર્વાદ પાઠવ્યા.

**૧૦ મે, શુક્રવાર...** સાંજે સભામાં દીપ્તિબહેન પટેલ (વડોદરા) યુ.એસ.એ. જતાં હોવાથી વિદાયની શુભેચ્છાને આશીર્વાદ પાઠવ્યાં.

**૧૧ મે, શનિવાર...** બ્રહ્મજ્યોતિમાં નિવાસ કરી સ્થાનિક ભક્તોને સત્સંગનું સુખ આપ્યું. રાત્રિસભામાં સત્સંગલાભ આપ્યો.

**૧૨ મે, રવિવાર...** બ્રહ્મજ્યોતિમાં નિવાસ કરી સ્થાનિક ભક્તોને સત્સંગનું સુખ આપ્યું.

**૧૩ મે, સોમવાર...** સવારે પાસપૉર્ટ મુજબ પ્રાગટ્યદિને પૂજન-પુષ્પાર્પણ કર્યાં. પછીથી બ્રહ્મજ્યોતિથી સીધા અંકલેશ્વર મંદિરે પધારી સ્થાનિક ભક્તોના ભાવનો સ્વીકાર કર્યો તથા સભામાં અંકલેશ્વર મંડળના સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. સાંજે સુરત મંદિરે પધારી દર્શન કર્યાં. શ્રીજી મહારાજ દ્વારા નિર્મિત મંદિરોની કથાનું ચેતનભાઈ વ્યાસ તેમજ અનુપમ સૂરવૃંદના મુક્તો દ્વારા કથિત પારાયણનું શ્રવણ કરી ધન્યતા અનુભવી અને અનુપમ સૂરવૃંદના સૌ મુક્તો ઉપર પ્રસન્નતા વરસાવી.

**૧૪ મે, મંગળવાર...** સવારે સૌ સંતો સાથે અનુપમ મિશન-સુરત મંદિરની મૂર્તિઓની પાટોત્સવવિધિ કરી, આ પ્રસંગે પધારેલ સૌ

ભક્તોને દર્શન-આશીર્વાદનું સુખ આપ્યું. વ્રતધારી સંત પૂ. રાજુભાઈ ડેના પ્રાગટ્યદિને તેઓનાં જીવન-માહાત્મ્યની અદ્‌ભુત વાતો કરી. ઉત્સવસભામાં પધારી સમગ્ર સુરત પ્રદેશના ભક્તોને દર્શન- સમાગમનું સુખ આપ્યું. મોડી બપોરે ડૉ. બિમલભાઈના ઘરે પધાર્યા. રાત્રે સુરતના યુવાન મુક્તો માટે યોજેલ ખાસ સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૧૫ મે, બુધવાર...** સવારે સુરત મંદિરે પધારી દર્શન-પ્રાર્થના કરી સભામાં સ્થાનિક ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. સૌની ભાવભરી વિદાય લઈને નિઝર રંજનબહેનના ઘરે પધાર્યા, જ્યાં સ્થાનિક હરિભક્તોનો સત્કારભાવ ઝીલી ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. સાંજે નિઝરથી સૌ ભક્તોની ભાવભરી વિદાય લઈને રાત્રે બ્રહ્મજ્યોતિ-મોગરી પધાર્યા.

**૧૬ મે, ગુરુવાર...** યુ.કે. પધારતાં બારીન્દ્રભાઈ-બિન્દુબાને સાંજે સભામાં વિદાયની શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યાં.

**૧૭ મે, શુક્રવાર...** સવારે નડિયાદ નિવાસી નિષ્ઠાવાન મુક્તરાજ અ.નિ. મધુબહેન પટેલની અંતિમવિધિમાં પધારી સદ્‌ગત આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી તેમજ યુ.એસ.એ.થી પધારેલ નીલેશ અને સૌ પરિવારજનોને સાંત્વન પૂરું પાડ્યું. વિઠ્ઠલઉદ્યોગનગરમાં મુંબઈ સ્થિત તપનભાઈ-ઉમાબહેનની ફૅક્ટરી નૂતન રૂપરંગ આકાર સાથે નિર્માણ પામી તેના ઉદ્‌ઘાટન પ્રસંગે યોજેલ મહાપૂજામાં પધારી સૌને આશીર્વાદ પાઠવ્યા. પારમિતા મંદિરમાં ન્યૂઝીલૅન્ડ નિવાસી નિકેશભાઈ બારોટના પિતાશ્રી અ.નિ. નવીનભાઈની ત્રયોદશી નિમિત્તે યોજેલ મહાપૂજામાં આશીર્વાદ પાઠવી ગોષ્ઠિનો લાભ આપ્યો. તપનભાઈ-ઉમાબહેન સાથે પધારેલ સૌ માનવંતા મહેમાનોને પારમિતા મંદિરે સત્કાર્યા. સાંજે 'નિજાનંદ'માં ગ્રીષ્મ શિબિર પૂર્વે યોજાયેલ યુવતીઓ તેમજ ગૃહસ્થ બહેનોની એક દિવસીય શિબિરમાં પધારી સૌને આશીર્વાદ પાઠવ્યા. રાત્રે અનુપમ મિશન-યુ.કે.ના પ્રમુખ વિનુભાઈ નકારજાને ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૧૮ મે, શનિવાર...** સવારે અલ્હાબાદ-ગુરગુલ્લાની યાત્રાથી પરત પધારેલ પ.પૂ. પૂનમભાઈ, પૂ. ઉમેશભાઈ, પૂ. બિમલભાઈને સત્કારી આશીર્વાદ પાઠવ્યા. રાત્રે પારમિતા મંદિરે સભામાં અદ્‌ભુત સત્સંગલાભ આપ્યો. સભા બાદ સેલમથી પધારેલ રણછોડભાઈ, દહેરાદૂનથી પધારેલ હરુભાઈ અને યુ.એસ.એ. પધારતાં રંજનબહેન પટેલ-નિઝરનું અભિવાદન કરી આશીર્વાદ પાઠવ્યા. મોડી રાત્રિ સુધી સમન્વયમાં ભક્તો સાથે બિરાજી ગોષ્ઠિનો લાભ આપ્યો. યુ.કે. પરત પધારતાં વિનુભાઈ નકારજા-સોનિયાભાભીને વિદાયની શુભેચ્છા સાથે આશીર્વાદ પાઠવ્યા.

**૧૯ મે, રવિવાર...** સાંજે હરિવંદના કૉલેજ-રાજકોટના સર્વેશ્વરભાઈ ચૌહાણ તથા તેઓના સાથી મિત્રોને મુલાકાત આપી આશીર્વાદ પાઠવ્યા. નૂતન મંદિરના નિર્માણકાર્ય અંગેની મીટિંગમાં પધારી કાર્યકર્તાઓને આશીર્વાદ પાઠવ્યા. અમદાવાદથી પૂ. દ્વિજેનભાઈ સાથે સાઉથ આફ્રિકાથી પધારેલ અર્પણભાઈ શાહ તથા સ્નેહી મિત્રોને ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૨૦ મે, સોમવાર...** પ્રજ્ઞાનતીર્થમાં આયોજિત 'યોગી યુવા ગ્રીષ્મ શિબિર-૨૦૧૯'ની ઉદ્‌ઘાટન સભામાં પધારી સૌ શિબિરાર્થીઓ તેમજ કાર્યકર્તાઓને આશીર્વાદ પાઠવ્યા. રાત્રે પારમિતા મંદિરે યોજેલ પ.પૂ. અશ્વિનદાદા, પૂ. ગોપાલભાઈ, પૂ.વાસુભાઈની વિદાય-મિલનસભામાં પધારી સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૨૧ મે, મંગળવાર...** વહેલી સવારે ઍરપૉર્ટ પધારતા પ.પૂ. અશ્વિનદાદા તથા સંતોને વિદાયવેળાએ આશીર્વાદ પાઠવ્યા. ત્યાર પછી સમન્વયની લૉનમાં સ્થાનિક ભક્તો સાથે બિરાજી ગોષ્ઠિનો આનંદ કરાવ્યો.

**૨૨ મે, બુધવાર...** સવારે પ્રજ્ઞાનતીર્થમાં યોગીનગરમાં શ્રી યોગી યુવા ગ્રીષ્મ શિબિરના શિબિરાર્થીઓને આશીર્વાદ પાઠવ્યા. સાંજે વ્રતધારી સંતોની અઠવાડિક સભા-મીટિંગમાં પધારી આશીર્વાદ પાઠવ્યા. રાત્રે ગ્રીષ્મ શિબિરના શિબિરાર્થીઓના આનંદબ્રહ્મ કાર્યક્રમમાં પધારી સૌ શિબિરાર્થીઓને તેમજ સૌ કાર્યકર્તાઓને આશીર્વાદ પાઠવ્યા.

**૨૩ મે, ગુરુવાર...** સવારે પ્રજ્ઞાનતીર્થમાં ગ્રીષ્મ શિબિરની સભામાં યુવા શિબિરાર્થીઓને આશીર્વાદ પાઠવ્યા. સાંજે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની સ્મૃતિમાં ગ્રીષ્મશિબિરના શિબિરાર્થીઓ દ્વારા યોજેલ કીર્તન આરાધનામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તથા આ પ્રસંગે ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. વિશેષ સૂરવૃંદના સૌ કલાકાર શિબિરાર્થીઓને તેમજ કાર્યકર્તાઓને બિરદાવ્યા.

**૨૪ મે, શુક્રવાર...** સવારે શિબિરાર્થી અક્ષરમુક્તોને સત્સંગલાભ આપી જીવન જીવવાનું માર્ગદર્શન પૂરું પાડ્યું. પારમિતા મંદિરે રાત્રિસભામાં સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૨૫ મે, શનિવાર...** સવારે પ્રજ્ઞાનતીર્થમાં ગ્રીષ્મ શિબિરની સભામાં પધારી સૌને જીવન જીવવાનું અદ્‌ભુત માર્ગદર્શન પૂરું પાડ્યું. રોજિંદા જીવનમાં ધ્યાનમાં રાખવા જેવી સામાન્ય બાબતોને જેમ શિક્ષક ક્લાસરૂમમાં ભણાવે તેમ શિબિરાર્થીઓને બૉર્ડ પર લખી-દોરીને સમજાવી. સાંજે પ્રજ્ઞાનતીર્થમાં શિબિરાર્થી બાળકો દ્વારા નૂતન મંદિરના થીમ પર આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળી સૌ કલાકારો તેમજ તેઓ પાછળ જેઓએ જહેમત ઉઠાવી તેવા કાર્યકર્તાઓને બિરદાવ્યા.

**૨૬ મે, રવિવાર...** સવારે ગ્રીષ્મ શિબિર પૂર્ણાહુતિ સભામાં પધારી સૌને આશીર્વાદ પાઠવ્યા. વિશેષ, સમગ્ર શિબિરની સફળતા પાછળ વ્રતધારી સંત પૂ. હર્ષદભાઈ, પૂ. પરેશભાઈ, પૂ. યજ્ઞેશભાઈની ટીમ તેમજ સીમાબહેન, ઊર્જાબહેનની ટીમ આદિ સૌ કાર્યકર્તાઓને તેઓની સેવા બદલ બિરદાવ્યાં. સાંજે નૂતન મંદિર નિર્માણ કાર્ય માટે સક્રિય કાર્યકર્તાઓની ITC હૉલમાં યોજેલ સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. રાત્રે પરત પધારતા સૌ શિબિરાર્થીઓ તેમજ દરેક પ્રદેશના સક્રિય કાર્યકર્તાઓને વિદાયવેળાએ આશીર્વાદ આપ્યા.

**૨૭ મે, સોમવાર...** સવારે બ્રહ્મજ્યોતિ પર સ્થાનિક ભક્તોને લાભ આપ્યો. રાત્રે માણાવદર તથા મહુવાના ભક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૨૮ મે, મંગળવાર...** સાંજે અમદાવાદ ઉપાસના ધામ મંદિરે પધારી દર્શન કર્યાં તથા સ્થાનિક કાર્યકર્તાઓને આશીર્વાદ આપી શાહીબાગ પધાર્યા. અ.નિ. પૂ. રજનીભાઈની પ્રથમ પુણ્યતિથિ સાથે પ.પૂ. પપ્પાજીની પુણ્યતિથિ નિમિત્તે 'સમર્પણ' નિવાસે યોજેલ સભામાં પધારી પ.પૂ. પપ્પાજી-પૂ. રજનીભાઈના જીવન-માહાત્મ્યની અદ્ભુત વાતો કરી. રાત્રે દહેગામ વાડીભાઈના ઘરે પધારી રોકાણ કર્યું.

**૨૯ મે, બુધવાર...** સવારે દહેગામમાં વાડીભાઈ-ક્રિષ્ણાબહેનના ઘરમંદિરે સ્થાનિક ભક્તોને મંગલપૂજા-દર્શનનો તેમજ સત્સંગનો લાભ આપ્યો. ઝવેરભાઈના સ્વાસ્થ્યલાભ માટે તેઓના ઘરે પધારી નિરામય સ્વાસ્થ્ય માટે ધૂન-પ્રાર્થના કરી, ગોષ્ઠિ કરી આનંદ કરાવ્યો. શાંતિભાઈ-નર્મદાબહેનના ઘરે પધરામણી કરી પરિવારના સૌને આશીર્વાદ આપ્યા. દહેગામથી સાંજે નડિયાદ પૂ. નીલેશભાઈ યુ.એસ.એ. પરત પધારતા હોવાથી મળવા પધાર્યા ને આશીર્વાદ આપ્યા. આણંદમાં સંદીપભાઈ-વીણાબહેનના ઘરે પધરામણી કરી, અહીં એકત્ર થયેલ ધારી તીર્થધામની દીકરીઓને સત્સંગલાભ આપ્યો.

**૩૦ મે, ગુરુવાર...** બપોરે હૈદરાબાદથી પધારેલ અમિતભાઈ-અંકિતાબહેનને સત્કારી આશીર્વાદ આપ્યા. રાત્રે પારમિતા મંદિરના પ્રાંગણમાં બિરાજી સ્થાનિક ભક્તોને આનંદ કરાવ્યો.

**૩૧ મે, શુક્રવાર...** વહેલી સવારે મંદિરમાં આરતી અર્પણ કર્યા બાદ હૃદયકુંજમાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના ૧૨૮મા પ્રાગટ્યપર્વે તેઓની મૂર્તિ સમક્ષ યોજેલ મંગલ સભામાં પધારી સૌને યોગીબાપાના મહિમાની અદ્ભુત વાતો કરી આશીર્વાદ આપ્યા. સાંજે મોટી સંખ્યામાં ભક્તોને લઈને 'પપ્પાજી તીર્થ' પધારી પ.પૂ. પપ્પાજીની સમાધિ ઉપર પુષ્પમાળા અર્પણ કરી, ધૂન-પ્રાર્થના કર્યાં અને ઉપસ્થિત સૌને આશીર્વાદ આપ્યા. રાત્રે વર્ણીકુંજમાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના પ્રાગટ્યોત્સવની સભામાં સૌને યોગીજી મહારાજના માહાત્મ્યની અદ્ભુત વાતો કરી આશીર્વાદ પાઠવ્યા. ◆

સ્વામિશ્રીજી

## સંતભગવંત સાહેબજીએ આપેલ
# ચાતુર્માસના વિશેષ નિયમો...

'શિક્ષાપત્રી'માં શ્રી સ્વામિનારાયણ ભગવાને આપેલ આજ્ઞા મુજબ અષાઢ સુદી એકાદશી, ૧૨ જુલાઈ ૨૦૧૯થી શરૂ થઈ રહેલ ચાતુર્માસમાં આ સાથે લખેલ નિયમોમાંથી આપણી શ્રદ્ધા-શક્તિ મુજબના નિયમો લઈ, પ્રભુબળે તે કાર્તિક સુદી એકાદશી-૮ નવેમ્બર ૨૦૧૯ સુધી પાળી આપણા પ્રભુ અને પ્રગટ સંતોની પ્રસન્નતા પ્રાપ્ત કરીએ.

૧. રોજ અડધો કલાક 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનો જપયજ્ઞ કરીએ... કે જપયજ્ઞ સાથે મહામંત્રનું એક પાન લેખન કરીએ.

૨. રોજ આપણા નિયમની માળા સાથે પાંચ, અગિયાર કે વધુ માળા ફેરવવાનો નિયમ લઈએ. અથવા તો આપણી પૂજામાં કે મંદિરે જતા હોઈએ ત્યાં 'સ્વામિનારાયણ' મંત્રના જાપ સાથે અધિક પ્રદક્ષિણા કરીએ.

૩. પ.પૂ. યોગીબાપા કહેતા, 'આ સમયમાં સગાં-સ્નેહી-મિત્રોમાંથી એકાદ-બે-પાંચને કથાવાર્તા-મહિમાનું ગાન કરીને સભામાં કે મંદિરમાં નિયમિત આવતા કરવા.' આપણે તે આજ્ઞા પાળવી.

૪. રોજ 'વચનામૃત', 'સ્વામીની વાતો' સાથે સ્વામિનારાયણ ભગવાન, ગુણાતીતાનંદસ્વામી અને સૌ ગુણાતીત સંતોનાં જીવનચરિત્રોમાંથી એકાદ ગ્રંથનાં એક કે બે પાન સમય અનુસાર વાંચવાં.

૫. શ્રાવણ માસ કે આખો ચાતુર્માસ એકટાણાં કરવાં, વધુ બળિયા હોઈએ તો એક માસ કે પંદર દિવસનાં ધારણાંપારણાં કરવાં.

૬. સત્સંગ સંવર્ધન કેન્દ્ર દ્વારા આવતા પરિપત્ર મુજબ સભાઓ-સમૈયા-ઉત્સવો ભેળાં મળી ઊજવવાં.

૭. સંતો દ્વારા કે કેન્દ્ર દ્વારા મોકલાતી સત્સંગ ઑડિયો ક્લિપ નિયમિત સાંભળવી.

૮. રોજ ઘરમંદિરમાં કે મંદિર નજીક રહેતા હોઈએ તો સવારે કે સાંજે આરતી કરવી.

૯. નિયમિત ઘરસભા કે મંદિરસભામાં જવું.

આ ઉપરાંત વર્ષ ૨૦૨૦ના જાન્યુઆરી માસમાં નૂતન મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા છે ત્યાં સુધી દરેક હરિભક્તે ભજન, તપ, વ્રત, સેવા કે સત્સંગના વિકાસ માટે... પ્રભુ પ્રેરણા કરે તે કે આપણા ગુરુ પાસેથી કંઈક ને કંઈક વિશેષ નિયમ લઈ, તે પાળી પ્રભુભક્તિ-ગુરુભક્તિ અદા કરીએ. તે કરવાનું પ્રભુ આપણને સૌને ખૂબ જ બળ આપે-કૃપા કરે તે પ્રાર્થનાઓ છે !





## અનુપમ મિશન દ્વારા યોજિત

# શ્રી યોગી યુવા ગ્રીષ્મ શિબિર-૨૦૧૯

**સંતભગવંત** સાહેબજીની દિવ્ય પ્રેરણા અને આશીર્વાદથી અનુપમ મિશન પ્રતિવર્ષ સત્સંગી દીકરા-દીકરીઓના સર્વાંગી વિકાસ અર્થે ગ્રીષ્મ શિબિરનું આયોજન કરે છે. આ વર્ષે પણ તેનાં ભવ્ય આયોજન અનુપમ મિશનના નૂતન શૈક્ષણિક સંકુલ પ્રજ્ઞાનતીર્થ-સર્વાંગી શિક્ષણ સંસ્થાન ખાતે ૨૦થી ૨૬ મે, ૨૦૧૯ દરમિયાન થયાં.

સમાજકલ્યાણ તથા માનવ વિકાસના હેતુનો આધ્યાત્મિકતા સાથે અદ્‌ભુત સમન્વય કરતી એવી આ શિબિરનું ઉદ્‌ઘાટન સોમવાર, ૨૦ મેના રોજ થયું. સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા, પૂ. શાંતિદાદા, પૂ. રતિકાકા, પૂ. પૂનમદાદા, પૂ. હર્ષદદાદા, પૂ. દિલીપભાઈ, પૂ. ગોપાલબાપા આદિએ દીપ પ્રગટાવી શિબિર ખુલ્લી મૂકી. અનુપમ મિશનનાં વિવિધ મંડળોમાંથી ૪૦૦ જેટલાં યુવાન-યુવતી શિબિરાર્થીઓ આ શિબિરમાં જોડાયાં. સંતભગવંત સાહેબજી બ્રહ્મજ્યોતિ, મોગરીમાં નૂતન મંદિર નિર્માણ કરાવે છે. મંદિર નિર્માણના આ વર્ષે મંદિરને કેન્દ્ર સ્થાને રાખીને શિબિરના સર્વે કાર્યક્રમો યોજાયા. શિબિર ઉદ્‌ઘાટન સભામાં શિબિરાર્થી ધવલ છાયલાએ મંદિર માહાત્મ્ય, મંદિરની અનિવાર્યતા અને મંદિરના ઉદ્‌ભવનો અનુપમ ઈતિહાસ વક્તવ્ય સ્વરૂપે રજૂ કર્યો.

શિબિર ઉદ્‌ઘાટન સભામાં પૂ. દિલીપભાઈ, પૂ. ગોપાલબાપા, પૂ. હર્ષદદાદા, પૂ. પૂનમદાદા, પૂ. રતિકાકા, પૂ. શાંતિદાદા, પૂ. અશ્વિનદાદાએ રૂડા આશીર્વાદ પ્રદાન કરી સૌ શિબિરાર્થીઓને બળ તથા માર્ગદર્શન દીધાં. સંતભગવંત સાહેબજીએ ભગવાનના સર્વોપરી આશરાની વાત સમજાવતાં, 'હું ભગવાનનો અને ભગવાન મારા' તથા 'ભજન કરતાં કરતાં સર્વે ક્રિયા કરવી જેથી અંતરમાં ટાઢું રહે' તે સૂત્રો આપી આશીર્વાદ પ્રદાન કર્યા. આ શિબિરમાં ઉપસ્થિત મહેમાનો ને સત્સંગી હરિભક્તોએ પણ સંતોની દિવ્ય આશિષવર્ષાનો લાભ લીધો. સ્વાદિષ્ટ ભોજન, સુવિધાસંપન્ન પરિસર, રમત-ગમતના આનંદ અને સત્સંગના બ્રહ્માનંદની અનુભૂતિ કરાવતી આ શિબિર સૌના જીવનઘડતરમાં ઉપયોગી થઈ રહે તેવી પ્રાર્થનાઓ સાથે શુભારંભ કરાયા.

શિબિરાર્થી ભાઈઓ તેમજ બહેનોના આધ્યાત્મિક, સામાજિક, શારીરિક અને માનસિક-એમ સર્વાંગી વિકાસ સધાય તેવા અનેકવિધ કાર્યક્રમોનું આયોજન આ શિબિરમાં કરવામાં આવ્યું. ભાઈઓ અને બહેનોના વિભાગમાં અનેક સર્જનાત્મક પ્રવૃત્તિઓ યોજી સૌને અનુપમ ભાથું પીરસવામાં આવ્યું. વળી, બાળકો-બાલિકાઓ માટે પણ વિશિષ્ટ આયોજનો કરી તેઓને આનંદ સાથે સત્સંગના સંસ્કારની લ્હાણી સંતો તેમજ અક્ષરમુક્તો દ્વારા કરવામાં આવી. એનિમેટેડ વિડિયો સ્ટોરી, પ્રેરણાદાયી વિડિયોદર્શન, ચર્ચાસભા, ભગવાનની પૂજા-પ્રાર્થનાની રીત, આરતી-થાળની સમજ આદિ પ્રવૃત્તિઓ દ્વારા બાળવૃંદે પણ મૂલ્યનિષ્ઠ જ્ઞાન પ્રાપ્ત કર્યું.

મંદિરનિર્માણના આ વર્ષ નિમિત્તે પ્રાસાદિક મંદિર માહાત્મ્ય પ્રદર્શન શિબિરાર્થીઓ દ્વારા તૈયાર કરાયું, જેનું મુક્તાર્પણ પૂ. અશ્વિનદાદાના વરદ હસ્તે થયું. જેમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ, ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજ અને સંતભગવંત સાહેબજી નિર્મિત મંદિરોની અકલ્પનીય ગાથા પ્રદર્શિત કરવામાં આવી. આ પ્રદર્શનનો લાભ સૌ શિબિરાર્થીઓ, સંતો અને અનેક અક્ષરમુક્તોએ લીધો. વળી, શિબિરાર્થીઓ સુમિત, સરજૂ, ધવલ દ્વારા આ દિવ્ય પ્રેરણાદાયી પ્રદર્શનની સમજૂતી સૌને આપવામાં આવી.





અનુપમ મિશનનાં વિવિધ કેન્દ્રોમાંથી શ્રી યોગી યુવા ગ્રીષ્મ શિબિર-૨૦૧૯માં પધારેલાં શિબિરાર્થી દીકરા-દીકરીઓ

૨૧મી તારીખે સવારે નિત્ય પ્રાત: પૂજાની મંગલ શીખ બહેનો અને ભાઈઓના વિભાગમાં આપવામાં આવી. ૨૨મી તારીખે સવારે સૌ શિબિરાર્થીઓ વહેલી સવારે પગપાળા બ્રહ્મજ્યોતિ પધાર્યા અને નિર્માણાધીન નૂતન મંદિર સેવાર્થે શ્રમયજ્ઞરૂપી ભક્તિ વહાવી. આ દિવ્ય મંદિરની સેવા પામી સૌએ ધન્યતા અનુભવી. ૨૩મી તારીખે સવારે પ્રજ્ઞાનતીર્થથી બ્રહ્મજ્યોતિ સુધીની ભક્તિ-પ્રભાતફેરીનાં આયોજન થયાં. બ્રહ્મજ્યોતિ સ્થિત મંદિર અને વિવિધ પ્રાસાદિક સ્થાનોનાં દર્શન સૌ શિબિરાર્થીઓએ કર્યા. વળી, નિર્માણાધીન નૂતન મંદિરની પ્રદક્ષિણા કરી વિશેષ ભક્તિ અદા કરી.

ગુરુદેવ યોગીજી મહારાજની પુણ્યસ્મૃતિમાં ૨૩મી તારીખે સાંજે પ્રતિ માસ યોજાતી કીર્તન આરાધના પ્રજ્ઞાનતીર્થમાં ૪૦થી વધુ શિબિરાર્થીઓ દ્વારા અદ્ભુત ઢબે પ્રસ્તુત કરાઈ. આ કીર્તનસંધ્યામાં પ્રાર્થના, ગરબા અને વૅસ્ટર્ન શૈલીના માધ્યમથી મંદિરનાં માહાત્મ્ય તેમજ પ્રભુત્વને છતા કરતાં આધ્યાત્મિક સંકીર્તનોની મનભાવન રજૂઆત સૌને સ્પર્શી ગઈ. આ કાર્યક્રમનું લાઈવ વૅબકાસ્ટ કરવામાં આવ્યું, જેના માધ્યમથી સેંકડો હરિભક્તો અને સંતોએ કીર્તનોની દિવ્યતા તથા સાહેબજીના દિવ્ય સાંનિધ્યના સંસ્પર્શને માણ્યો. સંતભગવંત સાહેબજીએ સૌ શિબિરાર્થીઓની ભક્તિને બિરદાવી આશીર્વાદ પ્રદાન કર્યા.

૨૪મી તારીખે સૌ શિબિરાર્થીઓ શ્રી વડતાલધામ અને પ્રાસાદિક સ્થાનોનાં દર્શનાર્થે પધાર્યા તેમજ કરમસદમાં શ્રી સરદાર વલ્લભભાઈ પટેલના નિવાસસ્થાન અને શ્રી સરદાર પટેલ મૅમોરિયલની મુલાકાત લઈને પ્રેરણા પામ્યા. સંતભગવંત સાહેબજીએ પણ અહીં સૌને આશીર્વાદ દીધા અને સરદાર સાહેબના માહાત્મ્યનું અદ્ભુત વર્ણન કર્યું.

૨૫મી તારીખે સાંજે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમની રજૂઆત શિબિરાર્થીઓ દ્વારા કરવામાં આવી, જેમાં પણ મંદિર જ કેન્દ્રસ્થાને રહ્યું. મંદિરના માહાત્મ્યને, ગુરુસંકલ્પ અને પ્રભુભક્તિના ભાવને સંવાદ, નૃત્ય, નૃત્યનાટિકા સ્વરૂપે વિવિધ મંડળોના શિબિરાર્થીઓએ પ્રસ્તુત કરી અદ્ભુત ભક્તિ અદા કરી. આ કાર્યક્રમ દ્વારા શિબિરાર્થીઓએ સમસ્ત સમાજને નૂતન મંદિર નિર્માણકાર્યમાં તન, મન, ધન અને આત્માથી જોડાવા સંદેશો પાઠવ્યો, બચતકુંભ સેવાયજ્ઞમાં જોડાવા અપીલ કરી. સમગ્ર કાર્યક્રમમાં શિબિરાર્થીઓએ ખૂબ મહેનત કરી તો વળી, આયોજક સંતો અને સ્વયંસેવકોએ પણ ખૂબ જહેમત ઉઠાવી સઘળી વ્યવસ્થાઓ સાકાર કરી સુંદર માર્ગદર્શન આપ્યાં. અંતે મહોત્સવ કીર્તન પર જોશભરી નૃત્યભક્તિ રજૂ કરી શિબિરાર્થીઓએ સૌને ડોલાવી દીધા. સૌ પર સંતભગવંત સાહેબજીએ રાજીપારૂપી આશીર્વાદ વરસાવ્યા. આ કાર્યક્રમ પણ ઈન્ટરનેટના માધ્યમ દ્વારા લાઈવ વૅબકાસ્ટ કરવામાં આવ્યો, જેનો દેશ-પરદેશના સેંકડો હરિભક્તોએ લાભ લીધો.

શિબિર દરમિયાન નિત્ય સવારે યોજાતી મુખ્ય શિબિરસભામાં વિવિધ મંડળનાં યુવાનો અને યુવતીઓ દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણ, ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજ અને સંતભગવંત સાહેબજી નિર્મિત મંદિરોના ઈતિહાસની દિવ્ય ગાથા વક્તવ્ય સ્વરૂપે રજૂ કરાઈ. પૂ. સતીશભાઈ, પૂ. ઉત્પલભાઈ, પૂ. પરેશભાઈ, પૂ. યજ્ઞેશભાઈ, પૂ. બિમલભાઈ આદિ સંતોએ ભગવાન શ્રી સ્વામિનારાયણને સમર્પિત ભક્તો, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજને સમર્પિત ભક્તો તેમજ સંતભગવંત સાહેબજીને સમર્પિત આદર્શ ભક્તોની ભક્તિગાથા રજૂ કરી, જેમાંથી સૌ શિબિરાર્થીઓએ ભક્તિ કરવાની પ્રેરણા લીધી. તેઓની હૃદયસ્પર્શી વાતોએ સૌના અંતરમાં ઉજાસ પ્રસરાવ્યો. આ શિબિરમાં ભાઈઓ અને બહેનોને નિત્ય સંતોના સમાગમની સાથે નિત્ય પ્રાત: પૂજાની અનિવાર્યતા, પ્રભુ પ્રત્યેની અડગ નિષ્ઠા, ધૂન-ભજનની આવશ્યકતા, અઠવાડિક સત્સંગસભાના લાભ, માતા-પિતા અને વડીલોના આદર, આજ્ઞાપાલનની મહત્તા, માહાત્મ્યયુક્ત સેવાનાં સુફળ આદિ અંગેનાં માર્ગદર્શન ને આશીર્વાદ મેળવ્યાં. વળી, દરરોજ લેવાતી સત્સંગ કસોટીમાં પણ શિબિરાર્થીઓએ પોતાના સત્સંગના જ્ઞાનને તપાસ્યું ને દૃઢ કર્યું.

ભૂતપૂર્વ શિબિરાર્થીઓ કૃણાલભાઈ, અલ્કેશભાઈ આદિએ યુવાનો-યુવતીઓને સેવા-માહાત્મ્ય વર્કશૉપ દ્વારા મહિમાસભર સુનિયોજિત ને





શિબિરાર્થીઓ દ્વારા પ્રસ્તુત શ્રી યોગી સ્મૃદિન કીર્તન આરાધના તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભક્તિ અદા કરનાર સૌને સંતભગવંત સાહેબજીના આશીર્વાદ

સુવ્યવસ્થિત સેવા કરવાની સુંદર તાલીમ આપી. જાન્યુઆરી ૨૦૨૦ના મંદિર મહોત્સવ તેમજ સ્થાનિક કક્ષાએ યોજાતા વિવિધ ઉત્સવોમાં આવી સેવા અદમ્ય ગુરુભક્તિથી થાય તે હેતુથી આવા તાલીમ વર્કશોપ દરરોજ યોજાયા, જેમાં ભોજનવ્યવસ્થા, સફાઈ, સભાવ્યવસ્થા, પાર્કિંગ, ઉતારા આદિ સેવાઓનાં માર્ગદર્શન અપાયાં. અંતે શિબિરાર્થીઓએ તેનાં પ્રૅઝન્ટેશન આપી વર્કશોપમાંથી પ્રાપ્ત કરેલી સમજ ને આનંદને વર્ણવ્યો. સૌ પર સંતભગવંત સાહેબજીએ અત્યંત રાજીપો વરસાવ્યો અને સ્વયં એક સત્રમાં ભોજન પીરસવા અંગે માર્ગદર્શન આપ્યું અને અલૌકિક સ્મૃતિઓ આપી. તદુપરાંત, સમૂહ આરતી, જપયજ્ઞ, મંત્રલેખન, ગોડી–અષ્ટક અને થાળનાં ગાન, પ્રાત: સ્મરણીય ભજનો અને શયન સ્તુતિનાં ગાન દ્વારા પ્રત્યેક શિબિરાર્થીમાં સત્સંગનાં મૂળભૂત જ્ઞાન અને સંસ્કારનાં સિંચન કરવામાં આવ્યાં.

ભાઈઓના વિભાગમાં દરરોજ કૃણાલભાઈ, નીલકંઠ, હર્ષાંગ દ્વારા આનંદસભર રમતો અને પ્રવૃત્તિઓ કરાવાઈ. સત્સંગ અને જનરલ નૉલેજના જ્ઞાનને ચકાસતી ક્વિઝ, ક્રિકેટની 'શ્રી યોગી પ્રીમિયર લીગ', વિડિયોદર્શન દ્વારા નિત્ય રાત્રે સૌએ ખૂબ આનંદ કર્યો. સંતો દ્વારા કિશોરો અને બાળકોને નિત્ય સત્સંગ સ્વાધ્યાયનાં માર્ગદર્શન પૂરાં પડાયાં.

બહેનોના વિભાગમાં વડીલ બહેનો – મધુમાસી, નીલામાસી, મીરાંબહેન અને જ્યોતિબહેન દ્વારા શિબિરાર્થી દીકરીઓનાં પ્રેમપૂર્ણ જતન કરાયાં. તેઓએ ગુણાતીત સ્વરૂપોના જીવનમાહાત્મ્યને ગાયું તેમજ નિત્ય કરવાની ભક્તિ અંગે માર્ગદર્શન આપ્યાં. સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી યુવતીઓએ સમૂહ મહાપૂજા યોજી અદ્ભુત ભક્તિ અદા કરી. સેવા, સભા, વિવિધ પ્રવૃત્તિઓ તેમજ નવરાશના સમયે પણ સંપ, સુહૃદભાવ અને એકતાને પોતાના વર્તન–વ્યવહારમાં વણી લેવા સૌએ આલોચ રાખ્યો અને તે ઉપર માર્ગદર્શન પણ અપાયાં. સ્વાસ્થ્ય તંદુરસ્ત રહે તે હેતુથી નવીન ઢબે ગરબાનાં સ્ટૅપ સાથે કસરતો શીખી સૌ યુવતીઓએ આનંદ માણ્યો. ભજનોની અંતાક્ષરી, આજ્ઞાપાલન ગૅમ્સ, ટીમ બિલ્ડિંગ ગૅમ્સ દ્વારા નિત્ય રાત્રે સૌએ ખૂબ આનંદ કર્યો. સીમાબહેન અને ઊર્જાબહેનની સાથે મળી યુવાન દીકરીઓએ શિબિરની સઘળી સેવા–વ્યવસ્થા જાળવી.

શિબિર પૂર્ણાહુતિ સભામાં શિબિરાર્થીઓ દ્વારા અંતરના ભાવ પ્રગટ કરાયા. અમદાવાદના યુવાન દેવરથ, અંકલેશ્વરના યુવાન રવિ અને સંચાલક સભ્યો પૈકી કૃણાલભાઈએ અનુભવદર્શન કરાવ્યાં. બહેનો પૈકી દહેગામ મંડળનાં યુવતી હિમા, મોગરીનાં હેમાંગી અને મુંબઈનાં શૈલી પટેલે શિબિરની ફલશ્રુતિ અંગે માનનીય અનુભવદર્શન કરાવ્યાં. શિબિર સંચાલકો પૈકી સીમાબહેને ઉદ્‌બોધન કર્યું, જેમાં દીકરીઓએ આધ્યાત્મિક સમજ કેળવી વર્તન કર્યાં તે દર્શાવ્યું. આ પ્રસંગે શિબિરમાં લેવાતી દૈનિક સત્સંગ કસોટીનાં વિજેતાઓને તેમજ મંદિરોનાં નિર્માણની ગાથા રજૂ કરનાર યુવાનો–યુવતીઓને વિશેષ ભેટ અર્પી સન્માનિત કરાયાં. વળી, બંને વિભાગોમાં જુદી જુદી સેવાની જવાબદારી સંભાળનારા સેવકોને પણ સંતભગવંત સાહેબજી લિખિત આશિષવાળું શિલ્ડ સ્મૃતિભેટ સ્વરૂપે અર્પણ કરી તેઓની સેવાને બિરદાવી. પૂ. રતિકાકા, પૂ. શાંતિદાદા અને સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવી સૌને કૃતાર્થ કર્યા. સંતભગવંત સાહેબજીએ શિબિરાર્થીઓને સવિશેષ સમજ આપી કે, 'આપણા જીવનમાં પ્રથમ સ્થાન આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ, બીજું આપણા ગુરુદેવ અને ત્રીજું સ્થાન આપણાં માતા–પિતાનું હોવું જોઈએ ! આ ત્રણ રાજી તો જીવન ધન્ય !'

શિબિર દરમિયાન વિવિધ પ્રસંગોએ શિબિરાર્થીઓ દ્વારા નૂતન મંદિર નિર્માણમાં પોતાની બચતરૂપ સેવા સંતભગવંત સાહેબજીને અર્પણ કરી અદ્ભુત ભક્તિ અદા કરી. નાની વય છતાં ઊંચી સમર્પણ ભક્તિનાં દર્શન કરી સૌ શિબિરાર્થીઓને વંદી રહ્યાં. શિબિરના અંતે સૌ શિબિરાર્થીઓને શિબિરની સ્મૃતિભેટ અર્પણ કરાઈ અને સૌ કોઈ નૂતન મંદિર નિર્માણ સેવાર્થે બચતકુંભ લઈને પોતાનાં મંડળોમાં પધાર્યાં.

સાત દિવસ સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોએ સૌને પ્રેમવર્ષામાં ભીંજી અધ્યાત્મજ્ઞાનનું અનુપમ સુખ અર્પ્યું. સમગ્ર શિબિરનાં સફળ સંચાલન સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી પૂ. પરેશભાઈ, પૂ. યજ્ઞેશભાઈ, પૂ. કેયૂરભાઈ, પૂ. પિનાકીનભાઈ, પૂ. શ્રેયસભાઈ, પૂ. અનિલભાઈ, ધનંજયભાઈ તેમજ સીમાબહેન, ઊર્જાબહેન દ્વારા સાકાર કરાયાં. ગુરુસભાના યુવાનોએ તનતોડ સેવાઓ કરી સંતોનાં માર્ગદર્શને સમગ્ર શિબિરનાં આયોજનો કર્યાં. સરજૂ ટેલરે સમગ્ર શિબિરની સભાસંચાલનની સેવા સંભાળી. વિવિધ મંડળોના જવાબદાર શિબિરાર્થીઓ દ્વારા આ શિબિરમાં ખૂબ અદ્ભુત ભક્તિભાવે સેવાઓ સંપન્ન થઈ. ◆





સાહેબજી અને સંતોના સાંનિધ્યે પ્રભુભક્તિના, યુવાશક્તિના જયજયકાર !



# સત્સંગ સમાચાર

### અનુપમ મિશન-સુરત મંદિરનો ૧૨મો પાટોત્સવ

પાટોત્સવની પૂર્વ સંધ્યાએ સંતભગવંત સાહેબજીના દિવ્ય સાંનિધ્યે ૧૩ મે ૨૦૧૯ના રોજ અનુપમ મિશનના સંતો પૂ. ઉત્પલભાઈ, પૂ. અશોકભાઈ, પૂ. રાજુભાઈ, પૂ. હરેશભાઈ સાથે અમદાવાદના ભક્તો ચેતનભાઈ, કલ્પેશભાઈ અને સૂરવૃંદની ટીમ દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા નિર્મિત અદ્‌ભુત ૬ મંદિરોની સુંદર કથા કીર્તન દ્વારા પ્રસ્તુત કરી ભક્તોને ભક્તિરસમાં તરબોળ કરી દીધા.

આ પ્રસંગે આશીર્વાદ આપતાં સંતભગવંત સાહેબજીએ કહ્યું કે, “મંદિર એ આપણી સંસ્કૃતિની અસ્મિતા છે, સંસ્કારસિંચન કરતું કેન્દ્ર છે, જીવન ઘડતરનું શ્રેષ્ઠ સ્થાન છે. માનવઘડતર માટે, સમાજઘડતર માટે, સમાજશુદ્ધિ માટે, સદાચારની પ્રેરણા માટે, મનની સ્થિરતા માટે અને સુખી જીવન જીવવા માટેનું શ્રેષ્ઠ સ્થાન એટલે મંદિર !”

બીજા દિવસે-૧૪ મે ૨૦૧૯ની સવારે મંદિરમાં શ્રી ઠાકોરજીની મૂર્તિઓની પાટોત્સવ વિધિનો પ્રારંભ થયો. સંતો પૂ. અશોકભાઈ, પૂ. રાજુભાઈ, પૂ. ઉત્પલભાઈ અને પૂ. મૂકેશભાઈ દ્વારા શાસ્ત્રોક્ત રીતે પાટોત્સવ વિધિ સંપન્ન કરવામાં આવી. સંતભગવંત સાહેબજીએ અંગન્યાસ વિધિ કર્યો, તે વિધિમાં સંતો પણ જોડાયા. સુરત મંદિર તરફથી કાનજીબાપા અને ધનસુખભાઈએ સાહેબજી મહારાજનું પૂજન અને પુષ્પહાર અર્પણ કરીને આશીર્વાદ પ્રાપ્ત કર્યા. સંતભગવંત સાહેબજીએ રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા. વળી, ગુરુદેવ યોગીજી મહારાજે આપેલ મંત્રદીક્ષા દિનની પાવન તિથિ હોવાથી તે પ્રસંગોની સ્મૃતિ કરાવી ઉપાસનાના સિદ્ધાંતો દઢ કરાવ્યા.

બપોરની સભાનો પ્રારંભ યુવતીઓના સ્વાગતનૃત્ય દ્વારા થયો. અક્ષરભાઈએ સભાસંચાલન કર્યું. રાજુભાઈ ગોટીએ સૌ આમંત્રિત મહેમાનો અને સંતોનાં શબ્દોથી સ્વાગત કર્યાં. આ પ્રસંગે નૂતન મંદિરનિર્માણ અર્થે બહેનો દ્વારા ઉઘરાવાયેલ પસ્તીદાનની રકમ અર્પણ કરી ભક્તિ અદા કરી. મંદિરના સેવક કાનજીબાપાએ પ્રાસંગિક પ્રવચન દ્વારા માહાત્મ્યગાન કર્યાં.

આ પ્રસંગે પૂ. દિલીપભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી સૌની ભક્તિને બિરદાવી. સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ આશીર્વાદ વરસાવતાં ‘જે ઉત્પત્તિ તથા સ્થિતિ લય કરે’ એ શ્લોકનું વિશ્લેષણ, નિરૂપણ કર્યું અને આવા દિવ્ય સ્વરૂપ પ્રગટ અને પ્રત્યક્ષ મળ્યા છે એમની સર્વોપરી નિષ્ઠા દઢ કરાવી. એ સ્વરૂપ સાહેબદાદાએ જેમ મૂર્તિઓમાં પ્રાણ પૂર્યા છે, તેવી જ રીતે આપણા હૃદયમાં પણ પ્રાણ પૂર્યા છે’ તેમ સમજાવી માર્ગદર્શન આપ્યાં. સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ આપતાં કહયું કે, ‘સાહેબદાદાને ભગવાન અને ભક્તોનું માહાત્મ્ય છે. સાહેબદાદાએ માવતરની ફરજ બજાવી, ઘડતર કરીને સાચી શિખામણ આપી છે. મનમુખી મટી ગુરુમુખી થવા માર્ગદર્શન આપ્યું છે. આ સિદ્ધાંત જ સાધક માટે પ્રભુ પામવાની નિસરણી છે.’

સંતભગવંત સાહેબદાદાએ સૌને આશીર્વાદ આપતાં કહ્યું કે, “વીજળીના તારમાં વીજળી દેખાતી નથી પણ તેના દ્વારા લાઈટ પ્રકાશ આપે છે, પંખા હવા ફેંકે છે, ફ્રિજ ઠંડું થાય છે, એ જ રીતે મંદિરની મૂર્તિઓમાંથી દિવ્ય તરંગો દ્વારા આત્મા પ્રકાશિત થાય છે. ભગવાન પ્રાર્થના સાંભળે છે, માટે પ્રાર્થના-ભજન અવશ્ય કરવાં. આધાર ભગવાનનો લેવો તો જરૂર સહાય કરશે. જીવનની તમામ ક્રિયા ભગવાન રાજી થાય એવી કરવી, તો જીવન દુઃખરૂપ નહિ બને. સાધુતા એ ગુણ છે એ કોઈ યુનિફૉર્મ નથી, જો તમે આવા ગુણેયુક્ત બનો તો તમે પણ સાધુ જ છો. જેમ શરીરને સશક્ત રાખવા ખોરાકની જરૂર છે તેમ અંદર રહેલા પરમાત્મા રૂપ આત્માને પણ ભજન-ભક્તિ રૂપ ખોરાકની જરૂર છે. તે માટે મંદિરે જવું અને સંતના વચને સેવાભક્તિ કરવી.

આ પ્રસંગે દક્ષિણ ગુજરાતનાં તમામ મંડળોમાંથી મોટી સંખ્યામાં ભક્તો પધાર્યા અને સંતભગવંત સાહેબજી તથા સંતોનું દિવ્ય સાંનિધ્ય તથા સમાગમનો લાભ પામી ધન્યતા અનુભવી. ◆



સુરતમાં યોજિત મંદિર-માહાત્મ્ય કીર્તનસંધ્યામાં સાહેબજીનાં આશીર્દાન



સુરત મંદિરમાં પાટોત્સવ પર્વની સભામાં બહેનો દ્વારા ભાવનૃત્ય સાથે વંદના અર્પણ

## પ.પૂ. પપ્પાજી મહારાજની પુણ્યતિથિએ પ્રાર્થનાંજલિ અર્પણ

ગુણાતીત સમાજના પ્રાણપ્યારા પ.પૂ. પપ્પાજી મહારાજની ૧૪મી પુણ્યતિથિ નિમિત્તે ૨૮ મેના રોજ સંધ્યાકાળે સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી બ્રહ્મજ્યોતિથી સંતો અને અક્ષરમુક્તોએ પપ્પાજી તીર્થ પર તેઓના સમાધિ સ્થાને પધારી ધૂન-પ્રાર્થના અર્પણ કરી. સંતોએ કીર્તન-ભક્તિ અદા કરી. પ.પૂ. પપ્પાજીને પૂજન અને પુષ્પ અર્પણ દ્વારા ભાવવંદન ધરાયાં. ધારીથી પધારેલ દીકરીઓએ ભજન-પ્રાર્થના ધરી. સદ્‌ગુરુ સંતો પૂ. રતિકાકા અને પૂ. શાંતિદાદાએ પ.પૂ. પપ્પાજીના કલ્યાણકારી ઉપદેશોને વાગોળ્યા. અને રૂડા આશીર્વાદ પ્રદાન કરી પ.પૂ. પપ્પાજીની ગુણાતીત અવસ્થાનાં સુંદર દર્શન કરાવ્યાં. પ.પૂ. પપ્પાજીએ આપેલાં જીવનસૂત્રોના અનુસંધાને સૌને અધ્યાત્મમાર્ગે બળ દીધાં. ૩૧ મેના રોજ સંતભગવંત સાહેબજી અને સંતો પૂ. પપ્પાજી મહારાજ સમાધિસ્થાનના દર્શનાર્થે પધાર્યા અને પ્રાર્થનાઓ ધરી. ◆

## શ્રી યોગી જયંતી, બ્રહ્મજ્યોતિ, મોગરી

૩૧ મેની મંગલ પ્રભાતે ગુરુદેવ યોગીજી મહારાજની ૧૨૮મી પ્રાગટ્ય જયંતી નિમિત્તે બ્રહ્મજ્યોતિમાં પ્રાસાદિક આમ્રવૃક્ષ હેઠળ બિરાજમાન યોગીબાપાની મૂર્તિ સમક્ષ સંતભગવંત સાહેબજીની દિવ્ય સંનિધિમાં સૌ સંતો-ભક્તો એકત્ર થયા. યોગી જયંતીનો આનંદ સૌના હૈયે હિલ્લોળા લઈ રહ્યો હતો. આ પ્રસંગે સુંદર સુશોભન થયાં હતાં. 'યુવાનોએ યોગી તારા ગાવામાં ગુણગાન...' ભજન ગયું સને આખું વાતાવરણ યોગીમય કરી દીધું. આ પ્રસંગે ગુરુદેવ યોગીજી મહારાજના શ્રીમુખે વહેલી પારવાણીનાં શ્રવણ પ્રિ-રૅકોર્ડેડ ઑડિયો ક્લિપ દ્વારા કરાયાં.

સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ આશીર્વાદ દીધા અને સૌને યોગીબાપા તેમજ તેમના જ વારસદાર સંતભગવંત સાહેબજીના મહિમામાં ગરકાવ કર્યા. યોગીજી મહારાજની જીવન ભાવના વર્ણવતાં સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ દીધા કે, 'સંત-સમાગમથી મહિમા વધશે, સેવા થશે અને નિર્દોષભાવ વધશે. આવું જીવન જીવાય તો સાચા અર્થમાં બાપાની પ્રાગટ્યજયંતી ઉજવી કહેવાય.' અંતે મંત્રપુષ્પાંજલિ અર્પણ થઈ. પ્રદક્ષિણા કરી, પ્રસાદ લઈ સૌ યોગીબાપાની સ્મૃતિ કરતાં છૂટા પડ્યા.

સાંજે વર્ણીકુંજમાં યોગીજી મહારાજ પ્રાગટ્યદિનની સભા યોજાઈ. જેમાં સંતોએ યોગીચરિત્ર અને માહાત્મ્યનાં કીર્તનો ગાયાં. પૂજન-પુષ્પહાર અર્પણ થયાં. પૂ. પીટરભાઈએ પ્રાસંગિક માહાત્મ્યગાન કર્યાં. પૂ. શાંતિદાદાએ આશીર્વાદ દીધા અને યોગીબાપાની ગુણાતીત અવસ્થા તેમજ સંતભગવંત સાહેબજીના ગુરુભક્તિભર્યા પ્રસંગોની અદ્‌ભુત વાતો કરી. મહારાજ સાધુ સ્વરૂપે પ્રગટ રહ્યા તે સંતભગવંત સાહેબજી સ્વરૂપે આજે પણ શાશ્વત છે તેની અનુભૂતિ કરાવી. યોગીજી મહારાજના અપરંપાર માહાત્મ્યમાં ગુલતાન બની સૌ કોઈએ તેઓના શ્રીચરણે મનોમન વંદના ધરી.

સંતભગવંત સાહેબજીએ પોતાના ગુરુદેવનો અસ્ખલિત મહિમા ગાયો. યોગીબાપાએ આપણું જગત ખેરવી નાખ્યું. સદ્‌ગુરુ સંતોની ભેટ આપી. કથા-વાર્તા, ધૂન-ભજન અને સેવામાં જોડ્યા. તેઓએ જે કાર્ય કર્યું છે તે અકલ્પનીય છે. હઠ, માન, ઈર્ષા અને રાગ-દ્વેષના ભાવને ભૂલી, કેવળ સંપ, સુહૃદભાવ, એકતા તેમજ નિર્દોષબુદ્ધિથી માહાત્મ્યયુક્ત સેવામાં જોડી આપણને ગુણાનુરાગી બનાવ્યા. એ બાપાના પ્રાગટ્યપર્વે આપણે શું ઋણ અદા કરીએ ? કેવળ હૃદયથી વંદનાઓ ધરીએ અને તેઓ જેમાં રાજી છે તેવી અભિપ્રાયની ભક્તિ કરતા રહીએ. અદ્‌ભુત સત્સંગસભાનો લાભ પામી સૌ ધન્ય બન્યાં. ◆

## અનુપમ મિશનના સંતો પરદેશની ધર્મયાત્રાએ પધાર્યા

સંતભગવંત સાહેબજીની આજ્ઞા અને આશિષ ઝીલી સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા, પૂ. ગોપાલબાપા અને પૂ. વાસુભાઈ પરદેશની ધર્મયાત્રાએ ધર્મયાત્રાએ પધાર્યા. ૨૧ મેની મંગલ પ્રભાતે પ્રસ્થાન કરી ઈંગ્લૅન્ડ પધાર્યા. ૨૩મી તારીખે શ્રી યોગી સ્મૃતિદિન કીર્તનસંધ્યા બાદ સભામાં સંતોએ યોગીબાપાના જીવન-માહાત્મ્યનાં દર્શન કરાવી સૌને ગુલતાન કર્યાં. ઈંગ્લૅન્ડના ભક્તોને દર્શન, સમાગમ અને સત્સંગલાભ આપી કૃતાર્થ કર્યા. આ



પ.પૂ. પપ્પાજીની પુણ્યતિથિએ તેઓના સમાધિસ્થાને સંતો દ્વારા પ્રાર્થનાંજલિ અર્પણ



ધર્મયાત્રાએ પધારતા પૂ. અશ્વિનદાદા અને સંતોની વિદાય-મિલન સભામાં સાહેબજીનાં આશીર્દાન

સભામાં પ.પૂ. ભૂપેન્દ્રભાઈ પંડ્યા પણ પધાર્યા ને લાભ આપ્યો. પૂ. અશ્વિનદાદા અને પૂ. વાસુભાઈ ૨૪ મેના રોજ અમેરિકા પધાર્યા. ઍલનટાઉન મંદિરે ૨૫થી ૨૭ મે દરમિયાન શ્રી યોગી જયંતી શિબિરનાં સુંદર આયોજન થયાં. શિબિર ઉદ્‌ઘાટન સભામાં અમેરિકાની બાળ-યુવા પેઢીએ ગુરુદેવ યોગીજી મહારાજની બોધકથાને નાટ્યરૂપે પ્રસ્તુત કરી, 'દઢ આશરો' નામક સંવાદ રજૂ કર્યો તથા કવ્વાલી, સાંસ્કૃતિક નૃત્ય અને કીર્તનોનાં ગાન દ્વારા ગુરુદેવ યોગીજી મહારાજના જીવન માહાત્મ્યને છતું કર્યું. સમર્પિત યુવાનો-યુવતીઓ તેમજ ગૃહસ્થ ભાઈઓ-બહેનોએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી ભાવવંદન ધર્યાં. આ શિબિરમાં સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ ગુરુદેવ યોગીજી મહારાજના જીવન-માહાત્મ્યનાં અદ્‌ભુત દર્શન કરાવી સૌને અધ્યાત્મમાર્ગે માર્ગદર્શન દીધાં. 'યોગી તારા ગાવામાં ગુણગાન...' કીર્તનના આધ્યાત્મિક મર્મને સમજાવી સૌને ધન્ય કર્યાં. ◆

## યોગી વિદ્યાપીઠનાં ગૌરવ

*** શારદા મંદિર, નડિયાદ :** અનુપમ મિશન સંલગ્ન શારદામંદિર : અનિતાબહેન દેવાંગભાઈ પટેલ (ઈપ્કોવાળા) ડે સ્કૂલ, નડિયાદનું **ધોરણ-૧૦-એસ.એસ.સી.** ગુજરાત બૉર્ડમાં ૯૮.૫૮% પરિણામ આવ્યું. જેમાં ૨૦ વિદ્યાર્થીઓની PR ૯૦% ઉપર, ૪૯ વિદ્યાર્થીઓની ૮૦% ઉપર, ૪૩ વિદ્યાર્થીઓની ૭૦% ઉપર અને ૬૫ વિદ્યાર્થીઓની ૬૦% ઉપર આવી. ૧૮ વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. **ધોરણ ૧૨-સાયન્સનું** પણ સુંદર પરિણામ પ્રાપ્ત થયું. સર્વ વિદ્યાર્થીઓ પૈકી કાનલ પિનલકુમાર ચોક્સી અને રચિત ડાહ્યાભાઈ ચૌધરીએ A2 ગ્રેડ પ્રાપ્ત કરી ઉજ્જ્વળ સિદ્ધિ હાંસલ કરી છે. વળી, **ધોરણ ૧૨-કૉમર્સમાં** શાળાનું ૮૬.૨૧ % પરિણામ આવ્યું. જેમાં ૭ વિદ્યાર્થીઓની PR ૯૦% ઉપર, ૫ વિદ્યાર્થીઓની ૮૦% ઉપર, ૩ વિદ્યાર્થીઓની ૭૦% ઉપર અને ૩ વિદ્યાર્થીઓની ૬૦% ઉપર આવી. ૯૭.૪૦% PR સાથે મૈત્રી પટેલ અને ૯૭.૦૪% PR સાથે જાનવી રબારીએ A2 ગ્રેડ પ્રાપ્ત કરી ઉત્તમ પરિણામ પ્રાપ્ત કર્યાં છે.

*** જ્ઞાનયજ્ઞ વિદ્યાલય, મોગરી :** અનુપમ મિશન, યોગી વિદ્યાપીઠની વિદ્યાશાખા જ્ઞાનયજ્ઞ વિદ્યાલયની વિદ્યાર્થિની હિતૈષી ધર્મેશભાઈ મોદીએ **ધોરણ-૧૦-એસ.એસ.સી.** ગુજરાત બૉર્ડમાં વગર ટ્યૂશને ૯૯.૯૯ PR અને કુલ ૬૦૦ ગુણમાંથી ૫૮૬ ગુણ પ્રાપ્ત કરી સમગ્ર આણંદ જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. આ ઉપરાંત, આયુષ વત્સલકુમાર ભટ્ટે ૯૯.૯૮% PR સાથે જિલ્લામાં ત્રીજું અને રિયા પારેખે ૯૯.૯૬% PR સાથે જિલ્લામાં પાંચમું સ્થાન પ્રાપ્ત કર્યું છે. વળી, ૯ વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ અને ૨૦ વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. શાળાનું કુલ પરિણામ ૯૮.૨૭% આવ્યું છે. શાળાનું **ધોરણ-૧૨ સાયન્સનું** ૫૮.૩૩% તેમજ **ધોરણ-૧૨ કોમર્સનું** પરિણામ ૮૩.૩૩% આવ્યું છે. ૪ વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ પ્રાપ્ત કરી શાળાને ગૌરવ અપાવ્યું છે. દૃષ્ટિ પ્રજાપતિ ૯૯.૩૧% PR, ધ્રુવિલ શાહ ૯૯.૦૨ % PR, વ્રજ ઠાકર ૯૮.૬૫% PR ઉપરાંત અક્ષત પટેલે ૯૭.૯૧% PR મેળવી ઉજ્જ્વળ પરિણામ પ્રાપ્ત કર્યું છે.

*** અક્ષરપુરુષોત્તમ ટૅક્નિકલ ઈન્સ્ટિટ્યૂટ, મોગરીના** 'કમ્પ્યુટર ઍડેડ સિવિલ ઍન્ડ આર્કિટૅક્ચરલ ડ્રાફ્ટિંગ' પ્રમાણપત્ર અભ્યાસક્રમનું ટૅક્નિકલ પરીક્ષા બૉર્ડ, ગાંધીનગર દ્વારા લેવાયેલ અંતિમ વર્ષની પરીક્ષાનું ૧૦૦% પરિણામ જાહેર થયું છે, જેમાં સંસ્થાના તમામ વિદ્યાર્થીઓએ ફર્સ્ટ ક્લાસ-ડિસ્ટિંક્શન સાથે ઉત્તીર્ણ થઈ સંસ્થાને ગૌરવ અપાવ્યું છે. સુથાર ભાવેશ અલ્પેશકુમાર ૮૬.૮૮% સાથે સંસ્થામાં પ્રથમ, વહોરા મહમદરાહિલ ઈદરિશભાઈ ૮૫.૨૫% સાથે દ્વિતીય અને પ્રજાપતિ સંદીપકુમાર અશોકભાઈએ ૮૫.૧૩% સાથે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. સૌને અભિનંદન !

સંતભગવંત સાહેબજી અને સંતોના આશીર્વાદથી શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓના અથાક પરિશ્રમથી યોગી વિદ્યાપીઠની તમામ સંસ્થાઓમાં ઉત્તમ પરિણામ પ્રાપ્ત થયાં છે. યોગી વિદ્યાપીઠના કુલગુરુ પૂ. રતિકાકાનાં માર્ગદર્શન હેઠળ વિવિધ વિદ્યાશાખાઓની જવાબદારી સંભાળતા સંતો પૂ. સુનીલભાઈ, પૂ. સંદીપભાઈ, પૂ. દિવ્યેશભાઈ, પૂ. પીટરભાઈ આદિ સૌ પર સાહેબજીએ રૂડા આશીર્વાદ વરસાવ્યા. સૌને હાર્દિક અભિનંદન ! ◆

## શ્રદ્ધાંજલિ

*** પૂ. દિવાળીબા નકારજા :** યુ.કે. સ્થિત પૂ. દિવાળીબા ૯૧ વર્ષની ઉંમરે ૨૬ મેના રોજ અક્ષરધામ સિધાવ્યાં. અંતિમ શ્વાસ સુધી તેઓ નિષ્ઠાપૂર્ણ જીવન જીવ્યાં. પ.પૂ. બેનમાં જીવ જોડી, સમાગમ કરી સત્સંગ રાખ્યો અને પરિવારમાં પણ તે સંસ્કાર સિંચ્યા, જેને પરિણામે સમગ્ર પરિવાર સત્સંગના પાયામાં હોમાયો. દીકરાઓ પૂ. પંકજભાઈ અને પૂ. કિરણભાઈ વ્રત ધારણ કરી અનુપમ મિશનમાં



સંતભગવંત સાહેબજીના સાંનિધ્યે સાધુતાના માર્ગે જોડાયા. તેમજ દીકરીઓ પૂ. જોષબહેન અને પૂ. લતાબહેન ગુણાતીત જ્યોતમાં પ.પૂ. પપ્પાજીના ચરણે સંતત્વના માર્ગે સમર્પિત થયાં. વળી, દીકરા પૂ. હસુભાઈ અને દીકરી પૂ. અંજુબહેને ગૃહસ્થાશ્રમ સ્વીકારી એકાંતિક ધર્મ સિદ્ધ કરવાના માર્ગે ભક્તિ કરી. પરિવારનાં સૌ કોઈએ કાકાજી, પપ્પાજી, બા અને સાહેબજીના સંગે રહી શુદ્ધ ઉપાસના જીવનમાં સિદ્ધ કરી છે, અવિરત સેવા અને ભક્તિ અદા કરી છે જેમાં દિવાળીબાની પ્રેરણા, હૂંફ અને બળ સદા પ્રાપ્ત થયાં છે. આવાં સદ્‌ગતને અનંત વંદન ! ◆



સુરત મંદિરે પાટોત્સવ પૂજાવિધિ કરતા સંતભગવંત સાહેબજી અને સદ્ગુરુ સંતો



સુરત મંદિરના પાટોત્સવ પર્વની મુખ્ય સભામાં સાહેબજીનાં આશીર્દાન



અનુપમ મિશનના સક્રિય કાર્યકર્તાઓને સંતભગવંત સાહેબજીનાં માર્ગદર્શન... આશીર્દાન



ઇંગ્લૅન્ડમાં પૂ. ભૂપેન્દ્રભાઈ પંડ્યા અને પૂ. અશ્વિનદાદાના સાંનિધ્યે યોગી માહાત્મ્યવંદના



અમેરિકાના ઍલનટાઉન મંદિરે શ્રી યોગી જયંતી શિબિરના પ્રારંભે દીપપ્રાગટ્ય



શ્રી યોગી જયંતી શિબિરમાં પૂ. અશ્વિનદાદા દ્વારા માહાત્મ્યદર્શન... લાભ લેતા સંતો-ભક્તો







ઍલનટાઉન મંદિરે શ્રી યોગી જયંતી શિબિરમાં સંવાદ અને નૃત્ય દ્વારા શ્રી યોગીમાહાત્મ્યને પ્રસ્તુત કરનાર બાળ-યુવા પેઢીને સંતોનાં આશીર્દાન



ગુરુદેવ યોગીજી મહારાજના પ્રાગટ્યદિને ભાવપૂજન... હૃદયવંદન !



શ્રી યોગી જંયતીની મંગલ પ્રભાતે મંત્રપુષ્પાંજલિ દ્વારા ભક્તિવંદના અર્પણ



શ્રી યોગી જયંતીએ પ્રાસાદિક આમ્રવૃક્ષ હેઠળ સાહેબજીનાં આશીર્દાન

॥ સ્વામિશ્રીજી ॥

# નિમંત્રણ

**અનુપમ અક્ષરમુક્તો !**

આપણી ગૌરવશાળી સંસ્કૃતિના અત્યંત પરમ પાવન મહાપર્વ
**ગુરુપૂર્ણિમા**ના મંગલકારી દિવસે
શ્રી મુક્ત અક્ષર પુરુષોત્તમમહારાજની નિશ્રામાં
તેઓના પ્રગટ સાકાર સ્વરૂપ **સંતભગવંત સાહેબજીની**
પ્રત્યક્ષ દિવ્ય સંનિધિમાં તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર યોજિત
ગુરુપૂજન તથા ગુરુવંદનાના ભક્તિપર્વે
માહાત્મ્યવંદના અર્પણ કરી સંતો-અક્ષરમુક્તો સંગે બ્રહ્માનંદ
માણવા આપને સપરિવાર ભાવસભર નિમંત્રણ છે !

ગુરુમાહાત્મ્યની અનરાધાર વર્ષાનો અનુપમ આનંદ માણવાના
પાવનપર્વ ગુરુપૂર્ણિમાએ પધારો !

ગુરુપૂર્ણિમાની પૂર્વ સંધ્યાએ
**સદ્ગુરુ સંત પરમ પૂજ્ય અશ્વિનદાદા**ના
પ્રાગટ્ય મંગલે ભક્તિસભર હૃદયવંદના ધરીશું !

આપને આ દિવ્ય સુયોગ પર્વમાંગલ્યે સપરિવાર
પધારવા ભાવભર્યું નિમંત્રણ છે !

**સોમવાર, ૧૫ જુલાઈ ૨૦૧૯, રાત્રે ૮:૦૦ વાગ્યે**
**સદ્ગુરુ સંત પરમ પૂજ્ય અશ્વિનદાદા પ્રાગટ્યોત્સવ**
(સભા પૂર્વે આપણે શ્રી ઠાકોરજીના મહાપ્રસાદ સાથે લઈશું.)

---

**મંગળવાર, ૧૬ જુલાઈ ૨૦૧૯, સવારે ૯:૦૦ વાગ્યે**
**ગુરુપૂર્ણિમા ઉત્સવે સંતભગવંત સાહેબજીને ભક્તિહૃદયવંદના !**
(સભા પશ્ચાત્ આપણે શ્રી ઠાકોરજીના મહાપ્રસાદ સાથે લઈશું.)

તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, અનુપમ મિશન,
યોગીજી માર્ગ, મોગરી, આણંદ.

**Regd. News Paper / Air Mail / Book Post**

To,

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2018-20
* Date of Publication : 14th of each Month
* Date of Posting : 15th of each Month * Posted at: Vitthal Udyog Nagar Post Office
"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-6-19 * Office of Origin : Vitthal Udyognagar
Editor : Shantibhai F. Patel * Published by : Shantibhai F. Patel on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat
Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008

*
If Undelivered Please return to :
**Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345. Gujarat, India**
**Phone : (02692) 230483, 230544 Fax : (02692) 235660**
**email : amindia@anoopam.org * website: www.anoopam.org**